સ્વ૦ રુક્મણીબ્હેનના સ્મરણાર્થે

પ્રણવસાર

અને

ભજનો.



સંગ્રાહક:-

ખેડા ભજનમંડળ.

સ્વ૦ કમળાબ્હેનના સ્મરણાર્થે.

પ્રણવસાર

અને

ભજનો.

રાગ ખમાચ.

ગુણ ગાઓ જે ચાહે તે થાયે સહાય,
પ્રિતીથી સ્વબરા થઇ જાયે જગરાય. ગુણ૦
અન્ય ઉપાય કંઇ [illegible] કલિમાં,
આતો સદા સહુથી સુખેથી કરાય. ગુણ૦

સંગ્રાહક: ખેડા ભજનમંડળ.

પ્રકાશક: ભટ રેવાશંકર ભોળાશંકર.
ડ્રોઈંગ માસ્તર. ખેડા હાઇસ્કૂલ.

સવિનય આભાર

આ પુસ્તક અત્રેના એકઝીક્યુટીવ ઇન્જીનીયર રા. રા. દુર્લભજી વાઘજીભાઇ ગોધારીએ પોતાની ભગવદીય પુત્રી સ્વ. કમલાબ્હેનના સ્મરણાર્થે પ્રસિદ્ધ કરવા અને અધિકારી વર્ગમાં વિના મૂલ્યે વ્હેંચવા જે સહાય કરી છે તે માટે ખેડા ભજનમંડળ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.

—પ્રકાશક—

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

મુદ્રકઃ રતીલાલ બાલકૃષ્ણ ત્રિવેદી.
મુદ્રણસ્થાનઃ સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ.
ભટવાડી પોળ આગળ-ઉમરેઠ. (ખેડા.)



સ્વર્ગસ્થ બ્હેન કમળાના સ્મરણાર્થે.

જન્મઃ—તા. ૧-૩-૧૯૦૯ સોમવાર. મૃત્યુઃ—તા. ૧૩-૭-૧૯૨૫ રવિવાર.

અનુક્રમણિકાઃ—

સુચનાઃ—(ભૈ)=ભૈરવી.

શુદ્ધિપત્ર.

પૃષ્ટ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૫	૧૨	બ્રહ્મ	બ્રહ્મની
૧૦	૨	कर्मण:	कर्मणा
૧૮	૭	द्रीर्घ	दूीर्घ
૧૯	૭	(૩કાર)	(ૐકાર)
૨૦	૩	उपनिषद्	उपनिषत्
૨૨	૪	प्रणवव्यङ्ग्यं	प्रणवव्यङ्ग्यां
૨૯	૧૦	ખોડાય છે.	ખોશાય છે
૨૯	૧૫	જ્યારે	જો કે
૨૯	૧૬	ત્યારે	છતાં
૩૪	૫	निर्विकल्पम्	निर्विकल्पम्
૩૪	૮	पुराणना	पुराणानां
૫૭	૧	ગુરૂ	ગુરૂ ૐ
૭૧	૬	[योगावसिष्ठम]	[योग वासिष्ठम्]
૭૮	૨	धनु;	धनु:
૭૮	૩	वेधव्यं	वेधव्यं
૭૮	૫	લક્ષ્ય	લક્ષ્યબ્રહ્મ
૮૬	૧	રામ	રામ બોલો
૧૧૧	૧૪	સ્વર્ગમૃત્યુ	સ્વર્ગમૃત્યુ
૧૧૫	૨	૦	અંતરમેં ઇશ્વર દિખલાવે, ભેદ ભાવ મિટ જાવે;
૧૩૧	૧૨	સુતરકી	સુરતકી
૧૩૪	૧૧	જાય	જાયા
૧૬૫	૨	ભિસારા	બિસારા
૧૬૮	૬	શકે	શકે ન
૧૮૯	૭	સુરા પદ્માવત સુણુકા	સુડા પદ્માવત મસ્નુકા
૨૨૧	૧૪	ગ	સંગ



परमहंस श्री परमानंदजी.

Khurshid Press, Bombay-3

श्रीसद्गुरवे परमात्मने नमः ॥

॥ ॐ श्रीं ॥

वन्दे सद्गुरुम् ।

१ पद. [वन्दे मातरम्—लयः]

वन्दे सद्गुरुम् ।

रुचिरम्, नृहरिम्, त्रिभुवनमोहनम्,
भक्तवत्सलम्, नागरम् । वन्दे० ।

शशिशुभ्रम्, हसितयुताननम्,
परमहितदम्, सुमधुरशासनम् ।
कृपाकरम्, वरदपुरन्दरम्
सकलम्—अकलम्—श्रीवरम्—वन्दे० ।

આરંભનું મંગળાચરણ

૨

" ॐ सत्यं ज्ञानमनंतं यन्निष्कलं निष्क्रियं परम् ।
अद्वितीयं निर्विशेषं ब्रह्म तत्समुपास्महे "
" शंकरं शंकराचार्य केशवं बादरायणम् ।
सूत्रभाष्यकृतौ वन्दे भगवन्तौ पुनः पुनः "
" अज्ञानतिमिरांधस्य ज्ञानांजनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः "
" ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिम् ।
द्वंद्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम् ॥
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षिभूतम् ।
भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि" ॥
॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

३

यं शैवाः समुपासते **शिव** इति **ब्रह्मेति** वेदान्तिनो,
बौद्धाः **बुद्ध** इति प्रमाणपटवः **कर्तेति** नैयायिकाः ।
अर्हन्नित्यथ जैनशासनरताः **कर्मेति** मीमांसकाः,
सोऽयं नो विदधातु वांछितफलं त्रैलोक्यनाथो हरिः ॥

२

જેને શૈવજનો પુજે **શિવ** કહી, વેદાન્તમાં **બ્રહ્મ** જે,
બૌદ્ધો **બુદ્ધ** કહે, પુજે જીનજનો **અર્હંત** તેને કહે;
માને જૈમિનિસૂત્રને અનુસરી, મીમાંસકો **કર્મ**ને,
કર્તા–સત્ય, પ્રમાણુ શાસ્ત્રથિ કહે નૈયાયિકો જેહને;
(શાંડિલ્યાદિ મહર્ષિઓ કહિ ગયા, જે સૃષ્ટિથી ભિન્ન છે,
સ્વામિ–સેવક ભાવ રાખી વિભુને શ્રદ્ધા થકી જે પુજે;
એવા દેવ અચિંત્ય સત્ય સઘળે, સત્તાથકી વ્યાપ્ત જે,)
પૂરો તે મનવાંછિતાર્થ સઘળા ત્રૈલોકયના નાથ જે,

४. अथ साधनपंचकस्तोत्रम् ।

श्रीगणेशाय नमः ।

वेदो नित्यमधीयतां तदुदितं कर्म स्वनुष्ठीयताम्
तेनेशस्य विधीयतामपचितिः काम्ये मतिस्त्यज्यताम् ।
पापौघः परिधूयतां भवसुखे दोषोऽनुसंधीयताम्
आत्मेच्छा व्यवसीयतां निजगृहात्तूर्णं विनिर्गम्यताम् ॥१॥

संगः सत्सु विधीयतां भगवतो भक्तिर्दृढाधीयताम्
शान्त्यादिः परिचीयतां दृढतरं कर्माशु संन्यस्यताम् ।
सद्विद्वानुपसर्प्यतामनुदिनं तत्पादुके सेव्यताम्
ब्रह्मैकाक्षरमर्थ्यतां श्रुतिशिरोवाक्यं समाकर्ण्यताम् ॥२॥

वाक्यार्थश्च विचार्यतां श्रुतिशिरःपक्षः समाश्रीयताम्
दुस्तर्कात्सुविरम्यतां श्रुतिमतस्तर्कोऽनुसंधीयताम् ।
ब्रह्मास्मीति विभाव्यतामहरहो गर्वः परित्यज्यताम्
देहेऽहंमतिरुज्झ्यतां बुधजनैर्वादः समुत्सृज्यताम् ॥३॥

क्षुद्व्याधिश्च चिकित्स्यतां प्रतिदिनं भिक्षौषधं भुज्यताम्
स्वाद्वन्नं न तु याच्यतां विधिवशात्प्राप्तेन संतुष्यताम् ।
शीतोष्णादि विषह्यतां न तु वृथा वाक्यं समुच्चार्यताम्

૪ અથ સાધનપંચક સ્તોત્ર : -શ્રીગણેશાય નમઃ

૧. નિત્ય વેદનું અધ્યયન કરવુ, તેમા કહેલા કર્મનું સારી રીતે અનુષ્ઠાન કરવું, તે કર્મ વડે ઇશ્વરની પૂજા કરવી. કામ્ય કર્મમા રહેલી પ્રીતિ મૂકી દેવી, પાપના સમૂહને સારી રીતે ધોઇ નાખવો, સંસારના સુખમા દોષનું અનુસંધાન કરવું. આત્માને જાણવાની દૃઢ ઇચ્છા કરવી, ને (પછી) પોતાના ઘરમાથી શીઘ્ર નીકળી જવું. (વિવિદિષા સન્યાસ ધારણ કરવો.)

૨. (પછી) સત્પુરૂષોનો સમાગમ કરવો, પરમાત્માની દૃઢ ભક્તિ કરવી, શાતિ આદિ (શુભ ગુણો) નો સારી રીતે સંગ્રહ કરવો, વધારે દૃઢતાથી કર્મનો શીઘ્ર સારી રીતે ત્યાગ કરવો, સારા વિદ્વાન (શ્રોત્રિય-બ્રહ્મનિષ્ઠ) પુરૂષનું શરણ ગ્રહણ કરવું, પ્રતિ દિવસ તેમની પાદુકાનું સેવન કરવું, (તેમની પાસે) એક અવિનાશી બ્રહ્મ (ના ઉપદેશની) (એકાક્ષરી પ્રણવ બ્રહ્મની) પ્રાર્થના કરવી. (ને તેમની પાસેથી) ઉપનિષદોના વાક્યોનું સાવધાનતાપૂર્વક શ્રવણ કરવું

૩. (પછી તે) વાક્યના અર્થનો વિચાર કરવો, વેદાતના પક્ષનો સારી રીતે આશ્રય કરવો, કુતર્કથી સારી રીતે વિરામ પામવું, શ્રુતિને અનુકુળ એવા તર્કનું (વારંવાર) અનુસંધાન પામવું, “ હુ બ્રહ્મજ છું ” એવી (દૃઢ) ભાવના નિત્યપ્રતિ કરવી, મિથ્યાભિમાનનો પરિત્યાગ કરવો, શરીરમા રહેલી હુંપણાની બુદ્ધિને તજી દેવી, ને જ્ઞાની પુરૂષોની સાથેના વાદનો પરિત્યાગ કરવો.

૪. ભૂખરૂપ રોગની ચિકિત્સા કરવી (ઉપાય કરવો),-પ્રતિ દિવસ ભિક્ષાન્નરૂપ ઓષડ ખાવું, પરન્તુ સ્વાદવાળા અન્નની માગણી ન કરવી-પ્રારબ્ધથી પ્રાપ્ત થએલાવડે સંતોષ રાખવો, ટાઢ તડકા આદિને

औदासीन्यमभीप्स्यतां जनकृपानैष्ठुर्यमुत्सृज्यताम् ॥४॥
एकान्ते सुखमास्यतां परतरे चेतः समाधीयताम्
पूर्णात्मा सुसमीक्ष्यतां जगदिदं तद्बाधितं दृश्यताम् ।
प्राक्कर्म प्रविलाप्यतां चितिबलान्नाप्युत्तरैः श्लिष्यताम्
प्रारब्धं त्विह भुज्यतामथ परब्रह्मात्मना स्थीयताम् ॥५॥

इति श्रीमच्छंकराचार्यविरचितं साधनपंचकस्तोत्रं संपूर्णम् ।

५ ॥ विचारस्वरूपमाह ॥

कोऽहं कथमिदं जातं को वै कर्ताऽस्य विद्यते ।
उपादानं किमस्तीह विचारः सोऽयमीदृशः ॥१॥

नाहं भूतगणो देहो नाहं चाक्षगणस्तथा ।
एतद्विलक्षणः कश्चिद्विचारः सोऽयमीदृशः ॥२॥

अज्ञानात्प्रभवं सर्वं ज्ञानेन प्रविलीयते ।
संकल्पो विविधः कर्ता विचारः सोऽयमीदृशः ॥३॥

एतयोर्यदुपादानमेकं सूक्ष्मं सदव्ययम्
यथैव मृद्घटादीनां विचारः सोऽयमीदृशः ॥४॥

સારી રીતે સહન કરવાં, તથા પ્રયોજન વિનાનું વચન ન બોલવું, ઉદાસીનપણાને,સર્વ ભણીથી ઇચ્છવું, (ને) મનુષ્યો ઉપર કૃપા કરવાનું તથા નિર્દયતા કરવાનું મૂકી દેવું.

૫. એકાંતમા સુખપૂર્વક બેસવું, માયાથી પરમાં (બ્રહ્મમાં) ચિત્તને સારી રીતે એકાગ્ર કરવું, પૂર્ણાત્માનો સારી રીતે સાક્ષાત્કાર કરવો, તે (પૂર્ણાત્મા) વડે આ જગતને બાધ પામેલું જોવું, (કલ્પિત જોવું,) ચૈતન્યના સામર્થ્યથી સંચિત કર્મોનો સારી રીતે લય કરવો, ઉત્તરોની (ક્રિયમાણકર્મોની) સાથે પણ ન જોડાવું, (અભિમાન ન કરવો), અહિં પ્રારબ્ધ તો ભોગવવું ને પછી (પ્રારબ્ધ કર્મની સમાપ્તિ પછી વિદેહમુક્તિકાલમા) પરબ્રહ્મરૂપે સ્થિતિ કરવી.*

(ઇતિ શ્રીમત્ શંકરાચાર્યે રચેલ સાધનપંચકસ્તોત્ર સમાપ્ત.)

૫ વિચારનું સ્વરૂપ કહે છે.*

૧ હું કોણ છું, આ (દશ્ય જગત) કેવી રીતે ઉત્પન્ન થયું, આનો કર્તા કોણ છે, આ દશ્ય જગતનું ઉપાદાન કારણ શું (તે શેમાંથી બનેલું છે) ? આ આવા પ્રકારનો વિચાર તે (વિચાર).

૨ હું (પંચ) ભૂતના સમૂહરૂપ દેહ નથી, તેમ હું ઇન્દ્રિયોનો

*ભાવાર્થ-અહિં પરબ્રહ્મ રૂપે સ્થિતિ કરવી જોઇએ, એવું વિધાન નથી, પણ તેમની પરબ્રહ્મરૂપે સ્થિતિ થાય છે એમ વસ્તુ-સ્થિતિનું માત્ર નિરૂપણજ છે.

*પ્રથમ શ્લોકના જવાબરૂપે દરેક પ્રશ્નના અનુક્રમે શ્લોક ૨, ૩, ને ૪ છે. છેલો (પાંચમો) શ્લોક વિચાર પ્રકરણના ઉપસંહારરૂપ છે.

अहमेकोऽपि सूक्ष्मश्च ज्ञाता साक्षी सदव्ययः ।
तदहं नात्र संदेहो विचारः सोयमीदृशः ॥५॥

इति अपरोक्षानुभूतिः श्लोक १२–१६

६ ॥ वैराग्यविचाराः ॥

आदरेण यथा स्तौति धनवन्तं धनेच्छया ।
तथा चेद् विश्वकर्तारं को न मुच्येत बन्धनात् ॥१॥

यथा सुनिपुणः सम्यक् परदोषेक्षणेरतः ।
तथा चेन्निपुणः स्वेषु को न मुच्येत बन्धनात् ॥२॥

धर्माख्याने स्मशाने च रोगिणां या मतिर्भवेत् ।
सा सर्वदैव तिष्ठेच्चेत् को न मुच्येत वन्धनात् ॥३॥

भोजनान्ते स्मशानान्ते मैथुनान्ते च या मतिः
सा मतिश्चेत् सदैव स्यात् को न मुच्येत बन्धनात् ॥४॥

समासक्तं यथा चित्तं जन्तोर्विषयगोचरे ।
यद्येवं ब्रह्मणि स्यात्तत् को न मुच्येत बन्धनात् ॥५॥

સમૂહ નથી: એથી વિલક્ષણ કોઇક છું.–આ આવા પ્રકારનો વિચાર તે (વિચાર).

૩ બધું (દૃશ્ય જગત) અજ્ઞાનથી ઉત્પન્ન થએલું છે, અને જ્ઞાનવડે તેનો અત્યંત લય થાય છે. વિવિધ પ્રકારનો સંકલ્પ તેનો કર્તા છે.–આ આવા પ્રકારનો વિચાર તે (વિચાર).

૪ જેમ માટી, ઘટ આદિનું કારણ છે, તેમ આ બન્નેનું (પંચભૂત તથા ઇન્દ્રિયોનું: અથવા અજ્ઞાન તથા વિચાર જ્ઞાનનું) જે મૂળ કારણ છે, તે એક, સૂક્ષ્મ, સત્ અને અવિનાશી છે.–આ આવા પ્રકારનો વિચાર તે (વિચાર).

૫ હું એક, અને વળી સૂક્ષ્મ, જ્ઞાતા, સાક્ષી, સત્ અને અવિનાશી છું. તેથી હું (બ્રહ્મ) છું તેમાં સંદેહ નથી.–આ આવા પ્રકારનો વિચાર તે (વિચાર).

ઇતિ અપરોક્ષાનુભૂતિ શ્લોક ૧૨ થી ૧૬.

૬ વૈરાગ્ય વિચાર

૧ ધનની ઇચ્છાથી ધનવાનની આદર સહિત જેમ સ્તુતિ કરે છે, તેમ જો વિશ્વકર્તાની સ્તુતિ કરે તો, બંધનમાંથી કોણ મુક્ત ન થાય ?

૨ જેમ પારકા દોષ જોવામા ઘણી હોંશિયારીથી સારી રીતે લાગેલો રહે છે, તેમ જો પોતાના દોષો જોવામાં નિપુણ રહે તો, બંધનમાંથી કોણ મુક્ત ન થાય ?

૩ ધર્માખ્યાન અને સ્મશાનમાં, તેમજ રોગીઓની, જે વૃત્તિ હોય છે, તેવી વૃત્તિ જો સર્વદા રહ્યા કરે તો, બંધનમાંથી કોણ મુક્ત ન થાય ?

७ ॥ भो मुमुक्षवः सावधाना भवत ॥

आशायां बध्यते लोकः कर्मणा परिबद्ध्यते ।
आयुः क्षीणं न जानाति तस्माज्जागृहि जागृहि ॥१॥
कामक्रोधौ लोभमोहौ देहे तिष्ठंति तस्कराः ।
हरंति ज्ञानरत्नानि तस्माज्जागृहि जागृहि ॥२॥
ऐश्वर्य स्वप्नसंकाशं यौवनं कुसुमोपमम् ।
क्षणं चंचलमायुष्यं तस्माज्जागृहि जागृहि ॥३॥
माता नास्ति पिता नास्ति नास्ति बंधुः सहोदरः
अर्थो नास्ति गृहं नास्ति तस्माज्जागृहि जागृहि ॥४॥
जन्मदुःखं जरादुःखं नित्यदुःखं पुनः पुनः ।
संसारसागरे दुःखं तस्माज्जागृहि जागृहि ॥५॥

૪ ભોજનના, સ્મશાનના અને મૈથુનના અંતમાં જેવી મનોવૃત્તિ હોય છે, તેવી વૃત્તિ જો હમેશાં હોય તો, બંધનમાંથી કોણ મુક્ત ન થાય?

૫ વિષયમાં પ્રાણીનું મન જેવું સારી રીતે આસક્ત હોય છે, તેવું જો બ્રહ્મમા હોય તો, બંધનમાંથી કોણ મુક્ત ન થાય?

૭ હે મુમુક્ષુઓ! સાવધાન થાઓ.

૧ લોકો, આશાની અંદર બંધાય છે, કર્મથી ચારે પાસ બંધાય છે, આયુષ ક્ષીણ થતું જાણતા નથી. માટે જાગો, જાગો.

૨ દેહમાં કામ, ક્રોધ, લોભ અને મોહ રૂપી તસ્કરો વસે છે, અને જ્ઞાનરૂપી રત્નોનું હરણ કરે છે. માટે જાગો, જાગો.

૩ ઐશ્વર્ય સ્વપ્ન જેવું છે, જુવાની ફુલ જેવી (જલદી કરમાઇ જાય તેવી) છે, આયુષ્ય ક્ષણભર અને ચંચળ છે. માટે જાગો, જાગો.

૪ (વાસ્તવિક રીતે કોઇ) માતા નથી, પિતા નથી, બંધુ (કે) સહોદર નથી, અર્થ નથી, (અને) ગૃહ નથી. માટે જાગો, જાગો.

૫ જન્મનું દુઃખ, જરાનું દુઃખ, વારંવાર હમેશાં દુઃખ, (એમ) સંસાર સાગરની અંદર દુઃખ (જ) છે. માટે જાગો, જાગો.

८ ॥ अज्ञानस्वरूपमाह ॥

आत्मा विनिष्कलो ह्येको देहो बहुभिरावृतः ।
तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परम् ॥१॥
आत्मा नियामकश्चान्तर्देहो बाह्यो नियम्यकः ।
तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परम् ॥२॥
आत्मा ज्ञानमयः पुण्यो देहो मांसमयोऽशुचिः ।
तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परम् ॥३॥
आत्मा प्रकाशकः स्वच्छो देहस्तामस उच्यते ।
तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परम् ॥४॥
आत्मा नित्यो हि सद्रूपो देहोऽनित्यो ह्यसन्मयः ।
तयोरैक्यं प्रपश्यन्ति किमज्ञानमतः परम् ॥५॥

इति अपरोक्षानुभूतिः श्लोक १७–२१

९ ॥ ज्ञानस्वरूपमाह ॥

ब्रह्मैवाहं समः शान्तः सच्चिदानंदलक्षणः ।
नाहं देहो ह्यसद्रूपो ज्ञानमित्युच्यते बुधैः ॥१॥

૮ અજ્ઞાનનું સ્વરૂપ કહે છે

૧ આત્મા અંશ રહિત (નિરવયવ) અને એક છે, (જ્યારે) દેહ બહુ બહુ અંશોથી આવૃત છે. (છતાં) તે બન્નેનું એકપણું જુએ છે ! (તે બન્ને એક છે એમ જુવે છે!) આથી વધારે અજ્ઞાન શું હોય ?

૨ આત્મા નિયામક અને આંતર છે, (જ્યારે) દેહ નિયમમાં રહેનાર અને બાહ્ય છે. (છતાં) તે બન્નેનું એકપણું જુવે છે! આથી વધારે અજ્ઞાન શું હોઇ શકે ?

૩ આત્મા જ્ઞાન-મય, પવિત્ર છે, (જ્યારે) દેહ માંસમય, અપવિત્ર છે. (છતા) તે બન્નેનું એકપણું જુવે છે: આથી વધારે અજ્ઞાન શું હોઇ શકે ?

૪ આત્મા પ્રકાશક, સ્વચ્છ છે, (જ્યારે) દેહ જડ છે. (છતાં) તે બન્નેનું એકપણું જુવે છે ! આથી વધારે અજ્ઞાન શું હોઇ શકે ?

૫ આત્મા નિત્ય તેમજ સદ્રૂપ (બાધ નહિ પામનાર) છે, (જ્યારે) દેહ અનિત્ય અને અસદ્રૂપ છે. (છતાં) તે બન્નેનું એકપણું જુવે છે ! આથી વધારે અજ્ઞાન શું હોઇ શકે ?

ઇતિ અપરોક્ષાનુભૂતિ શ્લોક ૧૭ થી ૨૧.

૯ જ્ઞાનનું સ્વરૂપ કહે છે.

૧ હું સમ, શાંત, સચ્ચિદાનંદ સ્વરૂપવાળું બ્રહ્મજ છું. હું મિથ્યા રૂપવાળો દેહ નથી-આ (વૃત્તિ) ને જ્ઞાની પુરૂષો જ્ઞાન કહે છે.

निर्विकारो निराकारो निरवद्योऽहमव्ययः ।
नाहं देहो ह्यसद्रूपो ज्ञानमित्युच्यते बुधैः ॥२॥
निरामयो निराभासो निर्विकल्पोऽहमाततः ॥
नाहं देहो ह्यसद्रूपो ज्ञानमित्युच्यते बुधैः ॥३॥
निर्गुणो निष्क्रियो नित्यो नित्यमुक्तोऽहमच्युतः ॥
नाहं देहो ह्यसद्रूपो ज्ञानमित्युच्यते बुधैः ॥४॥
निर्मलो निश्चलोऽनन्तः शुद्धोऽहमजरोऽमरः ।
नाहं देहो ह्यसद्रूपो ज्ञानमित्युच्यते बुधैः ॥५॥

इति अपरोक्षानुभूतिः श्लोक २४–२८

॥ १० प्रणवोपासना ॥

ॐकारः सर्ववेदानां सारस्तत्वप्रकाशकः ।
तेन चित्तसमाधानं मुमुक्षूणां प्रकाश्यते ॥२॥

"इति सुरेश्वराचार्यः पंचीकरणवार्तिके"

ॐकारनिर्णय आत्मतत्त्वप्रतिपत्त्युपायत्वं प्रतिपद्यते ।

इति मांडूक्यकारिका शांकरभाष्यम् ।

૨ હું નિર્વિકાર, નિરાકાર, દોષ રહિત અને અવિનાશી છું. હું અસત્ (મિથ્યા) રૂપવાળો દેહ નથી-આ (વૃત્તિ) ને જ્ઞાની પુરૂષો જ્ઞાન કહે છે.

૩ હું વ્યાધિ રહિત, આભાસ રહિત, વિકલ્પ રહિત અને વ્યાપક છું. હું મિથ્યા રૂપવાળો દેહ નથી-આ (વૃત્તિ) ને જ્ઞાની પુરૂષો જ્ઞાન કહે છે.

૪ હું નિર્ગુણ, નિષ્ક્રિય, નિત્ય, નિત્યમુક્ત અને અચ્યુત (નાશ પામતો નથી એવો) છું. હું મિથ્યા રૂપવાળો દેહ નથી-આ (વૃત્તિ) ને જ્ઞાની પુરૂષો જ્ઞાન કહે છે.

૫ હું નિર્મળ, નિશ્ચલ, અનંત, શુદ્ધ, અજર અને અમર છું. હું મિથ્યા રૂપવાળો દેહ નથી-આ (વૃત્તિ) ને જ્ઞાની પુરૂષો જ્ઞાન કહે છે.

ઇતિ અપરોક્ષાનુભૂતિ શ્લોક ૨૪ થી ૨૮.

૧૦ પ્રણવની ઉપાસના:-

ૐકાર સર્વ વેદનો સાર અને તત્ત્વનો પ્રકાશક છે. તે વડે મુમુક્ષુઓનાં ચિત્તનું સમાધાન થાય છે – તે સ્ફુટ કરવામાં આવે છે.

[ઇતિ પંચીકરણ વાર્તિકમાં સુરેશ્વરાચાર્ય.]

ૐકારનો નિર્ણય, આત્મતત્ત્વની પ્રાપ્તિના ઉપાય રૂપ છે.

[ઇતિ માંડૂક્ય કારિકા-શાંકરભાષ્ય.]

" समाहितेनोंकारोच्चारणे यच्चैतन्यं स्फुरति तदोंकार-
सामीप्यादेव शाखाचन्द्रन्यायेनोंकारशब्देन लक्ष्यते
तेन लक्षणयोंकारनिर्णयो ब्रह्मधीहेतुः " ॥

इति मांडूक्यकारिका-शांकरभाष्य-आनन्दगिरिटीका ।

ॐ-ओमित्येतत्-ओमित्यक्षरस्य ब्रह्मवाचकत्वाद्
ब्रह्मप्रतीकत्वाच्चौमित्याकारकमेव तत्पदमित्यर्थः ।

यस्य शब्दस्योच्चारणे यद्वस्तु स्फुरति तत्तस्य वाच्यमिति प्रसिद्धम् ।
समाहितचित्तस्यो (अर्थात् अविक्षिप्त चित्तस्यो) ङ्कारोच्चारणे यत् साक्षिचैतन्यं स्फुरति तदोङ्कारमवलम्ब्य तद्वाच्यं ' ब्रह्माहमस्मीति ' ध्यायेत ॥

[अहंग्रहोपासनाथवा ध्यानम्]

तत्राप्यसमर्थ ॐ शब्दे एव ब्रह्मदृष्टिं कुर्यात् ॥

॥ प्रतीकोपासना ॥

इति उपनिषद् अमरदासटीका ।

" ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥
अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्ययोगिनः " ॥

इति. गीता. अ. ८ श्लोक १३-१४

શાંત મનથી, ૐકારના ઉચ્ચાર વખતે, જે ચૈતન્યનું સ્ફુરણ થાય છે, તે (ચૈતન્ય) શાખાચંદ્ર ન્યાય મુજબ, ૐકારની સમીપ હોવાથી, ૐકાર શબ્દ વડે લક્ષ્ય થાય છે. તે માટે ૐકારનો નિર્ણય લક્ષણાવૃત્તિ વડે, બ્રહ્માકારવૃત્તિ પ્રાપ્ત કરવાનું સાધન છે.

[ઇતિ માંડૂક્યકારિકા–શાંકરભાષ્ય–આનંદગિરિ ટીકા.]

ૐ–ૐ એ, તે (પદ) છે–ૐ એ અક્ષર, બ્રહ્મનો વાચક હોવાથી, તેમ જ બ્રહ્મની પ્રતીક હોવાથી, તે પદ "ૐ" આકૃત્તિ-વાળું જ છે, એવો અર્થ થાય છે. જે શબ્દનો ઉચ્ચાર કરવાથી જે વસ્તુનું સ્ફુરણ થાય છે, તે વસ્તુ, તે શબ્દની વાચ્ય છે, એ પ્રસિદ્ધ છે. શાંત એટલે વિક્ષેપ રહિત ચિત્તવાળાને ૐકારના ઉચ્ચાર વખતે જે શાક્ષી ચૈતન્યનું સ્ફુરણ થાય છે, તે ૐકારનું અવલંબન કરીને, તેનું વાચ્ય "હું બ્રહ્મ છું" એમ ધ્યાન કરવું-(અહંગ્રહ ઉપાસના કે ધ્યાન). તેમા પણ અસમર્થ અધિકારીએ, ૐ શબ્દમાં જ બ્રહ્મદષ્ટિ કરવી-(પ્રતીક ઉપાસના.)

(ઇતિ ઉપનિષદ્–અમરદાસ ટીકા.)

"ૐ" એજ એકાક્ષરી બ્રહ્મનો જાપ કરતો અને મ્હારૂં સ્મરણ (ધ્યાન) કરતો કરતો, જે દેહ ત્યજી પ્રયાણ કરે છે, તે પરમ ગતિને પામે છે.

હે પાર્થ! અનન્ય ચિત્તવાળો થઇ, જે સતત (સદા સર્વદા) તેમજ હર હમેશા મ્હારૂં સ્મરણ કરે છે, તેવા નિત્ય યુક્ત યોગીને હું સુલભ છું.

[ઇતિ ભગવદ્ગીતા અ. ૮ શ્લોક ૧૩–૧૪.]

१० ॥ प्रणवध्यानम् ॥

" ॐ इत्यात्मानं युंजीत "

ओमित्येवं [प्रणवालंबनेन] ध्यायथ आत्मनम् ।
एतत् (प्रणवाख्यं–ॐ) आलम्बनंश्रेष्ठम् ॥

॥ श्रुतिः ॥

बुद्धतत्वेन धीदोषशून्येनैकान्तवासिना ।
दीर्घं प्रणवमुच्चार्य मनोराज्यं विजीयते ॥
जिते तस्मिन्वृत्तिशून्यं मनस्तिष्ठति मूकवत् ।
इति पंचदशी द्वैतविवेकप्रकरणम् श्लोक ६२-६३
दीर्घमोंकारमुच्चार्य नादान्ते निर्विकल्पकम् ।
चित्तं कृत्वा यथाशक्ति स्वात्मतत्त्वे स्थिरो भवेत् ॥
मंत्रार्थे प्रणवं दीर्घमुक्त्वा चित्तं विलापयेत् ।
अमूर्तमद्वयं ब्रह्मानुभवन् वर्तते तदा ॥

। इति अनुभूतिप्रकाशः ।

नष्टे पूर्वविकल्पे तु यावदन्यस्य नोदयः ।
निर्विकल्पकचैतन्यं स्पष्टं तावद्विभासते ॥
एकद्वित्रिक्षणेष्वेवं विकल्पस्य निरोधनम् ।
क्रमेणाभ्यस्यतां यत्नाद्ब्रह्मानुभवकांक्षिभिः ॥
॥ इति लघुवाक्यवृत्तिः ॥ श्लो. ११–१२

૧૦ પ્રણવનું ધ્યાનઃ-

" ૐ-એમ કરી, મનને (બ્રહ્મમાં) લગાવવું. "

" ૐ-એ પ્રમાણે (પ્રણવનું અવલંબન કરી) આત્માનું ધ્યાન કરો."

" (પ્રણવ નામનું ૐ) એ અવલંબન શ્રેષ્ઠ છે. "

॥ શ્રુતિ ॥

તત્વને જાણનાર, બુદ્ધિ દોષ રહિત અને એકાંતમાં રહેનાર (અધિકારી) લાંબા સ્વરે પ્રણવ (ૐકાર) નો ઉચ્ચાર કરી મનોરાજ્ય જીતી શકે છે. તેને (મનોરાજ્યને) જીતાતાં વૃત્તિ (સ્ફુરણ) રહિત થએલું મન મુંગા જેવું (અવાક્-વાણી વ્યાપાર વિનાનું) થઇ રહે છે.

(ઇતિ પંચદશી દ્વૈતવિવેક પ્રકરણ શ્લોક ૬૨-૬૩.)

ૐકારનો દીર્ઘ ઉચ્ચાર કરી, નાદને અંતે વિકલ્પ રહિત ચિત્ત કરી, શક્તિ પ્રમાણે, આત્મતત્વમાં સ્થિર થવું. જ્યારે દીર્ઘ પ્રણવ બોલીને (ૐ) મંત્રના અર્થમાં ચિત્તનો લય કરે, ત્યારે (અધિકારી) નિરાકાર, અદ્વય બ્રહ્મનો અનુભવ કરતો થાય છે.

(ઇતિ અનુભૂતિ પ્રકાશ)

પૂર્વ વિકલ્પનો નાશ થયા પછી બીજા વિકલ્પનો ઉદય ન થાય ત્યાંસુધીમાં વિકલ્પ રહિત ચૈતન્ય સ્પષ્ટ ભાસે છે. બ્રહ્માનુભવની ઇચ્છાવાળાએ ધીમે ધીમે અને યત્નથી આ પ્રમાણે એક, બે, ત્રણ ક્ષણ પર્યંત વિકલ્પના નિરોધનો અભ્યાસ કરવો.

(ઇતિ લઘુવાક્યવૃત્તિ)

आत्मानमरणिं कृत्वा प्रणवं चौत्तरारणिम् ।
ध्यान (ज्ञान) निर्मथनाभ्यासात्पाशं दहति पण्डितः ॥
॥ इति कैवल्योपनिषद्मंत्र १३ ॥

११ ॥ ॐकारजपस्तध्यानंच ॥

तस्य वाचकः प्रणवः ॥
तज्जपस्तदर्थभावनम् ॥
ततः प्रत्यक्चेतनाधिगमोऽप्यन्तरायाभावश्च ॥
इति. पा. योगसूत्र समाधिपाद.
सूत्र–२७–२८–२९

पद्मासनं समारुह्य समकायशिरोधरः ।
नासाग्रदृष्टिरेकान्ते जपेदोंकारमव्ययम् ॥
इति गोरक्षपद्धति श० १ श्लो० ८३

शुचिर्वाप्यशुचिर्वापि यो जपेत्प्रणवं सदा
न स लिप्यति पापेन पद्मपत्रमिवाम्भसा ।
इतियोगचूडामण्युपनिषदि.

सर्वेषां जपसूक्तानामृचां च यजुषां तथा ।
साम्नां चैकाक्षरादीनां गायत्री परमो जपः ॥

મનને (નીચેની) અરણી બનાવી, અને પ્રણવને ઉપરની અરણી બનાવી, ધ્યાન (જ્ઞાન) રૂપી મંથનના અભ્યાસવડે, વિદ્વાન બંધનને બાળી દે છે.

(ઇતિ કૈવલ્યોપનિષદ્ મંત્ર ૧૩)

૧૧ ૐકારનો જપ તથા ધ્યાન

તેનો (ઇશ્વરનો) વાચક પ્રણવ છે. તે (પ્રણવ) નો જપ કરવો અને તેના અર્થની ભાવના કરવી. તેથી સાક્ષી ચૈતન્યનો સાક્ષાત્કાર અને વિઘ્નનો અભાવ થાય છે.

(ઇતિ પાતંજલ યોગસૂત્ર સમાધિપાદ સુત્ર ૨૭-૨૮-૨૯)

પદ્માસન વાળીને, શરીર તથા મસ્તક સીધાં રાખી, નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ રાખી, એકાન્તમાં અવિનાશી ૐકારનો જપ કરવો.

(ઇતિ ગોરક્ષપદ્ધતિ. શતક ૧ શ્લોક. ૮૩)

પવિત્ર હોય કે અપવિત્ર હોય, તોપણ જે હંમેશાં પ્રણવનો જપ કરે છે, તે મનુષ્ય, જેમ કમળનું પત્ર જળથી લેપાતું નથી, તેમ, પાપથી લેપાતો નથી.

[ઇતિ યોગચૂડામણિ ઉપનિષદ્‌માં]

બધાં જપ સૂકતો, ઋગ્વેદનાં સૂકતો, યજુર્વેદનાં સૂકતો તથા એકાક્ષરાદિ સામ સૂકતોમાં ગાયત્રી મહાન જપ છે. અ ને તે(ગાયત્રી

तस्य चैव तु ॐकारो *ब्राह्मणाय उपासते ।

इति पाराशरस्मृतिः

तैलधारामिवाच्छिन्नं दीर्घघण्टानिनादवत् ।
अवाच्यं प्रणवव्यङ्ग्यं यस्तं वेद स वेदवित् ॥
अमात्रं शब्दरहितं स्वरव्यंजनवर्जितम् ।
बिन्दुनादकलातीतं यस्तं वेद स वेदवित् ॥

इति ध्यानबिन्दूपनिषदि तथा उत्तरगीतायाम्

"ॐकारध्वनिनादेन वायोः संहरणान्तिकम् ।
निरालम्बं समुद्दिश्य यत्र नादो लयंगतः ।
तद्विष्णोः परमं पदम् ॥"

इति उत्तरगीतायाम् ॥

प्रणवो धनुः शरोह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते ।
अप्रमत्तेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत् ॥

इति मुण्डकोपनिषदि.

ब्रह्मैवास्मीति सद्वृत्त्या निरालम्बतयास्थितिः ।
ध्यानशब्देन विख्याता परमानन्ददायिनी ॥

इति अपरोक्षानुभूतिः श्लो० १२३ ॥

* ब्रह्मभवितुमिच्छुः—मुमुक्षुः इति ब्राह्मणः ।

જપ) માં પણ ઉપાસક *બ્રાહ્મણને માટે તો ૐકારજ (શ્રેષ્ઠ) છે.

[ઇતિ પારાશર સ્મૃતિ.]

તેલની ધારા માફક અવિચ્છિન્ન, ઘંટાના દીર્ઘ રણકારના જેવું, અવાચ્ય અને પ્રણવથી પ્રતીત થતું (એવું તત્વ) જે જાણે છે, તે વેદ જાણનારો છે.

માત્રા વગરનું; શબ્દ વગરનું; સ્વર તેમજ વ્યંજન વગરનું; બિંદુ. નાદ, અને કલાથી પર; (એવું તત્વ) જે જાણે છે તે વેદ જાણનારો છે.

(ઇતિ ધ્યાનબિન્દૂપનિષદ્ અને ઉત્તર ગીતામા.)

ૐકાર શબ્દના ઉચ્ચાર વડે નિશ્વાસની લગભગ સમાપ્તિ થતામાં, અવલંબન વિનાની સ્થીતિને લક્ષ્ય કરીને જ્યાં નાદ લય પામે છે, તે વિષ્ણુનું પરમ પદ છે.

(ઇતિ ઉત્તર ગીતામા.)

પ્રણવ એ ધનુષ છે, ચિત્ત એ શર (બાણ) છે, બ્રહ્મ તેનું લક્ષ્ય કહેવાય છે. પ્રમાદ રહિત થઇ (લક્ષ્યનો) વેધ કરવો અને બાણની માફક (બ્રહ્મમાં) તન્મય થવું.

(ઇતિ મુંડકોપનિષદ્માં.)

(હું) બ્રહ્મજ છું, આ સત્યવૃત્તિવડે (કોઇપણ પ્રમાણવડે બાધ નહિ પામનાર વૃત્તિનું અવલંબન લઇને) નિરાલમ્બરૂપ વડે પરમાનંદ દેનારી (જે) સ્થિતિ, (તે) ધ્યાન શબ્દવડે પ્રસિદ્ધ (છે).

[ઇતિ અપરોક્ષાનુભૂતિ શ્લોક. ૧૨૩].

---

*બ્રહ્મરૂપ થવાની ઇચ્છાવાળો મુમુક્ષુ એ બ્રાહ્મણ.

लक्ष्ये ब्रह्मणि मानसं दृढतरं संस्थाप्य बाह्येन्द्रियं ।
स्वस्थाने विनिवेश्य निश्चलतनुश्चोपेक्ष्य देहस्थितिम् ॥
ब्रह्मात्मैक्यमुपेत्य तन्मयतया चाखण्डवृत्त्यानिशम् ।
ब्रह्मानन्दरसं पिबात्मनि मुदा शून्यैः किमन्यैर्भृशम् ॥

इति विवेकचूडामणिः । श्लोक ३७८

हरिः ॐ तत्सत्   हरिः ॐ तत्सत्

१२ अथ परापूजा प्रारभ्यते ।

। श्रीगणेशाय नम : ।

पूर्णस्यावाहनं कुत्र सर्वाधारस्य चासनम् ।
स्वच्छस्य पाद्यमर्घ्यं च शुध्धस्याचमनं कुतः ॥१॥
निर्मलस्य कुतः स्नानं वस्त्रं विश्वोदरस्य च ।
निरालंबस्योपवीतं पुष्पं निर्वासनस्य च ॥२॥
निर्लेपस्य कुतो गन्धो रम्यस्याभरणं कुतः ।
नित्यतृप्तस्य नैवेद्यं तांबूलं च कुतो विभोः ॥३॥
प्रदक्षिणा ह्यनंतस्य ह्यद्वयस्य कुतो नतिः ।
वेदवाक्यैरवेद्यस्य कुतः स्तोत्रं विधीयते ॥४॥

લક્ષ્ય બ્રહ્મમા મનને નિશ્ચલ સ્થાપન કરીને, બહારની ઈન્દ્રિયોને પોતપોતાના ગોલકોમાં સ્થિર કરીને, અચલ શરીરવાળો (થઇ), તથા શરીરની સ્થિતિની ઉપેક્ષા કરી (દેહાધ્યાસ ભૂલીને) બ્રહ્મ અને આત્માના એકપણાને પામી, તન્મયપણાવડે, અખંડ વૃત્તિથી, (તું) બ્રહ્માનંદરૂપ અમૃતનું, પ્રસન્નતાવડે, નિરંતર (પોતાના) અંતઃકરણમાં પાન કર. અન્ય (૪લ) શૂન્ય (સાધનો) વડે શું વધારે (મળવાનું છે) ?

(ઇતિ વિવેક ચૂડામણિ-શ્લોક. ૩૭૮.)

હરિઃ ૐ તત્સત્

૧૨ અથ પરાપૂજાનો પ્રારંભ થાય છેઃ—

શ્રી ગણેશાય નમ :

૧. પૂર્ણનું (વળિ) આવાહન કયા (કરવું) ? સર્વના આધારભૂતને (વળિ) આસન કયા (દેવું) ? સ્વચ્છ ને (વળી) પાદ્ય અને અર્ઘ્ય કેવી રીતે (આપવા) ? અને શુદ્ધને (વળિ) આચમન કેવું ?

૨. નિર્મળને સ્નાન શું, જેના ઉદરમાં વિશ્વ છે તેને વસ્ત્ર શું, આલંબનની જરૂર વગરનાને (વળિ) ઉપવીત શું, અને વાસના-રહિતને પુષ્પ શું ?

૩. નિર્લેપને (વળિ) સુગંધી પદાર્થો શા માટે ! રમ્યને આભારણ શા માટે ! નિત્ય તૃપ્તને નૈવેદ્ય શા માટે ! અને સર્વ વ્યાપકને તાબૂલ શા માટે ?

૪. અનંતની વળિ પ્રદક્ષિણા કેવી રીતે થાય, અદ્વયને નમસ્કાર કેમ સંભવે. વેદનાં વાકયોથી પણ ન જાણી શકાય એવાનું, સ્તોત્ર શી રીતે થઇ શકે ?

स्वयंप्रकाशमानस्य कुतो नीराजनं विभोः ।
अंतर्बहिश्च पूर्णस्य कथमुद्वासनं भवेत् ॥५॥
एवमेव परापूजा सर्वावस्थासु सर्वदा ।
एकबुध्द्या तु देवेशे विधेया ब्रह्मवित्तमैः ॥६॥

इति परांपूजासमाप्ता ॥

૫. સ્વયંપ્રકાશમાન સર્વ વ્યાપકની (વળિ) આરતી ક્યાંથી (ઉતારાય)? અંદરને બહાર જે પૂર્ણ છે એવા પરમાત્માનું (વળિ) વિસર્જન કેમ કરી કરવું?

૬. આ પ્રમાણેજ સર્વ સ્થિતિમાં, સર્વ વખતે, અદ્વૈત વૃત્તિ વડે, શ્રેષ્ઠ બ્રહ્મવેત્તાઓએ દેવોના પણ દેવની પરાપૂજા કરવી.

ઇતિ પરાપૂજા સમાપ્ત.

॥ હરિઃ ૐ તત્સત ॥

वचनामृत.

१

क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पदं तत्कवयो वदन्ति ।

[कठोपनिषद्]

અર્થઃ-તે (મુક્તિનું) દુર્ગમ પદ અસ્ત્રાની તીક્ષ્ણ અને દુઃસહ ધારા રૂપ છે, એમ કવિઓ કહે છે.

(કઠોપનિષદ)

२

न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥

(श्रीभगवद्गीता)

અર્થઃ-હે તાત (અર્જુન) કલ્યાણ કરવાવાળો કોઇ પણ દુર્ગતિને પ્રાપ્ત થતોજ નથી.

(શ્રી ભગવદ્ગીતા)

३

स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ।

(श्रीभगवद्गीता)

અર્થઃ-આ ધર્મનો થોડો પણ અંશ મહાન ભયથી રક્ષણ કરે છે.

(શ્રી ભગવદ્ગીતા)

૪

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ॥

(श्रीमगवद्‌गीता)

અર્થ:-જેઓ જે રીતે મારી તરફ આવે છે તેઓને તેજ રીતે હું અનુગ્રહ કરૂં છું.

(શ્રી ભગવદ્‌ગીતા)

૫

यावतः कुरुते जंतुः संबंधान्मनसः प्रियान्
तावन्तोऽस्य निखन्यन्ते हृदये शोक–शंकवः ॥

(विष्णुपुराण)

અર્થ:-પ્રાણી જેટલા સંબંધ મનને પ્રિય કરે છે, તેટલા તેના હૃદયમાં શોકના ખીલાઓ ખોડાય છે.

(વિષ્ણુ પુરાણ)

૬

अवश्यं नश्वरे देहे दुर्जेये च यमे द्विषि ।
हास्यं नास्याद्विनिर्याति यत्पुंसामिदमद्भुतम् ॥

[गरुडपुराण]

અર્થ:-જ્યારે દેહ અવશ્ય નાશવંત છે, અને યમ જેવો દુર્જય શત્રુ છે, ત્યારે મનુષ્યોનાં મુખ ઉપરથી હાસ્ય દૂર નથી થતું એ અદ્‌ભુત છે.

(ગરૂડ પુરાણ)

૭

कुरंगमातंगपतंगभृंगमीना हताः पंचभिरेव पंच ।

एकः प्रमादी स कथं न हन्यते यः सेवते पंचभिरेव पंच ॥

[गरुडपुराण]

અર્થ:-હરણ, હસ્તી, પતંગ, ભમરો, અને માંછલુ એ પાંચ, પાંચ (ઇન્દ્રિયોમાંની એક એકની લોલુપતા) વડેજ નાશ પામે છે. (ત્યારે) જે એકલો પાંચે (ઇન્દ્રિયો) વડે પાંચ (વિષયો) ને સેવે છે તે પ્રમાદી પુરૂષ કેમ ન નાશ પામે ?

(ગરૂડ પુરાણ.)

૮

मरणं नाभिनंदेत नाभिनंदेत जीवनम् ॥

[श्री महाभारत]

અર્થ:-મરણને અભિનંદન આપવું નહિ (તેમ) જીવનને અભિનંદન આપવું નહિ.

(શ્રી મહાભારત)

૯

उत्सेक उदधेर्यद्वत्कुशाग्रेणैकबिन्दुना

मनसो निग्रहस्तद्वद्भवेदपरिखेदतः ॥

(गौडपादकारिका)

અર્થ:-દર્ભના છેડાવતી એક એક ટીપે સમુદ્ર ઉલેચવાની

માફક મનનો નિગ્રહ થાકી ન જવાથી (અને પ્રયાસ જારી રાખવાથી) થાય છે.

(ગૌડપાદ કારિકા)

૧૦

प्रमादो ब्रह्मनिष्ठायां न कर्तव्यः कदाचन ।

प्रमादो मृत्युरित्याह भगवान्ब्रह्मणः सुतः ॥

(विवेकचूडामणि)

અર્થઃ-બ્રહ્મનિષ્ઠાની અંદર કદી પણ પ્રમાદ ન કરવો. પ્રમાદ એ મૃત્યુ છે એમ બ્રહ્માના પુત્ર ભગવાન (સનત્કુમાર) કહે છે.

(વિવેક ચૂડામણિ)

૧૧

नाधर्मश्चरितो लोके सद्यः फलति गौरिव

शनैरावर्तमानस्तु कर्तुर्मूलानि कृन्तति ॥

અર્થઃ-લોકોમાં કરેલો અધર્મ ખેતર (કે ગાય) ની માફક તુરત ફળ આપતો નથી પણ ધીમે ધીમે પાછો ફેરો લઇ કરનારનાં મૂળને કાપી નાખે છે.

૧૨

कर्तव्यमेव कर्तव्यं प्राणैः कंठगतैरपि ॥

અર્થઃ-પ્રાણ કંઠે આવ્યા હોય તોપણ કર્તવ્ય કરવુંજ જોઇએ.

૧૩

यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी ॥

અર્થઃ-જેવી જેની ભાવના તેવી સિદ્ધિ થાય છે.

૧૪

न देवा दंडमादाय रक्षन्ति पशुपालवत् ।

यस्यानुग्रहमिच्छन्ति सुबुध्ध्या योजयन्ति तम् ॥

અર્થઃ-દેવો લાકડી લઇને ગોવાળની માફક રક્ષણ કરતા નથી. (પરંતુ) જેઓનો અનુગ્રહ ઇચ્છે છે તેમને સદ્બુદ્ધિ આપે છે.

૧૫

मरणं प्रकृतिः शरीरिणां विकृतिर्जीवितमुच्यते बुधैः

क्षणमप्यवतिष्ठते श्वसन्यदि जन्तुर्ननु लाभवानसौ ॥

(कालिदास)

અર્થઃ-મરણ એ સ્વાભાવિક છે, જીવન એ વિકારરૂપ છે, એમ ડાહ્યા પુરૂષો કહે છે. જો પ્રાણી એક ક્ષણ પણ જીવતો રહે તો ખરેખર તેને લ્હાવ છે.

(કાળીદાસ)

૧૬

सतां सम्द्धिः संगः कथमपि हि पुण्येन भवति ॥

(भवभूति)

અર્થઃ-સન્તોનો સંતો સાથે સમાગમ કોઇ પુણ્યથીજ થાય છે.

(ભવભૂતિ).

૧૭

सपदि विलयमेतु राजलक्ष्मीरुपरि पतन्त्वथवा कृपाणधाराः ।
अपहरतुतरां शिरः कृतान्तो मम तु मनो न मनागपैतु धर्मात् ॥

અર્થ:-રાજ લક્ષ્મી ભલે એકદમ નાશ પામો, અથવા ઉપર તરવારોની ધારીઓ પડો, કૃતાન્ત મસ્તક છેદી નાખો, પરંતુ મારૂં મન ધર્મથી જરા પણ ચળો નહિ.

૧૮

अद्यैव वा मरणमस्तु युगान्तरे वा न्याय्यात्पथः
प्रविचलन्ति पदं न धीराः ॥

અર્થ:-મરણ આજેજ થાઓ કે યુગ પછી થાઓ, (પરંતુ) ધીર પુરૂષો ન્યાયને રસ્તેથી એક પદ પણ ડગતા નથી.

૧૯


जातमेवान्तकोऽन्ताय जरा चान्वेति देहिनम् ।
अनुषक्ता द्वयेनैते भावाः स्थावर जंगमाः ॥

અર્થ:-જન્મતાંની સાથેજ દેહધારીની પછવાડે નાશ કરવા માટે મૃત્યુ અને વૃદ્ધાવસ્થા ચાલે છે. આ બન્ને (મૃત્યુ અને વૃદ્ધાવસ્થા) સ્થાવર અને જંગમ વસ્તુઓ સાથે લાગેલા હોય છે.

समाप्तिनुं मंगळाचरण

"नमस्ते सते ते जगत्कारणाय, नमस्ते चिते सर्व लोकाश्रयाय;
नमोऽद्वैततत्त्वाय, मुक्तिप्रदाय, नमो ब्रह्मणे व्यापिने शाश्वताय."
"त्वमेकं शरण्यं त्वमेकं वरेण्यम्, त्वमेकं जगत्पालकं स्वप्रकाशम्;
त्वमेकं जगत्कर्तृपातृप्रहर्तृ, त्वमेकं परंनिश्चलं निर्विकल्पम्."
"भयानां भयं भीषणं भीषणानाम्, गतिः प्राणिनां पावनं पावनानाम्;
महोच्चैः पदानां नियन्तृ त्वमेकम्, परेषां परंरक्षणं रक्षणानाम्"
" श्रुति स्मृति पुराणानामालयं करुणालयम्;
नमामि भगवत्पादं शंकरं लोकशंकरम्. "

ॐ शान्तिः शान्तिः शान्तिः



" OM "

God-Realization: How to Reali e.

16 The way to the Realization of Self.

-Swami-Rama.

" There are two processes in the game of 'Gilli'. The first is to raise it and the second is to make it fly into the air."

Therefore, by this way-first of all the mind is to be raised just a little, and the second process is to shoot it far off in the spiritual atmosphere.

Make the mind run along, go on and on, and on, until it loses all body-consciousness and is God and nothing but God. *Make the mind rise higher by chanting the syllable 'OM'.*

This Atman, this true Ocean of Reality, this Controlling and Governing Self, this is to be realized, this is to be felt, to be seen, and known in order to be one with the infinite. This true Self or Atman is called the "I am". This true Self, the perfect "I" is beyond cause, and time, and space. This perfect, this true Self is represented by "OM". "OM" means 'I am', and while chanting "OM", you have not to address

ઇશ્વર સાક્ષાત્કાર

સાક્ષાત્કાર કેમ કરવો:- આત્મ સાક્ષાત્કાર કરવાની રીતિ.

—સ્વામીરામ—

"ગિલ્લી" ની રમતમા બે ક્રિયા કરવાની હોય છે; "પહેલી તેને ઉંચી કરવી તે, અને બીજી તેને હવામાં ઉડાડવી તે છે"

તે પ્રમાણે, આ રીતિએ પહેલાં તો ચિત્તને જરા ઉન્નત કરવાનું છે, (મનનું જરા ઉત્થાન કરવાનું છે) અને બીજી વિધિ એ છે કે તેને આધ્યાત્મિક વાતા વરણમા દૂર ઉડાડવું. (ગરકાવ કરવું)

જ્યાં લગી ચિત્ત, શરીરનું બધું ભાન ભૂલી જાય, ઇશ્વરમય થાય, અને ઇશ્વર શિવાય કંઇ ન રહે, ત્યાં સુધી ચિત્તને આગળ, આગળ અને આગળ દોડાવો. "ૐ" **પદનો ઉચ્ચાર કરી ચિત્તનું ઉત્થાન કરો.**

આ આત્મા-સત્યનો આ યથાર્થ સમુદ્ર, આ નિયામક અને શાસક-આત્મા-તેનો સાક્ષાત્કાર કરવાનો છે (તેને) અનુભવવાનો છે, નિહાળવાનો છે અને જાણવાનો છે, કે જેથી અનંત (ઇશ્વર) ની સાથે ઐક્ય પમાય. આ સત્ય સ્વરૂપ, અથવા આત્માને "હું છું" એમ કહેવામાં આવે છે. સંપૂર્ણ "અહમ્" રૂપ આ સત્ય આત્મા કારણ, કાલ અને દેશથી પર છે આ સંપૂર્ણ સત્ય આત્માનું "ૐ" પ્રતીક છે. "ૐ" નો અર્થ "હું છું" એવો છે. અને "ૐ" પદનો ઉચ્ચાર કરતી વખત તમારે કોઇ બીજાને સંબોધન કરવાનું નથી. "ૐ" નો ઉચ્ચાર કરતી વેળા તમારથી બહાર રહેલા કોઇને તમે બોલાવતા હો, એવું ધારો નહિ. "ૐ" નો ઉચ્ચાર કરતા

yourself to somebody else. While chanting 'OM' think not of some one out side yourself whom you are calling. While chanting ' OM ' you must feel yourself to be one with this true 'I am'. Because ' I am ' is everywhere, ond ' I am ' is an unchangeable thing. It is the same ' *I am* ' which was yesterday, and is to-day, as well as it will exist to morrow also. (" I am I " that the 'I' of yesterday is the 'I' of to-day and the 'I' of to-day will be the 'I' of to-morrow; that in spite of all the changes that are happening to the body I yet believe that I am the same I: as:-' I do ' 'I go' 'I dream' 'I sleep' 'I move' and here you will find it claimed that the doing, going, dreaming etc. have been changing but what remained constant *was that 'I'.-Suami-Vivekanand*) By this strong feeling, the mind is merged in the Reality. By this strong belief, by this living knowledge of the mind, the mind becomes, as it were, a bubble which bursts into the mighty Ocean of Reality.

This is the way to Realization.

This strong feeling, this living knowledge

વખતે આ સત્ય સ્વરૂપ "હું છું"ની સાથે તમારે એકય અનુભવવુંજ જોઇએ. કારણ કે "હું છું" એ સર્વત્ર છે. અને "હું છું" એ અવિકારી વસ્તુ છે. જે "હું છું" ગઇ કાલે હતું, આજે છે, તેમજ આવતી કાલે પણ રહેશે, તે એનું એજ છે. ("હુ એ હું છું"– ગઈ કાલનો "હું" એ આજનો "હું" છું, અને આજનો "હું" એ આવતી કાલનો "હું" રહેશે; શરીરમાં તમામ જાતનાં પરિવર્તનો થયાં કરે છે, તે છતાં હું માનું છું કે, હુતો તેનો તેજ "હું" છું, જેમકે હુ (કામ) કરૂં છું, હું જાઉં છું, હું સ્વપ્ન જોઉ છુ, હું ઉંઘુ છું, હું ચાલું છું; અને આ ઠેકાણે તમને એ સિદ્ધ થએલું જણાશે કે કરવું, જવું, સ્વપ્ન જોવું વિગેરે ફર્યા કરે છે, પણ જે સ્થિર રહે છે તે "હું" છે (**સ્વામી વિવેકાનંદ**) આવા પ્રબળ અનુભવથી ચિત્ત સત્યમાં ગળી જાય છે. આવી દઢ માન્યતાથી, ચિત્તનાં આવાં ચૈતન્યમય જ્ઞાન વડે, મનનો જાણે કે એક પરપોટો બની જાય છે અને તે (પરપોટો) સત્યના મહાન સમુદ્રમાં ફુટી જાય છે. (મન સત્યમાં ગળી જાય છે.)

સાક્ષાત્કારની રીતિ આ છે.

તમારા ઉપર અસર કરી, તમારાં માયિક હુંપણાં (અસ્મિતા) ને મોહ નિંદ્રામાંથી જાગૃત કરનાર આ ચિત્તનો પ્રબળ અનુભવ, આ ચૈતન્યમય જ્ઞાન, એ સત્યને પામવાનો, તમારી મુક્તિ માટેનો માર્ગ છે.

"તમારા ઇશ્વરત્વનો સાક્ષાત્કાર કરો.
બાકી બધું થઇ ચુક્યું છે (એમ સમજજો)."

on the part of the mind laying hold of you, and dehypnotizing your false self, is the way to gain truth, to free yourself.

{ Realize your Divinity
And everything is done. }

17 The Method of practice; the method of concentrating the mind: The Method of Realization:—

In the morning or at any time when you begin to practise, your mind will merge into a state of Divinity, ecstasy, superconsciousness. When that state is reached do not continue repeating " OM ". Stop Let that state remain as long as it pleases; gradually the worldly or body consciousness will come up of itself. Don't force anything, do not force the repitition of " OM ". When that state is reached, the body consciousness will come up readily

It may be that many of you may be able to remain in that state of superconsciousness for half an hour, perhaps for one, two or three hours or more; but to-morrow you will be able to keep up that state for a longer time. Day

પ્રયોગની રીતિ: ચિત્તને એકાગ્ર કરવાની રીતિ: સાક્ષાત્કાર કરવાની રીતિ:—

પ્રાતઃકાળમાં અથવા જે કોઇ વખતે તમે પ્રયોગ શરૂ કરશો ત્યારે ઇશ્વરત્વ, મસ્તી સમાધિની અવસ્થામાં તમારૂં મન લીન થઇ જશે. તે સ્થિતિ આવી પહોંચે ત્યારે "ૐ" નો જાપ જારી રાખશો નહિં. સ્થિર થાઓ. તે અવસ્થા તેની મેળે જેટલો વખત રહે તેટલો વખત રહેવા દો; ધીમે ધીમે સંસારીક કે શારિરિક ભાન તેની મેળે આવી જશે. કંઇ પણ પરાણે નહિ કરો, "ૐ" નું રટણ પરાણે ન કરો. જ્યારે તે સ્થિતિ આવી પહોંચશે ત્યારે (પછીથી) શારીરિક ભાન તુરત આવી જશે. તમારામાંના ઘણા તે સમાધિની સ્થિતિમાં અર્ધા કલાક સુધી, કે કદાચ એક, બે, કે ત્રણ અથવા વધારે કલાક સુધી રહેવા સમર્થ હો; પણ બીજે દિવસે તે સ્થિતિ વધારે વખત સ્થિર રાખવા તમે શકિતમાન થશો. દિવસે દિવસે આ વખત લંબાશે, અને છેવટે આ રીતે (અભ્યાસથી) ક્રમે, ક્રમે, પગથીએ પગથીએ તમારી આધ્યાત્મિક શક્તિ વધશે. પણ જેઓ આ પ્રયોગ હજુ શરૂજ કરતા હોય તેઓએ પોતા માટે ૨૦ કે ૨૫ મિનીટની હદ બાંધવી.

એક વાત વધારે—જ્યારે તમે ચિત્ત એકાગ્ર કરવા માંડો અને તમારી અંદર ઇશ્વરી ભાનનો સાક્ષાત્કાર કરો, ત્યારે તમારા ચિત્તમા કોઇ વિચાર કે વિચારો સ્ફુરી આવશે; તે વખતે "ૐ" નો ચ્ચાર કરતા જાવ, અને તેજ વેળા તમારા મનમાં દેખાવ દેતા આ વિચારના તંતુને ઉઠાવો (હાથ ઉપર લો-ઉકેલો) અને તેને [illegible] (દૂર કરો).

after day the time will increase until in this way gradually, by slow degrees your spiritual power will increase.

But those who are beginners in this practice should limit themselves to 20 or 25 minutes of this practice.

ONE THING MORE: When you begin to concentrate the mind, and realize your God consciousness, some idea or ideas will spring up before your mind; at that time go on chanting 'OM' and at the same time take up this thread of thought which makes its appearance in your mind and finish it.

Suppose about half an hour is spent in eradicating that idea, in strengthening and overcoming that thought, in chanting 'OM', and suppose all the time is taken up in overcoming that thought or idea and there is no time to get the state of superconsciousness, never mind. If the superconscious state be not reached that day, never mind, it will come some other day; if on that day one evil thought has been overcome, your character is strengthened.

Therefore, sit alone, chant 'OM', chant aloud, feel God, and when you think God, when you feel God, then come out

(Practise this method and *Rama* is wrong if you do not realize Divinity and Truth in one week.)

ધારો કે તે વિચારને નિર્મૂલ કરવામાં. દૃઢ થઇ તેને હઠાવવામાં અને "ૐ" ના રટણમાં અડધો કલાક લાગ્યો, અને ધારો કે તે બધો વખત તે વિચાર અથવા વિકલ્પને હઠાવવામાં ખતમ થયો, અને સમાધિ અવસ્થા પ્રાપ્ત કરવા વખત ન રહ્યો, (તો પણ) કંઇ વાંધો નહિ જો તે દિવસે સમાધિ અવસ્થા પ્રાપ્ત ન થાય તો વાંધો નહિ; કોઇ બીજે દિવસે તે પ્રાપ્ત થશે. જો તે દિવસે એક નઠારા વિચારને હઠાવ્યો હોય તો તમારૂં ચારિત્ર દૃઢ થાય છે.

માટે એકલા બેસો, "ૐ" નો ઉચ્ચાર કરો. મોટેથી ઉચ્ચાર કરો, ઇશ્વરનો અનુભવ કરો, અને જ્યારે વિચારમાં તેમજ અનુભવમાં (કેવળ) ઇશ્વર આવે ત્યારે (તે સ્થિતિમાંથી) બહાર આવો.

{ આ રીતિનો પ્રયોગ કરો, અને જો તમે
એક અઠવાડીઆમાં ઇશ્વરત્વ અને
સત્યનો સાક્ષાત્કાર ન કરો તો (સ્વામી)
રામ ખોટા છે, (એમ સમજજો). }

ૐ ! ૐ !! ૐ !!!

॥ निरतिषय आनन्द प्राप्तिका साधन ॥

Process of Practice.

રાગ. સવૈયા એકત્રીસા.

ઘરમા કે કોઇ બાહ્ય પ્રદેશે, એક સ્થાને નિત્યે રે;
જઇને કંઇક સમય ગાળ્યાથી, લાભ થાય બહુ ચિત્તેરે
બાહ્ય વસ્તુ ત્યાં રાખો ન એવી, (જે) જગવે મલિન સંસ્કારોરે
સ્વચ્છ નિરૂપદ્રવ દેશે જઇને, સંગતિ માત્ર વિસારોરે ૧

યથેચ્છ આસનથી ત્યા સ્થિર થઇ, શાન્તિ શબ્દ ઉચ્ચારોરે;
શાન્તિનું વાતાવરણ જમાવી, અધિક સ્વાસ્થ્યને ધારોરે.
"**प्रणवो धनुः शरोहि आत्मा,**" બ્રહ્મતેનું લક્ષ્યરે;
અપ્રમાદથી વેધ કરીને, શરવત્ તન્મય થાઓ રે. ૨

શરીર પણ નથી આવ્યુ તમારૂં, એ સ્થાનમાં એવું રે;
મન પણ ત્યાંથી દૂર રહ્યું છે, એવું જાણી લેવું રે.
"હું" એવી એક વસ્તુ મ ત્ર ત્યાં, અન્ય ન કોઇ ઉપાધીરે;
"હું" ત્યાં બેસે, "હું" ત્યા બોલે, "હું" ત્યાં કરે સમાધિરે ૩

આવો ભાવ અખંડ જમાવી, રાખવા પ્રયત્ન સેવોરે;
અન્ય કોઇ સંકલ્પ ઉઠે ત્યા, સહજે શમાવી દેવો રે.
જાણો ત્યાં "હું" નું મુક્ત પણું, કેવળ સામ્રાજ્ય વર્તે રે.
સ્વભાવથી પછી "હું" એવું પણ, જાગ્રત મ ન નિવર્તે રે. ૪

ઘડિ કે અર્ધ ઘડિ આ રીતે, મસ્તજ પડી રહેજો રે;

પૂર્ણ સ્વાતંત્ર્ય અને સ્વચ્છંદે સ્થિતિ અનુભવી લેજો રે.
કંઇક કાલ અભ્યાસ જામતાં, આનંદોર્મિ ઉઠશેરે;
અને પછી એ ભાવ દૃઢાતાં, દુઃખ ત્રિવિધિ ત્રુટશે રે. ૫

બહુ જીજ્ઞાસા હોય કોઇને, (તો) અનુભવી પાસે જાઓ રે;
એ તમને બતાવે રસ્તો, સુખથી ચાલ્યા જાશો રે..
સ્વામિ રામ કહે છાતી ઠોકીને, Practice th s method[1] રે;
only[2] સાત દિવસમાંજ થશે સાક્ષાત્કાર, સંશય "**किमपि नास्तिरे,**" ૬

પરમાનન્દ પામ્યા પરમાનન્દ, અનુભવીઓની કૃપાથી રે;
તમે પણ અભ્યાસ કરો તો, (પોતે) પરમાનન્દ થઇ જશો રે.
આનંદની ઉર્મિ ઉઠે છે, Every day a new year's day;[3]
ફરીથી પણ કહું પુકારી, Every night a x'mas night[4]. ૭

ૐ ! ૐ ! ! ૐ ! ! !

---

૧. પ્રયોગ કરો આ રીતે રે. ૨. માત્ર. ૩ હર દિન નૂતન વર્ષનો દિન રે. ૪. દીપોત્સવિ પ્રતિ રાતે રે.

19, The kindom of Heaven is within you; how have you to realize that ?.........

In order to come by this treasure within or in order that the Kingdom of Heaven may be unlocked,

(*'OM' is the key to be used,*

(*'OM' is the seed of all knowledge.*

It is necessary to show *the importance of this Mantram* in order that the people may take to it with their whole heart:—

(1) It is the name of God.

(2) This syllable comes to you from within, nobody teaches you this syllable It comes to you at birth. The child's cry resembles remarkably the sound 'O-om', om, A am a perverted form of 'OM'; the word 'OM' comes from within to every child.

(3) When boys are very happy in their streets, their overflowing joy finds natural expression in the noisy sound of prolonged 'o', which is simply 'Om' cut short.

(4) This sound occurs in every language-Sanskrit, Persian, English, Japanese, etc;

ૐ

ઇશ્વરનું રાજ્ય તમારી અંદર છે. તેની પ્રાપ્તિ તમારે કેવી રીતે કરવાની છે?

આ આંતર ખજાનો હાથ કરવા, અથવા ઇશ્વરનાં રાજ્યનાં તાળાં ખોલવા માટે.

"વાપરવાની કુંચી "ૐ" છે."

"સર્વ જ્ઞાનનું બીજ "ૐ" છે."

આ મંત્રનું મહત્વ બતાવવું આવશ્યક છે, કે જેથી લોકો ખરા અંતઃકરણથી તેનો આશ્રય લે.

(૧) તે ઇશ્વરનું નામ છે.

(૨) આ પદ તમારી અંદરથી તમને પ્રાપ્ત થાય છે. આ પદ તમને કોઇ શિખવતું નથી. જન્મને વખતે તે તમને પ્રાપ્ત થાય છે. "ૐ" નું અપભ્રંશ થએલું સ્વરૂપ "ઓ–ઓં" "ઓં" "આ–આં" એ ધ્વની છે તે બાળકના રૂદનને સ્પષ્ટ રીતે મળતો આવે છે. "ૐ" શબ્દ દરેક બાળકને અંદરથી પ્રાપ્ત થાય છે.

(૩) જ્યારે પોતાના મહેલામાં છોકરાઓ ઘણી મઝામાં આવી જાય છે, ત્યારે તેમના ઉભરાઇ જતા આનંદમાંથી લાંબા સ્વરના "ઓ" ની ગર્જનાવાળો ધ્વની આપોઆપ (કુદરતી રીતે) બહાર નિકળી આવે છે. તે માત્ર ટુંકો "ૐ" છે.

(૪) સંસ્કૃત, પરશીઅન, અંગ્રેજી, જેપાનીઝ, વિગેરે દરેક ભાષામાં આ ધ્વનિ છે. **થોડા કે વત્તા સંપૂર્ણ સ્વરૂપમાં તે ધ્વની બધામાં છે.**

all have it in a more or less perfect form.

(5) When people fall sick or are in trouble, when they are suffering excruciating pain, what sound finds utterance through their lips ?

It is 'oh', 'oh', or 'um' which is a mere corruption of 'OM'.

Why should this sound come to everybody, why should this sound come from the lips of everybody in illness, be he a European, American, Hindu, Persian, or of any denomination ?

The Hindu answers:+

" This Sound is like a beautiful tree yeilding a cool shade to the sickman who is being scorched by the burning Sun, so naturally does this sick person seek the cool shelter of spreading tree. Thus it is true that everybody, when sick or suffering, naturally resorts to this syllable ' OM ', this natural sound. It gives him a little relief. We see, it naturally brings relief under all circumstances & the sick are relieved by chanting this sound.

If it can bring relief even to the sick and suffering, may it not bring peace and harmony if you sing it, in the right way ?

(૫) જ્યારે લોકો માંદા પડે છે કે વિપત્તિમાં હોય છે, જ્યારે તેઓ તીક્ષ્ણ વેદના સહન કરતા હોય છે, ત્યારે તેઓના મુખમાંથી કયો અવાજ ઉચ્ચરવા પામે છે?

તે (અવાજ) "ઓહ", "ઓહ", કે "ઉં" છે અને તે માત્ર "ૐ" નો અપભ્રંશ છે.

આ ધ્વનિ દરેકને કેમ પ્રાપ્ત થતો હશે? યુરોપિયન, અમેરિકન, હિંદુ, પરશીઅન કે ગમે તે જાતનો હોય તે દરેક માણસની જીભમાંથી માંદગીમાં આ ધ્વનિ કેમ નિકળતો હશે?

હિંદુ જવાબ આપે છે:—

પ્રચંડ સૂર્યથી બળતા દર્દીને શીતળ છાયા આપનારૂં એક સુંદર વૃક્ષ જેવો આ ધ્વનિ છે, તેથી સ્વાભાવિક રીતે દરદી તે વિશાળ વૃક્ષની શીતલ છાયા શોધે છે.

આ પ્રમાણે દરેક માણસ જ્યારે આજારી કે દુઃખી હોય ત્યારે સ્વાભાવિક રીતે આ "ૐ" શબ્દનો, આ કુદરતી ધ્વનિનો, આશ્રય લે છે. તેથી તેને થોડો આરામ મળે છે. આપણે જોઇએ છીએ કે ગમે તે સ્થિતિની અંદર તે સ્વાભાવિક રીતે આશ્વાસન આપે છે; આ ધ્વનિનો ઉચ્ચાર કરવાથી માંદા માણસને શાન્તિ વળે છે.

માંદા અને દુઃખીઓને પણ તે સાંત્વન આપી શકે છે, ત્યારે ખરી રીતે (ખરા જીગરથી) તેનું ગાન કરો તો તમને તે સ્વાસ્થ્ય અને શાન્તિ આપશે.

ૐ! ૐ!! ૐ!!!

" OM "

20 " There is but one Reality " OM "

Chant " OM ", read " OM " and lay aside all the other books or Sastras; let them rest there.

You know that, it is the " truth ".

Instead of reading out all other words, one, two, three, four, five words, say only one word " OM "; as this one word " OM " represents the whole idea for you:—

Just as in Algebra, we represent big quantity by X or Y, A or B or some other letters.

Therefore, as X is equal to the big quantity, so " OM " is equal to the whole universe.

However, " OM " is all in all.

" OM " is the essence or substance of the whole universe, all the books or Sastras and anything else.

Pranavah Sarva Vedeshu " प्रणवः सर्व वेदेषु "
Vedyam Pavitram Omkaram " वेद्यं पवित्रमोंकारम् "

-*Gita*-

"ૐ"

"ૐ" એજ એક સત્ય છે.

"ૐ" નો ઉચ્ચાર કરો. "ૐ" વાંચો અને બીજાં બધાં થોથાં કે શાસ્ત્રો એક બાજુ મૂકી દો; ત્યાં તે ભલે પડયાં રહે.

તમો જાણો છો કે- તેજ "સત્ય" છે. એક, બે, ત્રણ, ચાર, પાંચ એ શબ્દો, તેમજ બીજા બધા શબ્દો વાચવાને બદલે માત્ર એકજ શબ્દ "ૐ" કહો; કારણ કે આ એકજ શબ્દ "ૐ" તમારે માટે (ઇશ્વર સંબંધી) અખિલ વિચારનું પ્રતીક છે (ની ગરજ સારે છે).

દાખલા તરીકે:-જેમ બીજ ગણિતની અંદર આપણે ક્ષ, ય, અ, કે બ, અથવા બીજા કોઇ અક્ષરોને મોટી સંખ્યાનું પ્રતીક (રૂપક) બનાવીએ છીએ તેમ.

તેટલા માટે જેમ ક્ષ મોટી સંખ્યાની બરાબર છે; તેવીજ રીતે "ૐ" આખા વિશ્વની બરાબર છે, એટલુંજ નહિ પણ "ૐ" એજ સર્વમાં સર્વ (સર્વસ્વ) છે.

આખા વિશ્વનો, બધાં પુસ્તકો કે શાસ્ત્રોનો, અને બીજી દરેક બાબતનો "ૐ" એ સાર કે સત્વ છે.

"સર્વ વેદોમાં પ્રણવ મુખ્ય છે".
"જાણવાને યોગ્ય (તો) પવિત્ર ૐકાર (છે)."

-ગીતાજી-

" Leave the company of your friends and return to solitude. Time & solitude will make you strong; Chant "OM" -- Chant it aloud and think Vedanta, think and realize your Divinity, your Godhead; and you will gain your balance & be at rest ".

" Rama tells you- he is realy above fear, above anxiety, above annoyance; but it is achieved by constant practice. It has brought Rama up from a state of the lowest depths of weakness and superstition. At one time Rama was most superstitious; every whif of wind threw Rama off his balance. If one man can do this, you can ".

-Swami Rama,-

" Chanting of "OM" is only the method,- the very process of practice. "

OM ! OM ! ! OM ! ! !

તમારા મિત્રોની સંગત છોડો, અને એકાન્તમાં જાઓ. વખત જતાં એકાન્ત તમને દૃઢ બનાવશે; "ૐ" નું ગાન કરો, મોટેથી તેનું ગાન કરો, અને વેદાન્તનો વિચાર કરો, તમારા ઇશ્વરત્વનો, બ્રહ્મત્વનો, વિચાર તથા સાક્ષાત્કાર કરો, અને તમે સ્થિરતા (સમતા) પ્રાપ્ત કરશો તથા શાન્તિ પામશો.

(સ્વામી) રામ તમને કહે છે કે- હું ખરેખર ભયથી પર છું, ઉદ્વેગથી પર છું. ત્રાસ (વિક્ષેપ) થી પર છું, પણ સતત્ અભ્યાસથી આ પ્રાપ્ત થયું છે. આ વડે, નિર્બળતા અને વહેમની મહાન્ અધોગતિની દશામાંથી હું ઉન્નત્ થયો છું. એક વખત (અગાઉ) હું ઘણોજ વહેમી હતો, પવનના દરેક સપાટાથી હું સ્થિરતામાંથી ડગી જતો. જો એક માણસ આ સ્થિતિની પ્રાપ્તિ કરી શકે, તો તમે પણ કરી શકો.

-સ્વામી રામ-

"ૐ" નું ગાન કરવું એજ રીતિ છે- "
"તેજ પ્રયોગની ખરી રીતિ છે."
ૐ ! ૐ !! ૐ !!!

ૐ ની ધૂન.

૨૧. ભૈરવી-એકતાલ

ૐ બોલો ૐ બોલો ૐ બોલો ભાઇ, (૨)
ૐ બોલો ભાઇ, ૐ બોલો ભાઇ; (૨)
ૐ બોલો ૐ બોલો ૐ બોલો ભાઇ. (૨)
હરિ ૐ હરિ ૐ, હરિ ૐ હરિ ૐ. (૪)
ગુરૂ ૐ ગુરૂ ૐ, ગુરૂ ૐ ગુરૂ ૐ. (૪)
ૐ ૐ ૐ ૐ, ૐ ૐ ૐ ૐ. (૪) (સર્વ સાથે, અનેકવાર.)
ૐકાર વિના મુમુક્ષુ જનોકા,
અન્ય કછુ ગતિ નાહિ.—ૐ બોલો૦
ધ્રુવને બોલા પ્રલ્હાદને બોલા,
જન્મ મરણ ગમાઇ.—ૐ બોલો૦
જે કોઇ બોલે ૐ વાણી
પરમાનંદ સમાઇ.—ૐ બોલો૦
(પ્રથમની છ લીટીનું પુનરાવર્તન.)

---

* અનેક વાર શ્વાસ થાકે ત્યાં સુધી, બોલ્યા પછી ઓછામાં ઓછી બે મીનીટ, નેત્ર મીંચીને, મૌન રાખી, સ્વસ્થ બેસવું; તેથી અભ્યાસ એટલે શું તે સમજાશે, તેમજ ખરા દીલથી ધૂન લાગેલી કે કેમ તેનો તોલ થઇ શકશે.

॥ ॐ ॥

શ્રી સદ્ગુરુ સ્તવન.

૨૨. રાગ પીલુ-તાલ દીપચંદી

ગુરૂ હમ વારી તોપર જાઉં
દયાકે સાગર મૈં તો શીશ નમાવું—ટેક
મુજપર દયા તેરી હોવે હો ગુરૂજી,
તો ક્ષણમેં ભવ નિધિ તરજાઉં—ગુરૂ૦
પરમાનંદ પર કરી ગુરૂ દયા,
જીવનમુક્તિ કે ફલ પાઉં—ગુરૂ૦

૨૩. રાગ હમીર-ત્રિતાલ.

ગુરૂ બિન કૌન કરે સહાઇ, અંતકાલ જબ આઇ, ગુરૂબિન-ટેક૦
માત તાત સુત બાંધવ નારી, જો તો કહત સબ મેરી મેરી;
સભી હે મતલબકી સગાઇ —ગુરૂબિન૦
જયગુરૂ જયગુરૂ જયગુરૂ પ્રભો, પાહિમાં પાહિમાં પાહિમાં વિભો;
શરણાંગત જનન સુખદાઇ —ગુરૂબિન૦
માલે માલે ગભીર નિનાદ બોલે, રક્ષામિત્વાં સદ્ગુરૂ બોલે;
"ગુરૂ ૐ મંત્ર તાતેં જપ ભાઇ —ગુરૂબિન૦
જો ગુરૂ ભક્તિ કરે ચિત્ત લાઈ, ઇહ લોક પરલોકે સુખદાઇ;
અંતમેં પરમાનંદ સમાઇ —ગુરૂબિન૦

सद्गुरुनी प्राप्ति.

२४. राग भैरव–त्रिताल

સદ્‌ગુરૂ તો મિલે [illegible], જીન્હેં મિલા તિન્હે સહજહિમેં.–ટેક૦
ઢુંઢેસે સદ્‌ગુરૂ નહિ મિલેંગે, (ગુરૂ) નહિ મિલેંગે હટીમેં.–સદ્‌ગુરૂ૦
ઇશ્વર ભક્તિ અધિક ઉછાલી; (સદ્) ગુરૂ આમિલે તબ પાસહિમેં. „
સદ્‌ગુરૂ બિના મોહ ન ટરહિં, (ભાઇ) કેવલ હરિકી ભક્તિમેં. „
હરિકી કૃપાસેં સદ્‌ગુરૂ મિલે, (ભાઇ) એહી મત સબ શાસ્ત્રોમે. „
પરમાત્મા હી સ્વરૂપ ધરાવે, ઇશ્વર અરૂ સદ્‌ગુરૂ રૂપમેં. „
ઇશ્વર તેં બડા સદ્‌ગુરૂ જાણો, (ગુરૂ) ઠહરાવે નિજ સ્વરૂપમે. „
ભક્તિસેં રામ ગુરૂ બની આવે, (ગુરૂ) ઉપદેશે અદ્વૈતનમેં. „
અદ્વૈત બિન શાન્તિ ન પાવહિં, (ભલે) ભક્તિ કરો જન્મ કોટિનમેં. „
પ્રલ્હાદને જબ ભક્તિ કીની, (ગુરૂ) દત્તાત્રેય મિલા સદનમેં. „
તુકારામકો સદ્‌ગુરૂ મિલા, (ગુરૂ) મંત્ર સુનાયા સ્વપ્નેમેં. „
કબીરકો ગુરૂ એસા મિલા, (વો) હો ગયા મસ્ત નિર્ગુણમેં. „
પરમાનંદને સદ્‌ગુરૂ પાયા, (ભાઇ) મસ્ત હુવા ૐ ફકીરીમેં. „

"गुरुॐ" मंत्रना जापनो महिमा.

२५. भैरवी.–ओमकवाली.

ગુરૂ ૐ ગુરૂ ૐ ગુરૂ બોલો ભાઇ, ગુરૂ બોલો ભાઇ, ગુરૂ બોલો ભાઇ (૨)–ટેક.
ગુરૂ ૐ ગુરૂ ૐ ગુરૂ બોલો ભાઇ, ગુરૂ બોલો, ગુરૂ બોલો, ગુરૂ બોલો ભાઇ (૨) ગુરૂ.

ગુરૂ ૐ ગુરૂ ૐ ગુરૂ ૐ ગુરૂ ૐ, ગુરૂ ૐ ગુરૂ ૐ ગુરૂ ૐ ગુરૂ (૪)-ગુરૂ. "
ગુરૂ ગુરૂ ગુરૂ ગુરૂ, ગુરૂ ગુરૂ ગુરૂ ગુરૂ. (૪)-ગુરૂ. "
ગુરૂ ગુરૂ રટતાં પ્રકાશ હોવે, અંધકાર નાશાઇ; -ગુરૂ. "
"ગુરૂ ૐ અમર મંત્ર કહાવે, જપે અમર હો જાઇ -ગુરૂ. "
સાધન-ગાડીમેં મુમુક્ષુ બૈઠે, પાછલ "ગુરૂ" ગાર્ડ હોઇ,-ગુરૂ. "
સાધન-"ૐ" કી ગાડી ચલી હે, નિજધામે "ગુરૂ" લાઇ,-ગુરૂ. "
બ્રહ્મદ્વારપે સદ્‌ગુરૂ બિરાજે, દ્વાર ઉઘાડી લે જાઇ, -ગુરૂ. "
"ગુરૂ" અરૂ "ૐ" યહ દોનો વાચક હૈ વાચ્ય બ્રહ્મ કહાઇ,-ગુરૂ. "
"ગુરૂ" નો ૐ કો પુષ્ટ કરાવે. જપિયે "ગુરૂ ૐ" ભાઇ -ગુરૂ. "
"ગુરૂૐ" શબ્દકું અવલંબીકે, પરમાનંદ સમાઇ, -ગુરૂ. "

ગુરુ કૃપાની ઝાંખી.

૨૬. રાગ. ધનાશ્રી ત્રિતાલ.


કૃપા કરી બડી આજ, ગુરૂ રાયા, કૃપા કરી બડી આજ-ટેક૦
હમારી ઝુંપડીમેં ગુરૂ તુમ પ્રવેશી, દર્શન દીન્હા મુજે આજ-ગુરૂ રાયા૦
ઝુંપડી મેરી પત્તોંકી બની હૈ, બાંધી ૐ કા સાજ. - "
ઝુંપડી બની ઓરસંગ નદી પૈ, છોટાઉદેપુર રાજ. - "
વિધિવિલાકસે આયે દીવાલી કે રાતે, ગુરૂ હમારે કાજ - "
જ્યોતિર્મય તત્વ-સ્વરૂપ દેખી કે, વિસ્મય પાયા સમાજ - "
પ્રગટ-રૂપ ધરી દર્શન દીન્હા, ૐ સુનાયા [illegible] - "

સદ્ગુરૂ-સિંહતો કર્યુન હુંકત, બોડેલી-વન ઉડે ગાજ. - ,,
બહાર કે જૈસા અંદરભી દેખા, ચિન્મય દિવ્ય એકરાજ- ,,
નિર્ગુણ પ્રદેશમેં જાતાં જાતાં. (નિર્ગુણ તત્ત્વમેં તલ્લીન હોતાં)- ,,
(ૐ કી ધૂનમેં તન્મય હોતાં), બીચમેં ગુરૂરાજ. - ,,
ત્રિવેણી પર તેજોમયી ઝુંપડી, તહાં બિરાજે ગુરૂરાજ - ,,
સાધન રહસ્ય સમુજાયો મોહે, બલિહારી મહારાજ - ,,
સદ્ગુરૂ તોહે માની કુર્બાન, પરમાનંદ છોડી લાજ. - ,,

मन-मृगने वश करवानी कला.

૭ રાગ ઝીંઝોટી-તાલ કવાલી.

મન-મૃગકો વશ કરના હો તો, શબ્દકી લગાવો ધૂન.—ટેક૦
શબ્દકી લગાવો ધૂન, ૐ કી લગાવો ધૂન. —મન૦
અનુભવીઓંસે જાનો એતો, શાસ્ત્રોંકા છોડો કાનુન;
શાસ્ત્રોંકા છોડો કાનુન, પંડિતકા છોડો કાનુન. —મન૦
શિકારી એક બનમેં આયકેં, મચાયા બડી ધૂન;
મચાયા બડી ધૂન, ગજાયા બડી ધૂન. —મન૦
પરમાનંદ બોડેલીમાંહી, શબ્દકો લિયા શુન;
શબ્દકો લિયા શુન, ૐ કો લિયા શુન. —મન૦


तत्त्वमसि.
(सामवेद.)
शिवोऽहं.
प्रज्ञानंब्रह्म
(ऋग्वेद.)
शुद्धोऽहं.
अहंब्रह्मास्मि.
(यजुर्वेद.)
बुद्धोऽहं.
अयमात्माब्रह्म.
(अथर्वणवेद.)
सोऽहं.

નિર્ગુણ બ્રહ્મ-તુરીય-નિર્માત્રા.

૧.

માયા. (સમષ્ટિ, દેવી-શક્તિ.)			અવિદ્યા. (વ્યષ્ટિ-અજ્ઞાન)		
વિરાટ કે વૈશ્વાનર.	હિરણ્યગર્ભ કે સૂત્રાત્મા	ઇશ્વર.	વિશ્વ.	તૈજસ.	પ્રાજ્ઞ.
જાગ્રત.	સ્વપ્ન.	સુષુપ્તિ.	જાગ્રત.	સ્વપ્ન.	સુષુપ્તિ.
અકાર.	ઉકાર.	મકાર.	અકાર.	ઉકાર.	મકાર.
વિષ્ણુ-સ્થિતિ.	બ્રહ્મા-સૃષ્ટિ	મહેશ-સંહાર.	સ્થૂલશરીર.	લિંગશરીર.	કારણશરીર.
સત્વગુણ.	રજોગુણ	તમોગુણ.	અન્નમયકોશ.	વિજ્ઞાનમય, મનોમય, પ્રાણમયકોશ.	આનંદમયકોશ
			નેત્રસ્થાન.	કંઠસ્થાન.	હૃદયસ્થાન.

૨. ઇન્દ્રિયો.

જ્ઞાનેન્દ્રિય.	કર્મેન્દ્રિય.
શ્રોત્ર. ત્વક્. ચક્ષુ. જીહ્વા. નાસિકા.	વાણી. હાથ. પગ. પાયુ ઉપસ્થ.
દેવો= દિશા. વાયુ. સૂર્ય. વરુણ. અશ્વિનિકુમાર.	અગ્નિ ઇન્દ્ર. વિષ્ણુ. યમ. પ્રજાપતિ.

૩. અંતઃકરણ-ચતુષ્ટય.

પંચ તત્ત્વકી ભીંત બનાઇ, તીન ગુનકા ગારા;
ઓમ્ સોઽહમ્કી છાન ચલાઇ, ચેતન કરને હારા. બંગલા૦
ઉસ બંગલેકું દશ દરવાજે, બીચ પવનકા ખંભા;
આવત જાવત કોઇ નહિ દેખે, એહી બડા અચંબા. ”
પાચ પચીસા પાત્ર નાચે, મનવા તાલ બજાવે;
સુરત નુરતકા મૃદંગ બાજે, રાગ છત્તીસા ગાવે. ”
અપર પાર બરાહે યારો, સદ્‌ગુરૂ ભેદ બતાયા;
કહત **કબીરા** સુનો ભાઇ સાધુ, જીને પાયા ઉને છુપાયા. ”

૯૦ રાગ રામકલી—એકતાલ.

હરિકા ભજન કરૂંગા એ, જમસેં ખુબ લડુંગા એ. ટેક૦
અહંતા મારૂ, મમતા મારૂ, ખાન જાનમેં કહાઉં;
મન મેરા અબ ચોકસ રખું ચિત્ત ચેતનમેં મિલાઉં હરિકા૦
રામ નામકા ઘોડા મેરા, મેદાન બીચ દવડાઉં;
ભજન પ્રતાપકી હાથમાં બર્છી, સન્મુખ લે કર જાઉં ”
ઔર લોક તો સબકે ચાકર, મૈં હજુરકા કાજી;
કામ ક્રોધકી ગરદન મારૂ, સાહેબ રાખું રાજી. ”
મૈં સાહેબકા સચ્ચા ચાકર, મેરા નામ કબીરા;
સબ સંતનકું શીશ નમાઉં, જો હરિ પારખે હીરા. ”

૯૧. રાગ રામકલી—એકતાલ.

જમકા અજબ તડાકા એ, તું કયા જાને લડકા એ. ટેક૦
બડે મીજાસી કઠડે બૈઠે, તકીઆ બિછાઇત સાજા;
માર ઝપટ કર જમ લે જાવે, જયો કબુતર બાજા. જમકા૦
નવ બી મરગયે દશ બી મરગયે, મરગયે સહસ્ત્ર અઠ્ઠાસી;
તેત્રીસ કોટી દેવ બી મરગયે, પડે કાલકી ફાંસી ”
પીર મરે પયગંબર મરગયે, મરગયે જીંદા જોગી;
જપી તપી સન્યાસી મરગયે, મરગયે હકીમ રોગી. ”
તીન લોક પર છત્ર બિરાજે, લૂંટે કુંજબિહારી;
કહત કબીરા પાખર લૂંટા, રૈયત કૌન બિચારી. ”

૯૨. રાગ રામકલી—એકતાલ.

ગુરૂદત્ત નિરંજન બનમેં, ક્યા ઝુલ રહે નિર્ગુનમેં ટેક૦
જટા મુગુટ શિર લટા બિરાજે, ધ્યાન દિગંબર મુંદ્રા; (૨)
બાલ ચંદ્ર ઝળકે મુખ મંડળ, કુંડળ જ્યોત કરનમેં ગુરૂદત્ત૦
ભભુત બદન બિચ હાથ કડાસન, વ્યાઘ્રામ્બર મૃગછાલા; (૨)
કંઠમાળ ત્રિશુળ કમંડલુ, સુમરન ફેરા સનમેં. ”
ચાર ભેદ કુત્તન રૂપ ઠાડે, જોડે કર નિરાગ્નિમેં;
માયા નંદી કામધેનુ ચૈવીસ નામ દરશાએ ”
રંગ રૂપ નહિ કછુ બ્રહ્મકું, સબ બનાવટ ગબારી;
દાદુદાસ શ્રી ગુરૂદત્તકે, ચરન સ્મરે મહા સુનમેં. ”

૯૩. રાગ રામકલી—એકતાલ.

ગુરૂકી અજબ કલા ભાઇ, મુમુક્ષુ સમજો મનમાંહિ. ટેક૦
ચાર વેદ ષટ્ શાસ્ત્ર અઢારા, પુરાન કંઠ કર ગાવે;
ગુરૂ કલા કો ગુરૂકૃપા બીન, અનુભવ લેશ ન આવે. ગુરૂકી૦
આપ મતિસેં પ્રયત્ન અપનો, જ્યું જ્યું બહોત ચલાવે;
[illegible]
મંત્ર યંત્ર અરૂ તંત્ર બહુ તંત્ર, જૂઠા હઠ કહાવે;
ભેદ મંત્ર ગુરૂ મુખસેં સુનાકે, સત્ય અર્થ સમજાવે. ”
ગુરૂ શરણ રહી શ્રવણ મનન કરી, નિદિધ્યાસકું ધાવે;

બિના પ્રયાસે સો નર સહેજે, સતચિદ્ સુખ હો જાવે. ગુરૂકી૦
કહે ડોસો ગુરૂ વિશ્વનાથસેં, જીવન મુક્તિ પાવે. ”

૯૪. રાગ રામકલી-ત્રિતાલ.

નાવમેં નદીઆં ડુબી જાય, ભલારે તુમ દેખોરે લોકો, નાવમેં૦
કીડી ચાલી સાંવરે, નવ મન કાજલ સાર;
હાથી ઘોડા લીયા બગલમેં, ઉંટ લીયે લટકાય. ભલારે૦
એ કીડીકે મૂતનેસેં, નદી નાવ બહે જાય;
બંમન આવે ધોતી ધોવે, માધુ જાપ કર જાય ”
ધડા ન ડૂબે ઘડુલી ન ડૂબે, હાથી મલમલ નાહ્ય;
કીચડ પાની જલ ગયા સબ, મછીઆ રહે ગઇ આપ. ”
કહત કબીરા સુનો ભાઇ સાધુ. એ પદ હે નિર્વાણ;
એ પદકા જો અર્થ બતાવે, સોઇ સંત સમાન. ”

૯૫ રાગ પીલુ અગર ધનાશ્રી-તીન તાલ.

રઘુવીર તુમકો મેરી લાજ.

સદા સદા મૈં સરન તિહારી, તુમ બડે ગરીબ નિવાજ. રઘુવર૦
પતિત ઉધારન બિરૂદ તિહારો, શ્રવનન સુની અવાજ. ”

હૌં તો પતિત પુરાતન કહિયે, પાર ઉતારો જહાજ. ”
અઘ-ખંડન દુઃખ-ભંજન જનકે, યહી તિહારો કાજ. ”
તુલસીદાસ પર કિરપા કરયે, ભક્તિ-દાન દેહુ આજ. ”

96. Prayer.

My honour, O ! God, is in Thy keeping;
Thou art ever My Refuse,
For Thou art Protector of the weak,
It is Thy promise to listen to the wail of sinners;
I am a sinner of old, help me
Thou to cross this ocean of darkness.
It is Thine to remove the sin
And the misery of mankind.
Be gracious to Tulsidas
And make him Thy devotee.

૯૭. રાગ ધનાશ્રી-ત્રિતાલ:

રામ રામ ભજલે, પલ પલ રામ રામ ભજલે. ટેક
પલની પલકમાં અલ્પ આયુષ્ય છે, મનની કલ્પના તજકે. પલ

વેદ વિચારે ને તું શું હારે, મૂરખ સમજ સમજરે. પલ૦
ભજને નિરંતર અંતરમાંથી, એ મહા મંત્ર જપલે. ”
રામદાસના સ્વામીને ભજતાં, લોક લાજ સબ તજરે. ”

૯૮. રાગ ધનાશ્રી-ત્રિતાલ.

સબ મતલબકે યાર, જગતમેં. સબ મતલબકે યાર.- ટેક૦
માત, પિતા, ભ્રાતા, ભગિની, સુત ઔર નીજ નાર. જગતમેં૦
સ્વજન કુટુંબી મિત્ર પ્રાણ પ્રિય, દાસ દાસી પરિવાર. ”
રાજા પ્રજા ગરીબ તવંગર, ચોર અરૂ શાહુકાર. ”
જોગી ભોગી અરૂ વૈરાગી, પંડિત ઔર ગુમાર. ”
પતિવ્રતા અરૂ કૂલટા નારી, વર્ણાશ્રમ શુભ આચાર. ”
પશુ પંખી જલજંતુ કીટ મૃગ, જીવયોનિ અપાર. ”
સ્વારથ બિન કોઇ પાસ ન આવે, કરે ન કછુ ઉપકાર. ”
નિઃસ્વારથ કોઇ હરિ કે પ્યારે, જિનકે હૃદય ઉદાર. ”
જિનકો પરઉપકાર સદા પ્રિય,તિન પર મૈં બલિહાર. ”

૯૯. રાગ ધનાશ્રી—ત્રિતાલ.

ગોવિંદ કૃષ્ણ હરિ, બોલોને ભૈયા, ગોવિંદ કૃષ્ણ હરિ. ટેક૦
માલ, દામ, કછુ નહિ બેઠત, છુટત ના ગઠરી. બોલોને૦
એ કાયા કાગદકી પુતરી, સો છીનમે જાત જરી. ”
જા મુખ સુર પ્રભુ, નાહીં ઉચ્ચારત, તા મુખ ધૂર પરી. ”

૨૦૮ રાગ ધનાશ્રી—ત્રિતાલ.

અબ તુમ કબ સુમરોગે રામ, જીવડા, દો દિનકા મિજમાન અ૦
ગરભાપનેમેં હાથ જુડાયા, નિકલ હુવા બેઇમાન. અબ૦
બાલપનેમેં ખેલ ગુમાયા, તારૂનપનમે કામ. અબ૦
બુઢાપનમેં કાપન લાગા, નિકલ ગયા અવસાન. અબ૦
જૂઠી કાયા જૂઠી માયા, આખર મોત નિદાન અબ૦
કહત કબીરા સુનો ભાઇ સાધુ. યહી થોડા મેદાન અબ૦

૦૧. રાગ ધનાશ્રી-ત્રિતાલ.

રામ કૃષ્ણ હરિ, જય જય, રામ કૃષ્ણ હરિ. ટેક૦
રામ કૃષ્ણના, નામ સ્મરણથી, જન્મ મરણ નહિ ફરી જય જય૦
અધમોદ્ધારણ, પતિત પાવન, સેવક જન સુખકારી ”
અજામિલ ગજ, ગણિકા તાર્યાં, નામે શબરી તારી. ”
ગોવરધન ધર, ગૌ પાલન કર, રાધા કુન્જ વિહારી. ”

“ रटण ”

૦૨. રાગ ધનાશ્રી-ત્રિતાલ.

‘ તૂંહિ તૂંહિ ’ રટ દિલદાર, હે મન, ‘ તૂંહિ તૂંહિ ’ રટ દિલદાર. ટેક૦
જબ લગ પંડમેં પ્રાણ વસત હે, તબ લગ ભજને તાર. હે મન૦

લિંગ બિક્ષેખકો ગુરૂને ઉવેખ્યો, દીઓ અલિંગ વિચાર ”
ફિરત ફિરત તોડે પાયા પિયાકો, કહાં કુંવર ૐકાર. ”
તન વૃન્દાવન, મન બ્રજવાસી, નાચત થેઇ થેઇ કાર. ”
આતમ સાગર મહાજલ મથ કે, દેખત દિલમેં દીદાર. ”

૦૩. રાગ ધનાશ્રી-ત્રિતાલ

માયા મર્મ કો કળે, પ્રભુ વિણ, માયા મર્મ કો કળે.
અઘટીત ઘટના અટપટી રચના, પલટાયે પળે પળે પ્રભુ૦
બ્રહ્મ જ્ઞાનમાં મગ્ન થઇને, રમણુ ધ્યાનમાં કરે;
એવા મહા મુનિવર ભૂલ્યા, ભાન માયાના બળે. ”
ક્યાં સુત શૃંગી, ક્યાં માત હરણી, નામ નિશાન ન મળે;
નિજ માયાને નિમિત્ત કરીને, હરિ ચાહે તે કરે. ”

૧૦૪. રાગ ધનાશ્રી-ત્રિતાલ.

ક્યું ગફલતમેં પડા, દીવાના, ક્યું ગફલતમેં પડા. ટેક૦
હરિસેં કોઇ નહિ બડા, પ્રભુસે. કોઇ નહિ બડા. દીવાના૦
પ્રહ્લાદ બેટા હરિસેં લપટા, જબી થંભ કડકડા. (૨) ”
પુંડરિકને સેવા કીની, વીઠ્ઠલ ઇંટ પર ખડા. (૨) ”

હનુમાનને ેવા કીની, લે ોણાગિરિ ઉડા. (૨) ”
ગોપીચંદા બચન સુનકર, મહાલ મુલક સબ છોડા. (૨) ”
કહત કબીરા સુનો ભાઇ સાધુ, હરિ ચરણ ચિત્ત જડા (૨) ”

૧૦૫. રાગ પીલુ—એકતાલ.

ઝટપટરે, તજ ખટપટ, તુ મન મારા;
ચટપટરે, ભજ ભગવત, નામજ પ્યારા. ટેક૦

ધન ધામ ધરા સુત નારી, પિતુ બાંધવને સહચારી;
કોઇ સાથ ન રહેશે તારી, લટપટરે, શા સારૂ કરે મન મારા. ચટ૦

સાખીઃ—મનસુબા મોટા કરે, પણ શીર ઘુમે કાળ;
ઓચિંતો ઝડપી જશે, તેનો કર જરી ખ્યાલ.
રટ પટરે, જગદીશ સદા મન મારા. ”
છે જુઠી જગની બાજી, તે દેખી નવ થા રાજી;
નહિ નિત્ય સમજરે પાજી, નટખટરે, બન જ્ઞાનગૃહી મન મારા. ”

સાખીઃ—શમ દમ સંયમ નીયમમાં, રોજ રહે તલ્લીન;
તો તેથી થાશે નક્કી, મુક્તિ વધુ આધીન,
ગટપટરે, કર તે સાથે મન મારા. ”

૧૦૬ રાગ. પીલુ-ત્રિતાલ અથવા દીપચંદી

હમ બીગરે તો બીગરે ભાઇ,
તુમ બીગરે નો રામ દુહાઇ... ...ટેક૦
ગંગાકે સંગ સરિતા બીગરી;
વો સરિતા ગંગા હો નીબરી... ...હમ૦
ચંદન કે સંગ તરૂવર બીગરા,
વો તરૂવર ચંદન હો નીબરા... ... ”
પારીસ કે સંગ લોહા બીગરા,
વો લોહા કંચન હો નીબરા... ... ”
સંતનકે સંગ કબીરા બીગરા,
વો કબીરા સંતન હો નીબરા... ... ”

૧૦૭ રાગ. પીલુ—તાલ દીપચંદી

હરી બોલો હરી બોલો હરી બોલો ભાઇ,
હરી ના બોલે વાકુ રામ દુહાઇ... ...ટેક૦
હરી હરી ભજકે કયા ફલ પાયા,
હરી હરી ભજતે નિરગુણ આયા... ...હરી બોલો૦
કાયકૂં સીનતે પઢ પઢ ગીતા,
હરી હરી ભજતે સબ કછુ હોતા... ... ”
કહત કબીરા હરી ગુણ ગાવે,
ગાવત નાચત વૈકુંઠ જાવે... ... ”

૧૭૮ રાગ પીલુ—દીપચંદી.

ગુરુ કૃપાંજન પાયો મેરે ભાઈ,
રામ બીના કછુ સારહી નાહિ... ...ટેક૦
જાગત રામ સોવત રામ,
સપનેમેં દેખે રામહી રામ... ...ગુરુ૦
અંદર રામ બાહિર રામ,
જહા દેખું તહાં પૂરન કામ... ...ગુરુ૦
એક જનાર્દની નામહિ જીકો,
જહા દેખું તહાં રામ સરીખો... ...ગુરુ૦

૧૭૯ રાગ પીલુ—તાલ દીપચંદી.

જય જય જય જય, ત્રિભોવન ત્રાતા,
સુર મુનિવર જેના ગુણ ગાતા... ...જય જય૦
યદુપતિ જગજીવન સુંદર,
ભકત જનોને દયો સુખ દાતા... ... ”
નટવર સુખકર નામ તમારૂં,
સેવક જન પંકજ સુખ ચા'તા... ... ”
પરમાનંદ પૂરણ પુરૂષોત્તમ,
ભવભય ભંજન નરહરિ ત્રાતા.... ... ”
શ્રીવર ભૂધર જગધર નટવર,
પાયે પડું કયો શાન્તિ દાતા.... ... ”

૧૧૦ ગરબો. રાગ પીલુ-પંજાબી ઠેકો.

"મહેતાજી રે, શુ મહિ મલ બતાવું" એ રાગ

મરવું છે રે, એ નવ ભૂલી જાવું, શરણ શ્રી વરનું રહાવું ટેક૦
આ શરીર બાળી દેશે રે, અગેનું સઉ અહીંજ રહેશે રે;
નહિ અન્ય કોઈ શુદ્ધ લેશે રે, તે ટાણે રે, પડે નહિ મુઝાવું શરણુ૦
ન પ્રમાણ વડા નાનાનું રે, નથી નકકી રોગી સાજાનું રે;
આવતુ અચાનક છાનું રે, તે માટે રે, જલ્દી સજ થઇ જાવું, "
જન નિત્ય જાય છે ચાલ્યાં રે, બહુ ગયા આપણાં વહાલા રે:
જેમણે વૃથા વય ગાળ્યાં રે, તે સહુને રે, પડ્યુ હશે પસ્તાવું "
સહુ સ્મશાન જ્ઞાની થાતાં રે, પણ ક્ષણમાં ભૂલી જાતા રે,
એ મુરખમાં લેખાતાં રે, નવ એવાં રે, કદી આપણે થાવું; "
મરવાથી જે જન ડરતા રે, તે એ ભય વધતો કરતા રે;
શીદ ઉપાય નથી આચરતા રે, ભકિતથી રે, નહિ પડે ગભરાવું."
મરવા માટે સજ રહેવું રે, જગ ક્ષણિક સમજી લેવું રે;
પ્રભુભજનભણીમન દેવું રે આતું સાચુ રે, જગમા એજ કમાવું"

"सनमनुं नाम"

૧૧૧. રાગ પીલુ-તાલ ખેમટો અથવા ગરબી.

(આવજો આવજો આવજોરે-એ લય)

નામ છે નામ છે નામ છે રે, મારી સનમનું ૐ ૐ નામછે-ટેક૦
જેના સ્મરણમાં હું મુજને ભુલું છું, મ્હારૂં એ યાત્રાનું ધામછેરે. મારી૦

તૂંહીં તૂંહીં રટતાં તલ્લીન થાઉં પ્રેમમાં, બીજા પ્રભુનું શું કામછેરે; "
ૐ ૐ રટતાં તલ્લીન થાઉં પ્રેમમાં, બીજા પ્રભુનું શું કામછેરે. "
પ્રીતિ એજ ભક્તિ અને પ્રીતિએજ જ્યોતિ, પ્રીતિમાં મુક્તિનો મુકામછેરે "
મીઠ્ઠી મઝઓને મીઠ્ઠું દર્દ બસ, એમાં પ્રેમીને તમામ છેરે. "
સાગર સુખી સુર ગુરૂ પ્રસાદે, ભજનની ધૂનમાં આરામ છે રે. "
પરમાનંદ પામ્યા ગુરૂ પ્રતાપે, ૐ ની ધૂનમા આરામ છે રે. "

૧૧૨ રાગ પીલુ-ખ્યાલ-દીપચંદ.

ભાગ બડે જા ઘર સંત પધારે
    કર સુમરણ ભવ સાગર તારે. ટેક૦
આયે સંતકા આદર કીજે,
    ચરણ પખારી ચરણામૃત લીજે. ભાગ૦
યેહી સંત હે પર ઉપકારી,
    શરણ આયેકો લેત ઉબારી. "
જીનકે મુખકી સુનીયો બાની,
    સુનતે મેટેહી ચાર ખાની. "
ભવસાગરતેં ડુબત કાઢે,
    સાહેબસેં અતિ પ્રીતિ બાઢે. "
સાહેબકા ઘર સંતનમાંહી,

સાહેબ પંત કછુ અંતર નાંહિ. ૨ ”

કહે કબીર સંત બસેહી પધારે,

જન્મ જન્મ કે કારજ સારે. ”

૧૧૭ ધોળ—સુર—સારંગ-એકતાલ.

સંત પધાર્યાં સજનીરે, તું થાને વે'લી
અમૃતના ઘન વરષ્યા રે, આનંદની એ'લી. ૧

સંત ચરણની રજમારે, સજની જઇ લોટો;
અડસટ તીરથ આવ્યાં રે, અવસર છે મોટો. ૨

કોઇ કામ નહિ આવે રે, કાચી છે કાયા.
ધંધો કરતાં ઢલશો રે, મૂકી દોને માયા. ૩

શબ્દ ગુરૂના સાચા રે જઇ ઉરમાં લાગ્યા;
મોહ નિદ્રાથી પ્રાણી રે, ઝબકીને જાગ્યા. ૪

જાગ્યો જગત ન દીસેરે, તેના સંશય ભાગ્યા;
તનના પડદા તૂટયા રે, અનુભવ થઇ લાગ્યા. ૫

અગમ અગોચર જાગરે, કોઇ એકજ જાણે;
સાહેબ કબીરાના પદનેરે, કોઇ વિરલા જાણે. ૬

૧૧૪ ધોળ-સુર-સારંગ-એકતાલ

આટલો સંદેશો મારા ગુરૂજીને કે'જો,
સેવકના હૃદયામાં રહેજોરે—મારા૦ ટેક૦
કાયાનું દેવળ અમને લાગે છે કાચું,
તેની ભલામણ અમને દેજો રે—મારા૦
કાયા પડશે ને હંસા ક્યાં જઇ સમાસે,
તે ઘર બતલાવી અમને દેજો રે—મારા૦
અમને ને તમને તમને ને અમને,
જન્મો જન્મ પ્રીતિ રહેજો રે—મારા૦
બ્રહ્મ સ્વરૂપ મારી નજરે ન આવે,
દર્શન દીદાર અમને દેજો રે—મારા૦
બે કર જોડી દાસ અંબારામ બોલ્યા,
મુક્તિનો મારગ અમને કે'જો રે—મારા૦

૧૧૫ રાગ પહાડી-તાલ કેરબો.

પ્રભુ સુનલે બીનતી હમારી રે. —ટેક૦
ભવસાગરમેં ડૂબ રહા હું, લીજીયે બેગ ઉબારી રે. —પ્રભુ૦
કામ ક્રોધ મદ દુશ્મન ભારે, નિશદિન કરત ખુવારી રે.— "

સ્વાર્થકે સબ બંધુ જગતમેં, કેવલ તુમ હિતકારીરે — ”
બ્રહ્માનંદ આશા તજે સબકી, આયો શરણ તુમારીરે.— ”

૧૧૬ રાગ પહડી-તાલ કેરબા.

મત સોના મુસાફિર નીંદ ભરી (૨) ટેક૦
તુમ પરદેશી ભૂલે પડે હો, યહ સબ ચોરનકી નગરી. મત૦
પલ પલ છિન છિન તાક લગાવેં, ચંપત માલ ચુકાનજરી. ”
લોક લુટાઇ ગયે બહુતેરે, વિરલા જાય બચા ગઠરી ”
બ્રહ્માનંદ કરો અબ ત્યારી, રૈન બિતાય ગઇ સગરી. ”

૧૧૭ રાગ હોરી-તાલ દીપચંદી.

અરે, ને [illegible] નગા [illegible] ને દિનનાગ [illegible]ાન. ટેક૦
સફલ કરો આ સહજ [illegible] સુખ [illegible] નાના આમે૦
આવ્યા જેમ જશું તે રીતે, સર્વે એગ સમાન;
પાછા કોઇ દીન નહી મળીએ, કયાં કરશો સન્માન. ”

સાચવજો સંબંધ પરસ્પર, ધર્મે રાખી ધ્યાન;
સંપી સદ્‌ગુણ લેજો દેજો, દૂર કરી અભિમાન. ”
લેશ નથી અમને અંતરમાં, માન અને અપમાન;
હોય કશી કડવાસ અમારી. તો પ્રિય કરજો પાન, ”
કેશવ હરિએ કરૂણા કીધી, ન ભમો ભુલી ભાન;
તત્વે તાન રહે છે તેને, થાય ન જરીએ જાન. ”

૧૧૮ રાગ. **હોરી-કાફી-તાલ-દીપચંદી.**

હરિ બીન તેરો કોન સહાઇ. ટેક૦
ધન ધરતી ઔર સંપત સગરી, લપટ કયાં ઇનમાંહિ.હરિ૦
તન છૂટે કછુ સંગ ન જાવે, તામેં કયોં લપટાઇ. ”
દીન દયાધન સબ દુઃખભંજન, કયોં રૂચી ને બઢાઇ. ”
ના કે કહત અસાર જગતમેં, મત ઉરઝઓ અતિ ભાઇ ”

૧૧૯ રાગ જંગલો ઝીંઝોટો–તાલ દાદરો.

(મહીદીપ છંદની ચાલ.)

દોડમાં ગમાર દૂર, ઇશ્વર છે આંહીં, પૂર્ણને પ્રકાશમાન સર્વમાંહિં. ટેક૦
દૂર દૂર જાય નેમ, દૂર વિશ્વબંધુ, સ્વપ્નમાં ન મળે એમ કદી કૃપા સિંધુ દોડ૦
અંતર છે એક ધામ, શ્રી નિવાસ કેરૂં, બહિર્દષ્ટિ રૂપ પડગો, મધ્યમાંહિ મેરૂ. "
જનનીને જેમ અંધ, બાલક ન જાને, એમ જગતનાથ રહી જાયછે અજાને. "
દેશ કાલ વસ્તુનો ન ભેદ બાધ તેને, જાગ્રત કે સ્વપ્ન કે, સુષુપ્તિ હોય કેને. "
નામ રૂપ સર્વએ વિના ન લેશ ભાગે, જ્ઞાનરૂપ થઇ રહ્યો સદૈવ સર્વ પાસે. "
જગત સર્વ છે વિવર્ત શુદ્ધરૂપ પોતે, એ અનાદિ દેવને બહાર કેમ ગોતે "
સાધનશુભ ધર્મકર્મ, શુદ્ધભક્તિ નાવે, શમ, દમ, નિયમાદિ યોગ સહજ થઇ આવે. "
અંતર્મુખ ઇન્દ્રિયો કરી, વિચારવડાલા, કેશવહરિ આમતેમ, મળે કેમ કાલા. ?"

૧૨૦ રાગ રામકલી–કેરબો.

પ્રભુ શું લાજ લેવી ધારી, (૨) થાએ અમતણી ખુવારી. ટેક૦

જનમ્યા મનુષ્ય દેહ ધારી, આપની કૃપા અતી ભારી;
વૃત્તિ છતાં રહે વિકારી. પ્રભુ૦

પૂણ્ય કર્મ ન પૂર્વે કરેલું, પ્રતિકુળતાથી જીવન ભરેલું;
રહે અંતર ન તેથી ઠરેલું "

આ જન્મમા પૂણ્ય ન કરીએ, તૃણવત્ અમે જ્યાં ત્યાં ફરીએ,
પણ શાતિ ન મળતી જરીએ. ”

ચિંતાતુર મન સદા રહે છે, તેથી શરીર અશક્તિ ગ્રહે છે;
છતાં વૈરાગ્ય મન ન ચહેરે. ”

સત્વગુણ ન ઉરમાં પ્રકટે, પરિશ્રમ કરીએ પણ અટકે;
આનંદ ન રહે તેથી ખટકે. ”

આપ ઉપર પ્રેમ ન થાતો. વિષયો વિષે રહે ઉભરાતો;
રસ્તો કંઈ ન મને ભળાતો. ”

નથી સુખ મળ્યું સંસારે, મન જેથી ન સ્નેહ વિસારે,
પ્રતિબંધ કરતું કોણ ત્યારે. ”

વિનવીએ પ્રભુ શું આથી, અજ્ઞાન ન કશું આપનાથી;
કૃપા કરી ગ્રહો કરૂણાથી. ”

૧૨૧ રાગ માંડ-તાલ કેરબો.

મન તું ગોવિંદ ગોવિંદ બોલરે, તુજે ક્યા લગેગા મોલ. ટેક૦

દશ પાંચ કોસ નહિ ચલતા, તેરે હાથ પાઉં નહિ હીલતા;
તેરે ગાંઠકા દામ નહિ ખુલતા, તેરી અખીઆ ખોલરે. મનતું૦

કડી ખોલ જગતમેં આયા, માયા કે સંગ લપટાયા;
યે માયા હૈ જગ ઠગની, યે ઠગનીકા સંગ છોડરે. મન તું૦

મન તું બહુ રંગી હે ઘોડા, તેરેકું પાંચ બછેરા;
કાયામેં ક્યા હે તેરા, ક્યું કરતા મેરા મેરા.
તું અબ નિકાલ મરોડરે. મન તું૦

મન તું ગોવિંદ ગોવિંદ ગાવે, તો ફેર જન્મ નહિ પાવે;
કહતા હે દાસ કબીરા, તું ભવ સાગરકું છોડરે. મન તું૦

૧૨૨ રાગ માંડ–એકતાલ.

રામ રસ પ્યાલા હે ભરપુર, પીયોને ધટક. ધટક. ધટક. ટેક૦
લાગી ગુરૂ બચનસેં ચોટ, કલેજે ખટક. ખટક ખટક. રામ૦
સાહેબ તુંમેં તું માહેબ મેં, જ્યો બીજમેં બટક બટક બટક.
ઉલટા સુલટી સાન ગુરૂકી, મીટગઇ મનકી ભટક. ભટક. ભટક. ”
આપન ખોત્રે દીલકું ધોવે, ચદે ગમરંગ ચટક. ચટક. ચટક.
પકડ સુતરકી દોર ગગનમેં, ચઢજા સટક. સટક. સટક. ”
આતમ મગે ચોર પીછાનો, મારોને પટક પટક. પટક.
ઉગ્યા અનુભવ સુર સો ઘટમેં, હુવા ઉજાલા ફટક. ફટક. ફટક. ”
સાદે સીધે સાહેબ હોવે, એ માયાકી અટક. અટક. અટક.
તીરથ વ્રત કરતેહી મરગયે, મરગયે લટક. લટક. લટક. ”
અગમ પંથકા ખેલ અટપટા, ખેલે સાધુ કો નટક નટક. નટક.
સાન ગોદડી ગુલાબ પુરીકી, બીછાવો ઝટક. ઝટક. ઝટક. ”

ૐ રટને.

૧૨૩ રાગ માંઢ-એકતાલ.

"મારી સજની તું રજની ક્યાં" એ લય.

ૐ રટને, તારો અવસર જાય અભાગી;
રટ તું, ૐ ૐ ૐ. ૐ રટને૦

વળી ત્યજીને, આ સ્થુળ દેહના લ્હાવા,
રટ તું,: ૐ ૐ ૐ, ૐ રટને૦

હમણાં ફૂલ્યો ફાલ્યો ફરે છે, સંસારિક સુખ માટે; (૨)
એક દિન એવો આવશે વીરા, (૨) પડશે જવું વસમી વાટે;
રટ તું, ૐ ૐ ૐ. ૐ રટને૦

નાશવંતમાં સુખ હોય ક્યાંથી, સુખ અખંડે મળતું;
માટે જગ જંજાળ ત્યજીને, (૨) ૐ સ્નેહે ઉચ્ચર તું;
રટ તું ૐ ૐ ૐ. ૐ રટને૦

ૐ રટીને આ જગમાંહે, સાત્વિક કાર્યો કરજે;
અહંભાવ ત્યજીને ભાઇ, (૨) કર્મનિષ્ટ થઇ ફરજે;
રટ તું, ૐ ૐ ૐ. ૐ રટને૦

" શ્રી સદ્‌ગુરુ-દેવના ચરણ કમળમાં પ્રાર્થના. "

૧૨૪. રાગ. માંડ-એકતાલ.

(દાસપરે દયા લાવો રે) એ રાગ.

ચરણ કમળે ચિત્ત જોડો રે, સદ્‌ગુરૂ દેવા, ચરણ કમળે ચિત્ત જોડો૦
નિરંકુશ વૃત્તિ ધારી, હર્યો ફર્યો પૃથ્વી સારી; (૨)
મળી નહિ શાન્તિ, ભ્રાન્તિ તોડો રે. સદ્‌ગુરૂ દેવા૦

જુવાની દીવાની આવી, અનેક ઉપાધી લાવી; (૨)
ભમાવી દમાવી કાઢયો ખોડો રે. "

કીધાં બહુ પાપ પ્રીતે, રાખ્યું નહિ માપ ચિત્તે; (૨)
વિત્તથી વિંખાયો ના કંઇ થોડો રે. "

તનડું તપાવી નાખ્યુ, મનડું ભમાવી નાખ્યું; (૨)
અંતરના પડદા આપ મરોડો રે. "

વિષયોપભોગ ભોગી, બન્યો રૂંવે રૂંવે રોગી; (૨)
યોગીજન તાપ તનના તોડો રે. "

દૃષ્ટિથી દીઠા જ્યારે, વૃષ્ટિ થઇ અમૃત ત્યારે; (૨)
વૃત્તિનો સોંપ્યો નાથ અછોડો રે. "

મનને વચન કર્મ, સોંપ્યા તવ હાથ ધર્મ; (૨)
મર્મો સમજાવી જાળ વછોડો રે. "

જીવ-શિવ રૂપે થાયે, ભેદ-અભેદ જણાયે; (૨)
સોઽહમ્-સોઽહમ્‌ની ધૂન છોડો રે. "

૧૨૫. રાગ માંડ—એકતાલ.

(દાસ પરે દયા લાવોરે)

જય જય જય જગરાયારે, વંદન વંદન, જય જય જય જગરાયા.
અજ્ઞાન દ્રષ્ટિનીમાંહે, ભ્રમ-વશતાથી દેખાએ;
પ્રતિજન આ આપની માયા, માયારે. વંદન વંદન૦
અલ્પ જ્ઞાન દ્રષ્ટિમાંહિ, રહે છે મગ્ન જણાઇ;
પ્રતિજન આ આપની છાયા, છાયારે. ”
જ્ઞાન દ્રષ્ટિનીમાહિ, સૌને ભાસે છે આંહિ;
પ્રતિજન આ આપની કાયા, કાયારે. ”
ધ્યાન દ્રષ્ટિનીમાંહિ, જે અનુભવ દ્રષ્ટિ ગણાઇ;
આપજ પ્રતિજન રૂપ જાય, જાયારે. ”
એ અનુભવ દ્રષ્ટિ થાવા, આપમાં આપ સમાવા;
આજે આપનેજ ચ્હાયા, ચ્હાયારે ”

૧૨૬. રાગ માંડ—એકતાલ.

કાયા માયા કોઇકી ના ભઇ સબ કહેતે અપની અપની. ટેક૦
કાયા કોઇકી ના ભઇ, માયા કોઇકી ના ભઇ. સબ૦
સતયુગમેં ભયો હરિશ્ચંદ્ર રાજા, સતકી કાસ ધરી;
સતકે કારણ દેહ બીકાયો, પણ સતસેં ના ડગી. ”

ત્રેતામેં ભગો રાવણ રાજા, ચૌકડી રાજ્ય કરી;
સુરેળાચળપે દેહ પડી તબ, આખર ધૂળ મળી. ”

દ્વાપરમેં દુર્યોધન રાજા, અખંડ રાજ્ય કરી;
એક દીન ભારતકે રણ ઉપર, આખર દેહ પડી. ”

કલીયુગમેં પ્રભુ ભકતન ખાતર અખંડ મૌન ધરી;
સચ્ચિદાનંદ પ્રભુ રહત કાશીમાં, ભવજલ પાર કરી. ”

૧૨૭. રાગ આઠ—તાલ રૂપક.

શામ સેવીએરે, ગોવિંદ ગાઇએરે, કોરી કથનીથી શું થાય. ટેક૦
વિષ તણું વખાણ કરે, કોઇ કહે ન મરાય;
તેલ છોટું, ઘૃત મોટુ કહેથી, પિંડ પુષ્ટિ ન પમાયરે. શામ૦
ત્હાં લગી લાભ શો મ્હોટી, મીઠી વસ્તુ મુખે ગાય;
ગુણ ને સ્વાદતો ત્યારે પામે, જ્યારે ખણુંસ ખાયરે. ”
સહુકોને શિખામણ દે ને, આપ ચાલે અન્યાય;
શિષ્યને સ્ત્રીનો દોષ બતાવે, પોતે લાગે પાયરે ”
લખી અંગારા દારૂમાં ચાંપે, તે ક્યમ લાગે લાય;
કેહેણી તેવી હયા રેહેણી મળે નહિ, કયમ રીઝે મંજરાયરે. ”

૧૨૮ રાગ આઢની ગ઼ઝલ–તાલ રૂપક.

તું ધીમે ગાડી હાંકરે, સુન લડકે ગાડીવાન. ટેક૦
ગાડી તેરી રંગ બેરંગી, બેલ દીસે ગુલજાર;
હાંકનેવાલા છેલ છબીલા, બૈઠનેવાલા લાલ. તું ધીમે૦
સુનેકી તેરી કોટડી, રૂપે જડે કંવાડ;
દસ દરવાજે બંધ કરે જબ, નીકલ ગયા અસ્વાર. ”
મારગ બીચમે ગાડી અટકી, મજલ પડી અબ દૂર;
સદ્‌ગુરૂકા હુકમ હુવા જબ, કયા જાના કયા દૂર. ”
કહત કબીરા સુનો ભાઇ સાધુ, યે પદ હે નિરવાણ;
યે પદકા જો અર્થ લગાવે, સોઇ ગુરૂ ઘર જ્ઞાન. ”

૧૨૯ રાગ ઝીંઝોટી અથવા આસા–તાલ દાદરો.

પંકજ–દલગતજલમિવ, ચંચલમિહ જીવનમ્ ।
સ્થાસ્યતિ ન હિ, યાસ્યતિ કિલ, કુરૂ હરિપદચિન્તનમ્ ॥
કુસુમોપમમહિ સીદતિ, તવ સુન્દરયૌવનમ્ ।
ગર્વં જહિ ખર્વં કુરૂ, સર્વં ભવબન્ધનમ્ ॥
સ્વપ્નોપમ ધન જન ગૃહ, દારાદિક બાન્ધવમ્ ।
સંગં ત્યજ ભજરે ભજ, હરિં પ્રાણવલ્લભમ્ ॥
પરિહર રે પાપં જન ભોગં રોગાસ્પદમ્ ।
યોગં કુરૂ ભોગે ન હિ, આપ્સ્યસિ ચિરસંપદમ્ ॥

૧૩૦ રાગ ઝીંઝોટી-તાલ-બેમરો.

"વારો જશોદા માવડી" એ લય.

બેશીએ હરિગુણ ગાવા, એવાં થઇ, બેશીએ હરિગુણ ગાવા. ટેક૦
ગુણ ગાવા તે નાથને ન્હાવા, ત્હેના જેવાં ગુણી થાવા એવાં થઇ૦
કૃતિ કહી તે રાખી સ્મૃતિમાં, સાર હૃદયમાં ભગાવા. "
રૂપ વર્ણીએ તે સંભારી, લાગ મળે ત્યારે ધ્યાવા. "
ભૂલ કહીએ તેવા નવ રહીએ, પૂરે પૂરા પસ્તાવા. "
ભકિત માગીએ તે કરવા લાગીએ, જાગીએ છુટી જાવા. "
કરગરીએ હરિનો ભય ધરીને, પાપને પડખે ન જાવા. "
કહીએ તે બબડી નવ જઇએ, સાચા મને સંભળાવા. "
ઉપકારો સ્મરીએ તે ઘડીએ, ઉર પ્રેમે ઉભરાવા. "
રૂબરૂમાં તો અનુ રહી રૂબરૂ, એમાંજ લગની લગાવા. "

इष्ट मंत्रनो जप करवा मनने उपदेश.

૧૩૧ રાગ ઝીંઝોટો-એકતાલ.

ચરખો. "તુહિ રામ તુહિ રામ તુહિ રે" એ લય.

ગુરૂ ૐ ગુરૂ ૐ ગુરૂ ૐ, (૨)
તું તો જપી લે મનવા ૐ મંત્ર, જપ ગુરૂ ૐ, ૐ ગુરૂ ૐ ગુરૂ.

સાર તણા છે સાર સદ્દગુરૂ, પ્રણવ મંત્ર લક્ષ્યાર્થ;
જપીને સત્વર સારી હવે લે, શાસ્ત્ર વિહિત પુરુષાર્થ;
હૃદયે વૃત્તિ સ્થાપીરે. તું તો જપી લે૦
વાચકથી વહી ઉપાંશુમાંહિ, મનોમયે ચઢ વીર;
ધ્યાન તથા શુન્યે વધી ગુરૂવર, જોજે અંતર્ બહીર્; હૃદયે૦
સાર રહિત સંસાર નીરખવા, સાર તણો આગાર;
જાગ્રત સ્વપ્ન સુષુપ્તિમાં રટ, ગુરૂ સુખ પારાવાર. હૃદયે૦
જપે ભલે કો તન ધન દારા, સુત ગૃહ ગ્રામ ગરાસ;
સઉનું મૂળ શ્રીગુરૂૐ જપી તું, ગુરૂત્વમાં કર વાસ; હૃદયે૦
ગુરૂથી ગુરૂ નથી અન્ય કશું અહિં, લઘુ આ વિશ્વ સમગ્ર,
નરહરિ ગુરૂ રટી ગુરૂમય થાતાં, પુનઃ ન રહેવું વ્યગ્ર; હૃદયે૦

अलखनी वीणा.

૧૩૨ રાગ. **માંડ-એકતાલ.** રાહ-એક તારાનો.

કોઇ વીરલા વીણા અલખ નામની વગાડે. ટેક૦
અલખ નામની વગાડે-અભેદને જગાડે. કોઇ વીરલા૦
સુની વેણુ વાઇ ધુની, પ્રેમની ધગાવે વ્હાલા;
હૃદય મિલાવી લ્હે લગાડે. ,,
એરે વીણામાં સપ્ત, સુર મળી સાથે વ્હાલા;
નાદ ૐકારનો કઢાડે. ,,

ખુંટીઓ ચડાવી ભમરી, બેસતી કરીને વ્હાલા;
તારને તાનમાં રમાડે. ”
તાર સાથેરે એક, તાર થાય ત્યારે વ્હાલા;
અલખની ઓળખાણ પાડે. ”
તાર તુટયે સઘળું, તુટયું સમજવું વ્હાલા;
ખીલેલી બાજીને બગાડે. ”
તારને કેળવવામાં, સાર સૌ ભર્યો છે વ્હાલા;
હું તું ના ભેદને ભગાડે. ”
આવી મધુરી વીણા, જાણે તે જાણે વ્હાલા;
અવર ન આવે તેની આડે. ”
કૃષ્ણ એ વીણા શોધેઃઃસર્વદા મુમુક્ષુ વ્હાલા;
મળી રહે તેને કોઇ દહાડે. ”

सोनानुं कुन्दन.

૧૩૩ રાગ. **માંડ-એકતાલ.** રાહ એક તારાનો.

કોઇ વીરલા સોની સોનાનું કુન્દન બનાવે. ટેક૦
સોનાનું કુન્દન બનાવે-સોનાને ખુબ તાવે. કોઇ૦
કુન્દન હતું તે કાળે, કંચન વદાયું વ્હાલા;
પ્રકૃતિ યોગને સ્મરાવે ”

ભેદ ગાળીને જ્યારે, અભેદને શોધે વ્હાલા;
અલખના ઉભરા શું લાવે. ”

સોનાને ટીપી ટીપી, જતરડે ખેંચી વ્હાલા;
ધીમે ધીમે તારને લંબાવે. ”

તારનું ગુંડાળું વાળી, કુલડીમાં મૂકે વ્હાલા;
ભઠ્ઠીમાં કુલડી ભરાવે. ”

છાણા અડાયાં કેરી, આંચ દેવા જોઇએ વ્હાલા;
સોનીના પ્રયાસને શોભાવે ”

તત્ત્વમસિની જ્યારે, ફુંક મારે છે વ્હાલા;
પ્રકટતા દેવતા પ્રભાવે. ”

અનળ અને સોનું બન્ને, એક રૂપ થાતાં વ્હાલા;
અદ્વૈતાભાસ ઉપજાવે. ”

કુન્દન હતું તે કૃષ્ણ, કુન્દન બને છે વ્હાલા;
સ્વરૂપની ઐકયતામા આવે. ”

૧૩૪. આશા માંડ—એકતાલ.

“ જુનું તો થયુંરે, દેવળ જુનું તો થયું ” એ રાગ

સુનું છો થયુંરે, દેવળ સુનું છો થયું,
દેવળ પ્રભુને સ્મરીને, દેવળ સુનું છો થયું. ટેક.

ભક્તિ રસ ભાવે જાગે, ભારે ભવ ભીતિ ભાગે;
અજબ પ્રકાશમાંહી પંખીડું રહ્યું! કેવળ૦

માટીના મોહ જૂઠા, પાડે તે સૌને ભુંડા;
ધન્ય જીવન જો કંઇ ચહ્યું ને સહ્યું! કેવળ૦

નયનોના બંધ તૂટે, જુઠડા સંબંધ છૂટે:
અખંડાનંદ પામે બાકી શું રહ્યું? કેવળ૦

સુખ દુઃખ હર્ષ હાનિ, તૃષા ભૂખ ક્લેશ ગ્લાનિ;
બધુંએ સમાન ભાળું જાયે ના કહ્યું! કેવળ૦

કટુ વિખ જામ જાતાં, સુધારસ પાન થાતાં;
નિશ્ચે બહુ લાગે "હૃદય-યોગી" આ થયું' કેવળ૦

૧૩૫ રાગ આસા માંડ-ત્રિતાલ.

"જૂનું તો થયુ રે દેવળ" એ લય.

મોતિ ચરેરે, હંસા મોતિ ચરે, સુખરે સાગરમાં હંસા, મોતિ ચરે;
એરે મોતિનું કોણ મૂલ્ય કરે, સુખરે સાગર૦

અમુલખ મોતિ કેરૂં, અતિ અજવાળુંરે, (૨)
ઝવેરી જુવે તો ત્હેનું મનડું ઠરે. સુખરે સાગર૦

એરે મોતિમાં ચૌદ, લોક સમાયારે, (૨)
બ્રહ્મા-વિષ્ણુ ને શંકર શોધ કરે. સુખરે સાગર૦
જતન કરી એને, રાખે કોઇ જાળવીરે, (૨)
શૂરા વિણ ના કોઇ સંભાળ કરે. સુખરે સાગર૦
ખરીદ કરે ત્હેને, ખોટ ન આવેરે, (૨)
નિર્ભાગી દેખી, તેથી દૂર ભાગે. સુખરે સાગર૦
સદ્‌ગુરૂ સાહેબ કેરી, હોય મહેરબાનીરે, (૨)
તેરે મોતિનો સાચો, વણજ કરે. સુખરે સાગર૦
ત્રિકમ કહેરે મોતિ દેખી મન માહ્યુંરે, (૨)
લેવાને કારણ-હંસા સાગર ઉતરે. સુખરે સાગર૦

૧૩૬ રાગ **ભીમપલાસ તાલ—દાદરો.**

પ્રભુ ભાવના ભૂખ્યા, પ્રભુ ભાવના ભૂખ્યા, પ્રભુ ભાવના ભૂખ્યા. ટેક૦
ભકતને સુખે સુખી, ભકતને દુઃખે દુઃખી, હૃદયમાં તમે વસ્યા. પ્રભુ૦

શબરીના એઠાં બોર, વિદૂર કેરી ભાજી;
દયાળુ આપશ્રી જમ્યા. ”

અર્જુન કેરા સારથી, દામાજી ઘેર મ્હારાથી;
વ્હાલે કેવાં કેવા રૂપ ધર્યાં. ”

નરસિંહના કામ કર્યાં, દ્રૌપદીના ચીર પૂર્યાં.
તૂકાને સ્વપ્ને સોંપડયા. ”

વિનવું કૃપાળુ પ્રભુ, તાર્યા તમે ભકત બહુ;
જેણે ભાવથી ભજ્યા ”

રવડીએ અમે બધે, હૃદયે ના ભાવ વધે;
સંસાર સાગરે સડયા. ”

ન્યાત જાત કર્મ ધર્મ, રાખ્યો ન તેં કાંઈ મર્મ;
એવાં બિરદ આપનાં ભર્યાં. ”

જેવો તેવો તોય તમારો, ભુલવણીમાં હું ભમનારો;
નાથ કરો હવે દયા. ”

૧૩૭ રાગ અડ્ડાણો (ઠુમરી . તાલ—બિહાગ.

"ભજ ગોવિંદમ્" એ લય.

મન અમનસ્ક થયા વિણ જગમાં, શકત કોણ ભવ જલ તરવા. ટેક૦
શબ્દ શાસ્ત્ર કે ન્યાય ભણે એ, બુદ્ધિને કર્કશ કરવા;
તર્ક વિતર્ક ભણી અતિશય સૌ, દર્પ ઘણો માંડો કરવા. મન૦
કરી ભોયરાં વસો ભોયમાં, ત્યાં બેસો નિત્ય સ્વર ભરવા.
ધ્યાન કરી સિદ્ધ સમાધિ, ભલે મચો જપ તપ કરવા. "
ભલે મૂત્ર મલ ભક્ષ કરીને, મથો અમર તનને કરવા;
કરી ભોગ યુવતિ ભગમાંથી, ઉર્ધ્વ રેત માંડો ભરવા. "
વિવિધ યોગ મુદ્રાઓ સાધી, ખાઇ ધાતુ રહો નરવા;
નદી તલાવો પહાડ દેવળો, તીર્થ તીર્થ માંડો ફરવા. "
મંત્ર તંત્ર ને જંત્ર ભણીને, ભલે મચો ફુંકાં કરવા;
નાચી કૂદી ગાઇ બજાવી, ભક્ત થઇ માંડો ફરવા. "
છાપાં તિલક વિભૂતી ભુંસી, માલા માંડો ફેરવવા;
દંડ કમંડલ સેલી સીંગી, ઓઢીને ભગવાં ધરવા. "
નગ્ન રહો યા મગ્ન રહો, અલગ્ન રહો સૌથી નરવા;
હો નરસીંહ સીંહણી કોઇ, મન મતંગ દો મા ફરવા. "

૧૩૯. રાગ સોરઠ—ત્રિતાલ.

" કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે " એ દેશ.

મારા મન તું ક્યારે પ્રિય પ્રભુને ભેટાડશે રે,
ક્યારે દર્શન અમૃતનો સુસ્વાદ ચખાડશે રે. ટેક૦

કપિસમ તુજ ચાંચલ્ય તજીને, સર્વેશ્વરમાં પ્રેમ મજીને;
ક્યારે પ્રભુ ચિન્તનની ધુન જગાડશે રે- મારા૦

સાધનમાં કાયરતા છોડી, પ્રતિક્ષણ વધી ક્રમમાંહી અગાડી;
હૃન્મંદિરનો ક્યારે ઘંટ વગાડશે રે- મારા૦

ક્યારે બાહ્ય ભ્રમણથી ત્રાસી, બહિરંતર કર્ણોને વાસી;
ગગને જોવા પ્રભુને નેત્ર ફટાડશે રે- મારા૦

ત્યાગી કરવાં વડા વાતનાં, દૃઢ થઇ સાધી શુદ્ધ સાધના;
ભુખ હરનારાં ભોજન ક્યારે જમાડશે રે- મારા૦

દુર્ગુણ પંકે ના રોળાઇ, દૈવી સદ્‌ગુણ ક્ષેત્રે ધાઇ;
નિર્મળ તત્વ નદીમાં ક્યારે નવાડશે રે- મારા૦

દૃશ્ય વિષે દૃશ્યત્વ ન ભાળી, સુખમાં વિવર્ત ગાળી,
સૌમાં નૃહરિ ક્યારે પ્રિય દેખાડશે રે- મારા૦

૧૩૭. રાગ **સોરઠ-ત્રિતાલ.**

જ્ઞાની જ્ઞાન દશાની દોર કદી ચૂકે નહિ રે. (૨) ટેક
વિધ વિધ વ્યવહારો સૌ કરતાં, સઘળું કરતાં છતાં અક
દોર ઉપર જેમ નટ સુરતા ચૂકે નહિ રે. જ્ઞાની
જળમાં કમળો નિશદિન નહાતાં, જળ સાથે તે જળમય
અસંગતા જેમ સંગ છતા મૂકે નહિ રે. જ્ઞાની
હાવભાવ વિધવિધના કરતી, આડી અવળી દૃષ્ટિ ધરતી;
હેલ નજરથી યુવતિ જેમ ચૂકે નહિ રે. જ્ઞાની
રસના રસમાં રસમય બનતી, સ્વાદે સ્વાદે તન્મય થાતી;
અલેપતા જેમ લેપ છતા મૂકે નહિ રે જ્ઞાની
જ્ઞાની ગુરૂ ભગવાન મહાત્મા, પ્રપંચરૂપ છતાં પરમાત્મા;
નિજ મહિમામાં રમતાં હદ મૂકે નહિ રે જ્ઞાની

૧૩૮. રાગ **સોરઠ—ત્રિતાલ.**

ગુરૂજી મુક્ત થવાનો અપૂર્વ માર્ગ બતાવજો રે. (૨)
ગંડુ થઇ બહુ કાળ ગુમાવ્યો, અથડામણનો પાર ન આ
નાલાયકમાં લાયકતા હવે લાવજો રે. ગુ
તિમિર તમામ સ્થળે છવરાયું, હિત અહિત જરા ન જણ

અંધકારમાં પ્રકાશને પ્રકટાવજો રે. ગુરૂજી૦

દરદીના છે અનેક દોષો, જડતા સામું કદી નવ જોશો;
વિશાળ દૃષ્ટિ કરીને અમી વરસાવજો રે. ગુરૂજી૦

ઉર્ધ્વ સ્થાન શુભ વૃત્તિ ચડે છે, અનેક વિઘ્નો આવી નડે છે;
આ અગવડની સરસ દવા સમજાવજો રે. ગુરૂજી૦

અંજન નેત્ર અજબ લગાવો, સત્ય રહસ્ય મુને સમજાવો;
દયા કરી (ગુરૂ) એવાં આંખ દબાવજો રે. ગુરૂજી૦

જન્મ મરણ જાયે ગુરૂ મારા, નીરખી દોષ રહે સહુ ન્યારાં;
સંત, શિષ્યને સત્ય કરી સમજાવજો રે. ગુરૂજી૦

૧૩૫. રાગ સોરઠ—ત્રિતાલ.

તન્મય થાવું રે, સદ્‌ગુરૂના ચૈવી ધ્યાનમાં રે. ટેક૦

સત્ ચિત્ આનંદ જ્યોતિર્મય છો,
સકળ ભૂવનમાં વ્યાપ્ત થયા છો;
રામકૃષ્ણ રૂપ ધારી શાન્તિ પ્રસારતા રે. તન્મય૦

અનંત શકિત પ્રભો આપ શરણમાં,
અનંત જ્યોતિ તવ નામ રટણમાં;
ઘટ ઘટ પ્રાણ જગાવો લીલા ખેલતા રે. ”

ૐ સ્વરૂપે પ્રભો આપ પ્રકાશો,

શ્રીઁ શક્તિથી વિશ્વ જગાવો;
હ્રીઁ શક્તિથી આનંદ મગળ આપતા રે. ”
ઘોર તિમિર પ્રભુ વ્યાપી રહ્યું છે,
તામસનું વિષ વ્યાપી ગયું છે;
સત્વ રૂપે જાગીને જ્યોતિ પ્રકાશજો રે. ”

૧૪૦. રાગ સોરઠ-ત્રિતાલ.

ભજ મન રામ રામ રામ. (૨)

મારૂં મારૂં કરતાં તારૂં, જીવિત નક્કી થશે જનારૂં;
અંતે તારૂં સર્વ જનારૂં, દામ, ધામ, ગામ, ... ભજમન૦

સગાં સહોદર સહુ છે ખોટાં, એ માયાના ગોટંમગોટા;
સમજ સમજ ભજ પ્રીતે, સુંદર શ્યામ શ્યામ શ્યામ. ”

લક્ષ ચોર્યાસી ફેરા ફરીને, પામ્યો નરતનુ કષ્ટે કરીને;
માટે ભજશ્રી હરિને, સુખના ધામ ધામ ધામ. ”

રજ્જુમાં જેમ સર્પ ભાસે, એ માયાનો ખેલ વિકાસે;
ભક્તિથી પ્રભુ સત્ય જણાશે, સર્વે ઠામ ઠામ ઠામ. ”

છોડ અહંતા જૂઠી મમતા, સચરાચરમાં ધરજે સમતા;
પ્રભુ ચરણમા રાખો તુલસી રામ રામ રામ. ”

૧૪૧. રાગ ગઝલ-તાલ કવાલી

ખપી જવું પ્રેમમાં ત્હારા, **સમર્પણ** એ હમે કહીએ.
દફન થવું શેરીમાં ત્હારી, હમારૂં **સ્વર્ગ** એ કહીએ. ખપી૦

દરસ ત્હારૂં, શ્રવણ ત્હારૂં, અને તુંમાજ ગુમ થાવું;
પરમ પ્રજ્ઞાન ' મુક્તિ, **ધરમ** એને હમે કહીએ. "

સફર ત્હારી ગલીમાં તે, શહેનશાહી હમે કહીએ;
રહેવું ચિન્તને ત્હારા, **પરાભક્તિ** હમે કહીએ. "

તું માં છે જે-તું છે જેમાં, પછી શું શોધવું તેને ?
ખબર નથી એજ ગફલત છે, અગર **અજ્ઞાન** એ કહીયે; "

શિખ્યા આ વેદની ઋચા, બધું બ્રહ્માંડ સાક્ષીમા;
અસલ એ શબ્દ બ્રહ્માનો, **પ્રભુવાણિ** હમે કહીયે. "

નિરાકારે રહે અન્દર, મગર દર્શન ન દે દિલ્બર;
કહીયે એ નફટ જીવતર, અગર **મૃત્યુ** હમે કહીએ. "

ચરણ ચૂમતાં કપાવ્યુ શિર, સનમના પ્રેમની ખાતિર;
સમર્પણ એ હમે કહીયે, **પરાભક્તિજ** એ કહીયે. "

પીધું જે જ્યોતિ પ્રીતિનું, નિરંજન નેતિ નેતિનું;
ખરેખર વેદના સોગન, **પ્રભુ** એ એ હમે કહીયે. "

દીવાનું ઘેલું તુજ પ્રેમી, ત્વદર્પિત પ્રાણ તન મન ધન;
ગુલામી કાયમી ત્હારી, **સનમનો શાહ** એ કહીએ. "

॥ तत्वज्ञानीनी उक्ति. ॥

૧૪૨. રાગ ગઝલ-તાલ-કવાલી.

અમે તો જ્ઞાનના યોગી, જગતનું સરૂ અમે છોડયું,
નિરંતર તત્વની સાથે, અખંડિત ચિત્તને જોડ્યું.
ક્ષણે યોગી, ક્ષણે ત્યાગી, ક્ષણે ભોગી થઇ ફરીએ;
અમારૂં રૂપ છે ન્યારૂં, અહં નિર્મૂલ કરી મોડયું.-અમે૦

નથી જગની હવે પરવા, ભલે ધરીએ જગે નિત્યેઃ
ન ઇચ્છા કાર્ય કે ફલની, સકલ આ કર્મબલ તોડયું.-અમે૦

અમે ઉપદેશની છાએ, સજીવન આકૃતિ વિશ્વે;
ઉપરથી દેખવા પૂરતું, અવિદ્યા ચર્મ છે ઓઢ્યું -અમે૦

પરંતુ જ્ઞાન દૃષ્ટિને, અમારૂં રૂપ નથી છુપુ;
જ્ઞાની (એક) જાણી શકતા શું, અમે ગ્રહ્યું ને શું તરછોડયું; ,,

નિજાનંદે અમે છઇએ, સદાએ મસ્ત બહિરન્તર;
મઝાછે સર્વમાં મન આ, રહે જ્યાં બ્રહ્મમાં પોઢયું. ,,

૧૪૩. રાગ ગઝલ-તાલ કવાલી.

જીસ રાહમેં ચલતેહે હમ, તુમ વહાં ન આ સકોગે,
તુમ વહાં ન આ સકોગે, તુમ વહાં ન આ સકોગે.

વહાં ચંદ્ર સૂર્ય પ્રકાશ નહિ, વહાં અન્ય જ્યોતિ ઉજાશ નહિ;
ચીન માત્ર નિત્ય વિકાસ હે, તુમ વહાં ન આ સકોગે.
વહાં પુત્ર નહિ, પ્યારા નહિ, નહિ મિત્ર નહિ દારા નહિ;
મન ઇન્દ્રિકા મારા નહિ, તુમ વહાં ન આ સકોગે.
જીન આશ પ્યાસ તુમારીહે, મમતાકી ભૂખ ન ટારીહે;
અહંતાકું વહાં ભય ભારી હે, તુમ વહાં ન આ સકોગે.
વહાં ઝીસીસે નહિ દેખના, નહિ બુદ્ધિસેં કછુ પેખના;
નિરાલમ્બ તત્વ વિશેખના, તુમ વહા ન આ સકોગે.
વિદ્વાન વહાં ભરમાતહે, વહાં ભક્તજન ભય ખાતહે;
રાગી અધમ તન પાત હે, તુમ વહા ન આ સકોગે.
યહ રાહ ખાડાધાર હે, ચલનેકા દુનિયા પાર હે;
નટદોરવત્ વ્યહવાર હે, તુમ વહાં ન આ સકોગે.
વહા દ્રશ્ય દાહક યાગ હે, કરતા બડા બડી ભાગ હે;
સ્વપ્રકાશ ચિદ્ ઘન્ યાગ હે, તુમ વહાં ન આ સકોગે.
વહાં બ્રહ્મ રસકા પાન હે, પાતે ગુરૂ ભગવાન હે;
રંગીન શીરકા દાન હે, તુમ વહાં ન આ સકોગે.

૧૪૪ રાગ **ગજલ-તાલ કવાલી.**

" પીરસેલ થાળી ઠેલી " એ લય.

ભજ (મન) કૃષ્ણ બંસીવાલા, ભકતનકે રખવાલા. ટેક:
સદા છાંડકે અભિમાન, રખના પ્રભુમેં ધ્યાન;

દેના દીનનકો દાન, ભજ કૃષ્ણ બંસીવાલા.

પરવસ્તુ કો મત ચહાના, સંતોષમેં રહાના;
એહી ભક્તકે નિશાના, ભજ કૃષ્ણ બંસીવાલા.

સદા કૃષ્ણ કૃષ્ણ જપના, કોઇ વિશ્વમેં ન અપના;
સબ જાતના એ સપના, ભજ કૃષ્ણ બંસીવાલા

હોના સદા નિષ્કામ, રખના હૃદેમેં રામ;
એ ચહાતા **તુલસીરામ**, ભજ કૃષ્ણ બંસીવાલા.

૧૪૫. રાગ **ગઝલ-તાલ કવાલી**.

ઉમાકે કંથ મતવાલા. ગલે બિચ રૂંઢકી માલા   ટેક૦

કિની નંદીપે અસવારી, સંગેમેં પાર્વતિ નારી;
લિયા બગલોમેં દંડાલા. ... ...ગલે૦

ચલે શંભુ ત્રિપુરારી, જટા બિચ ગંગ હૈ પ્યારી;
કમંડલુ હાત મૃગછાલા. ... ...ગલે૦

ડમક ડમરૂ તુરહિ બાજે, થનક થક થૈ તની ગાજે;
અગડબં બં બજે તાલા. ... ...ગલે૦

ગિરિ કૈલાસકે બાસી, મિટાદો કાલકી ફાંસી;
શિવકવી લાજ રખોવાલા. ... ...ગલે૦

૧૪૬. રાગ ગઝલ તાલ કવાલી.

જો મરણ એ જીંદગીની, છે અરે ! છેલ્લી દશા;
તો પરાર્થે અર્પવામાં, આ જીવનના મોહ શા! જો મરણ૦

ખિલી કળી કરમાય છે, પુષ્પો મૂકે પણ વાસના;
અમર નર તો તે ખરા જે, અમર કરતા વાસના. "

મ્હારા તમે પરમાત્મા, ને હું તમારો આતમા;
પરમાત્માને શરણે જાતાં, કૃતકૃત્ય થાતો આતમા. "

જ્યાં સૂર્ય શશી નથી ભાસતા, જ્યાં નાદ પ્રાણ શમી જતા;
ત્યાં સર્વનૂં જીવન રહ્યું છે, મિષ્ટ આત્મ સમાધિમાં. "

ત્યા ઇશ નહિ, નહિ માનવી, ત્યાં વિશ્વ કે દ્રષ્ટા નહિ;
ત્યા દિવ્ય ધન શાન્તિ અને, જ્યોતિ વિના બીજું નહિ. "

આત્મા સદા છે મુકત ને, તૂં તેજ આત્મ સ્વરૂપ છે;
એ જાણી વદ તૂં ૐ તત્સત્, ૐ તે તદ્રુપ છે. "

૧૪૭. રાગ ગઝલ-તાલ કવાલી.

" શું કહું સર્વજ્ઞ સ્વામિ " એ લય.

નાથ કહું કે તાત કહું હું, જાત કહું શું શું કહું;
જે કહું તે પડે ઓછું, સર્વ તું શું શું કહું. —નાથ૦

મ્હારૂં એ ત્હારૂં કહું કે, ત્હારૂં તે મારૂં કહું;
હું છઉં એવું કહું કે, હુંને પણ તું તું કહું. —નાથ૦
હું રહું તુમાં કહું, કે તું રહે હુંમા કહું;
હુંમા પણ તું, હુંમાં પણ તું, સર્વમા તું તું લહું.-નાથ૦
હું કરૂં કે તું કરે છે, હું કરૂં તે એ છે તું;
તું કરે ને કરાવે એ, તેથી હું શું શું સહું. —નાથ૦
ભોગવ હું એ રીતે તું ભોગવે ના ભોગવે;
ભોગવેજ યથેચ્છ તુ, ચીત આવે તે શું શું સહું-નાથ૦
ભોગ લાગ્યા ભોગ માગ્યા, તેથી ભોગ નથી થતા;
યોગને કર યોગ અનુપતિ અવર કહે શું શું કહું-નાથ૦

૧૪૮. રાગ ગઝલ-તાલ કવાલી.

શીખીલે પાઠ પોતાનો, મળ્યા સંજોગમાંથી તું;
વહી જાશે પછી તો એ, નહિ ઉપયોગમાં આવે.
ભણી લે પ્રેમથી સઘળું, બનીશ નહિ સ્વાર્થી અંધો;
અંતર પડદો ઉઘાડીને, પ્રભુને પારખી લેજે.
સમાવી સ્વાર્થની વૃત્તિ, સંબંધીને તું શોધી લે.
ગણીને સ્વપ્નની બાજી, ન ધર તું દીલમા દુઃખને.
મરજી દેવની જેવી, બનાવો તો બને તેવી;

ન તારી કાંઇ ત્યાં સત્તા, બદલવા શું કરે બકવા.

ધણીનું ધાર્યું તે થાશે, માંહીનો મર્મ સમજી લે;
ગુમાવી દઇશ ના પળને, જીવનમાં જાગૃતિ ધરજે.

બનીને શિષ્ય સદ્ગુરુનો, કૃપાનું પાત્ર નીવડજે;
તજી અજ્ઞાન પોતાનું, અલૌકિક લાભ મેળવજે.

૧૪૯ રાગ ગઝલ તાલ કવ્વાલી.

સમજણુ સારને ગ્રહીને, થજે સુખીઓ હવે જગમાં;
અનુભવી જ્ઞાન પ્રગટાવી ભોગવજે આત્મ-મસ્તીને.

હઠાવી હુંપણાને દૂર, ખીલાવી સમતા સવળે;
પવિત્રતા પાળીને પોતે, ગુરૂગમ જ્ઞાન ગોતી લે.

અક્કલને આથે ઉશેટી, સમાવી દે બધી વૃત્તિ;
અહંતા ગાંઠને ગાળી, અરૂપી તું બની જાજે.

સરળતા સાધજે સીધી, અખંડાનંદમાં રહેજે;
ટકાવી આત્મ દૃષ્ટિને, અભયને આગણે રહેજે.

જગતની જાણી લે રચના, ફરીના થાય એ ભ્રાન્તિ;
શોધી લે શરણુ સદ્ગુરુનું, મળી જાએ અચળ શાન્ત.

જમાવીને ખરી શાન્તિ, ભટકણ ભાગજે ભવનું;
કૃપા પામી ગુરૂ શરણે, ખરો શિષ્ય બની જાજે.

૧૫૦. રાગ ગઝલ—તાલ કવાલી.

કયા કયા ન કર રહાહૈ, દુનિયામેં નામ તેરા;
છોટા મગર બડાહૈ, દુનિયામેં નામ તેરા
દુષ્ટોંકા નાશ કરતા, દુખિયોંકા દુઃખ હરતા;
દિનોં પે હાથ ધરતા, દુનિયામેં નામ તેરા.
માનીકોં હૈ ઝિખાતા[1], ધનિકોં હૈ રૂલાતા.
રોતો કો હૈ હસાતા, દુનિયામેં નામ તેરા.
જો ખા-ચૂકે હૈં સબકુછ, સબકુછ વો, દે રહે હૈં;
કયા ખૂબ હૈ ખજાના, દુનિયામેં નામ તરા.
અજ્ઞાનકી અંધેરી, ભૂલા હૈ પથ મુસાફિર;
[2]દિયાસા ટિમ ટિમાતા,[3] દુનિયામેં નામ તેરા.
કરતા હૈ જડકો ચેતન, ચેતનકો જડ બનાતા;
હૈ મૌત મૌનકાભી, દુનિયામેં નામ તેરા.

૧૫૧. રાગ ગઝલ—તાલ કવાલી.

ઇતના તો કરના સ્વામિ, જબ-પ્રાણ તનસેં નિકસે;
ગોવિન્દ નામ કહ કર, મેરે પ્રાણ તનસેં નિકસે. ઇતના૦

---

૧ નમાવતા. ૨ દિપકની માફક ૩ પ્રકાશતા.

શ્રી ગંગાજીકા તટ હો, યા યમુનાજીકા બટ હો;
ઓર સાંવરા નિકટ હો, ફિર પ્રાણ તનસે નિકસે. ઇતના૦
શ્રી વૃન્દાવનકા સ્થલ હો, મેરે મુખમેં તુલસી દલહો;
વિષ્ણુ ચરણકા જલ હો, ફિર પ્રાણ તનસે નિકસે ઇતના૦

સન્મુખ સાંવરા ખડા હો, બંસીકા સુર ભરા હો;
તિરછા ચરણ ધરા હો, ફિર પ્રાણ તનસે નિકસે. ઇતના૦
શિર સોહના મુકુટ હો. મુખ પૈ કાલી લટ હો;
યહી ધ્યાન મેરે ઘટ હો, ફિર પ્રાણ તનસે નિકસે. ઇતના૦

જીસ વકત જલ્દી આના, નહિ કોલકો ભૂલજાના;
નૂપુરકી ધૂન સુનાના, ફિર પ્રાણ તનસે નિકસે ઇતના૦
મેરે પ્રાણ નિકસે સુખસે તેરા નામ નિકસે મુખસે;
બચ જાઉં ઘોર દુઃખસે, ફિર પ્રાણ તનસે નિકસે. ઇતના૦

જબ કંઠ પ્રાણ આવે, કોઇ રોગ ના સતાવે;
તુ દર્શ દિખાવે, ફિર પ્રાણ તનસે નિકસે. ઇતના૦
યહ નેકસી અરજ હૈ, માનો તો ક્યા હરજ હૈ;
કુછ તેરીભી ફરજ હ, ફિર પ્રાણ તનસે નિકસે ઇતના૦

अंतकाळ समयनी प्रभु प्रार्थना.

૧૫૨. (વારી જાઉંરે લાલા તમારા નામનેરે, એ રાગ.

અંતકાળે વાલમ વ્હેલા આવજોરે,
મારા તનના દીપને બુઝાવજોરે.—અંત૦

સગાં વ્હાલાં જુઠાં સંસારનારે,
કોણ દુઃખ મુકાવે જમ મારનારે –અંત૦
અંતકાળનું ટાણું છે પ્રભુ ત્રાસનુંરે,
દુઃખ જાણી પધારજો ત્યાં દાસનુંરે.–અંત૦
ગુણ અવગુણ તમામ મારા ટાળજોરે,
એક શણુગારની લાજને સંભાળજોરે.–અંત૦
કંઠનાળ જો રૂંધાશે કફ જાળથીરે,
ત્યા છે તરવાનું આપની સંભાળથીરે.–અંત૦
તૂટે નાડીઓને થય ટુંકી જીભડીરે,
વ્હાઇ આવજો ત્યાં ગરૂડે ચડીરે.–અંત૦
તન તજવા ટાણે જો જમ ઝાલશેરે,
આખા જગમાં હાંસી આપની થશેરે.–અંત૦
જમ હાથે જાતો તો અંત વેળનેરે,
આપે લીધો ઉદ્ધારી અજામેળનેરે.–અંત૦
વિના વાહને ગયા કરૂણા કાજનેરે,
ગ્રાહ પાસથી મુકાવ્યો ગજરાજનેરે –અંત૦
લાગ્યો નેંમા ચોદેશ ઉડી ઝાળનેરે,
ત્યાથી બચાવ્યાં મંઝારી બાળનેરે. —અંત૦
તારી નાયકા એ નાથ અર્પે નામનેરે,
હ્યો દેશોમા તુલજાનામનેરે. —અંત૦

૧૫૩. રાગ કાલીંગડા અથવા કેદાર-ત્રિતાલ.

" તું તો રામ સુમર " એ લય.

કીન્ને દેખા કનૈયા, (૨) બંસી વાલારે, મુરલી વાલારે ટેક૦
મોરમુગટ પીતાંબર શોભે, કુંડળ ઝળકત કાનારે.-કીન્ને૦
એેલી તીર ગંગા પેલી તીર જમના, બીચમેં કનૈયા કાળારે. "
જમુનાકે નીર તીર ધેનુ ચરાવે, બંસી બજાવત પ્યારારે. "
મીરાં કહે પ્રભુ ગિધિર નાગર, ચરણ કમલ બલિહારારે. "

૧૫૪. રાગ કાલીંગડા અથવા કેદાર-ત્રિતાલ.

તું તો રામ સુમર, જગ લડવા દે. ટેક૦
કોરા કાગજ કાલી સ્યાહી, લિખત પઢત વાકો પઢવાદે તું તો૦
હાથી ચલત હૈ અપને ગતમો, કુતર ભુકત વાકો ભુકવાદે. "
ચંડિ ભૈરવ શીતલા દેવી, પથ્થર પૂજત વાકો પૂજવાદે. "
કહત કબીર સુનો ભાઇ સાધુ, નરક પંચત વાકો પચવાદે. "

૧૫૫. રાગ કાલીંગડો—ત્રિતાલ.

હમ મગન ભયે ગુરૂ નામમેં. (૨) ટેક૦

ગુરૂ નામમેં, ગુરૂ પ્રેમમેં. (૨) હમ૦

સતચિત્ આનંદ મંગલ મૂર્તિ, જ્યોતિર્મય બ્રહ્મ ધ્યાનમેં. હમ૦

ૐ સ્વરૂપે દિગંત વ્યાપે. શ્રીં શક્તિકે ધ્યાનમેં. હમ૦

હ્રીં રૂપે હરિ ૐ જગાવે ક્લીં રૂપે શ્રી કૃષ્ણ જપાવે;
ઘટ ઘટ રમતા રામમેં હમ૦

બ્રહ્માનંદ પરમ સુખદાતા, જ્ઞાન સ્વરૂપ વિવેક પ્રદાતા;
પ્રેમ સ્વરૂપકે ધ્યાનમેં હમ૦

૧૫૬. રાગ કાલીંગડો ત્રિતાલ.

જય રામ કૃષ્ણ ધૂન લાગી રહી (૨) ટેક૦

લાગી રહી, લય લગી રહી. (૨) જય રામ૦

પ્રેમ ભક્તિ આનંદ જગાવી (૨), બ્રહ્મનાદ ગજાવી રહી. જય૦

પ્રેમ ભરી મંગળમય મૂર્તિ (૨), જીવન જ્યોત જગાવી રહી. જય૦

વિશ્વ વિષે આનંદ જગાવી (૨), શાંતિ સદૈવ પ્રસારી રહી. જય૦

૧૫૭. રાગ કાલીંગડો અથવા ભૈરવ-ત્રિતાલ

મને દ્યો દર્શન હવે ગિરિધારી,
ગિરિધારી રે, મુરલીધારી. —મને૦

જન્મ મરણથી થાકયો હવે તો,
કરજો કરૂણા મોરારી. —મને૦

કામ ક્રોધ મદ લોભ સતાવે,
ક્ષણ ક્ષણમાં દુઃખ દે ભારી. —મને૦

દાન ધર્મ દીનતા નહિ ઉપજે,
મમતામાં મલકાઉં હરિ. —મને૦

૧૫૮. રાગ કાલીંગડો-ત્રિતાલ.

જય રામ કૃષ્ણ ગોવિંદ હરિ. (૨) ટેક૦
ગોવિંદ હરિ, ગોપાલ હરિ. (૨) જય રામ૦

પરમ પ્રેમ પરબ્રહ્મ પરાત્પર, (૨) પુરૂષોત્તમ પરમેશ હરિ. જય૦
માધવ મનમોહન મુરલીધર, (૨) ગોવર્ધન ગિરિધારી હરિ. જય૦
આનંદકંદ મુકુંદ મુરારિ, (૨) શ્રી યદુનન્દન રાધેપતિ. જય૦
શ્યામ સુંદર જય મોર મુકુટધર,(૨)ભાલ તિલક મુખ બંસી ધરી. જય૦
મંગલમય જય કુંજાવહારી, (૨) તોરી નજરીઆં જાદુ ભરી. જય૦

૧૫૯. રાગ **કાફી-એકતાલ**

"માયામાં મનડું મોહ્યું રે." એ લય.

ભગવાન ભક્તિ મને આપો રે, દીન દયાળા. ટેક૦

હરી હવે હું હાર્યો છું, જન્મ મરણથી;

મારાં દુઃખડાં સર્વે કાપો રે ..દીનદયાળા. ભગવાન૦

માધવ માયા ને મમતા મને માર મારે;

હું શરણ પડ્યો છું તમારે રે...દીનદયાળા ભગવાન૦

દામોદર દુઃખના દરિયામા, હું રહ્યો ડુબી;

મને ચરણ કમળમા સ્થાપો રે...દીનદયાળા. ભગવાન૦

૧૬૦. રાગ **કાફી-તાલ દીપચંદી.**

હે ભોળાનાથ દિગંબર, યે દુઃખ મેરા હરો. ટેક૦

ચંદન ચાવલ બેલકી પતિયા, શિવજી કે માથે ધરો હે ભોળા.

અર્ધાંગે પાર્વતિ ગજાનન શોભે, મસ્તકે ગંગા ધરો. "

વ્યાઘ્ર કડાસન આસન બૈઠે, ગલે રૂંડમાલ ધરો. "

મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, શિવજીકે પાઉં પરો. "

૧૬૧ રાગ ખમાચ અથવા આશાવરી,

પ્રભાત, ઠુમરી—તાલ ધુમાળી.

વૈષ્ણવ જન તો તેને કહીયે, જે પીડ પરાઇ જાણેરે;
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણેરે.
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેનીરે;
વાચ કાછ મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેનીરે.
સમદૃષ્ટિને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માતરે;
જીવ્હા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથરે.
મોહ માયા વ્યાપે નહિ જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાંરે;
રામ નામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાંરે.
વણ લોભીને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યારે;
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ ઇકોતેર તાર્યાંરે.

૧૬૨. રાગ ખમાચ—તાલ ધુમાલી.

નારાયણનું નામજ લેતાં, વારે તેને તજીએરે; ૨૬૦
મનસા વાચા કર્મણા કરીને, લક્ષ્મિવરને ભજીએરે. નારાયણ૦
કુળને તજીએ કુટુંબને તજીએ, તજીએ મા ને બાપરે;
ભગની સુત દારાને તજીએ, જેમ તજે કંચુકી સાપરે. ”

પ્રથમ પિતા પ્રલ્હાદે તજ્યો, નવ તજ્યું હરિ નામરે;
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજ્યા શ્રી રામરે. ”

રૂખી પત્ની શ્રી હરિને કાજે, તજ્યા નિજ ભરથારરે;
તેમાં તેનું કાંઇયે ન ગયું, પામી પદારથ ચારરે ”

વૃજવનિતા વિઠ્ઠલને કાજે, સવ તજી વન ચાલીરે;
ભણે **નરસૈંયો** વૃન્દાવનમાં, મોહન સાથે મહાલીરે. ”

૧૬૩. રાગ **આશામાંડ અથવા મંગલ ત્રિતાળ.**

ગુરૂબિન કૌન સહાઇ નરકમેં, ગુરૂબિન કૌન સહાઇરે, ટેક૦
માતપિતા સુત બાંધવ નારી, સ્વારથકે સબ ભાઇરે;
પરમારથકા બંધુ જગતમેં, સદ્દગુરૂ બંધ છુડાઇરે.—ગુરૂ૦
ભવસાગર જલ દુસ્તર ભારી, ગ્રાહ બસેં દુઃખદાઇરે;
ગુરૂ ખેવટીઆ પાર લગાવે, ગ્નાન જહાજ બિઠાઇરે.—ગુરૂ૦
જન્મ જન્મકા મેટ અંધારા, સંશય સકલ નસાઇરે;
પરબ્રહ્મ પરમેશ્વર પરણ ઘટમેં હે દરશાઇરે.—ગુરૂ૦
ગુરૂકે બચન ધાર હિરદેમેં, ભાવ ભકિત મન લાઇરે;
બ્રહ્માનંદ કરો નિત સેવા, મોક્ષ પદારથ પાઇરે.

૧૫૪. રાગ **ખમાચ-ત્રિતાલ.**

જીવન સાર બિચારા, કયો મન જીવન. ટેક૦
પ્રભુ પદ સેવા ત્યાગ મૂઢ તું, ફિરે અંધ મતવારા. કયોં૦
વિષય પરાયણ હોય જગતમે, ધર્મસેં કીયો કિનારા. ”
કામ ક્રોધ મદ વશ તું હો કર, હિત અપના ન બિચારા. ”
ધન દારા સુત કામ ન આવે, જીન પર કિયા સહારા. ”
જીસ જગમેં તું ભૂલ રહા હૈ, દો દિનકા હૈ ગુજારા. ”
પાપ તાપ સંતાપ દુઃખસે, જો તું ચાહે નિવારા. ”
કર **અનુતાપ** શરણ હરિકે તું, જો જગ પ્રાણ આધારા. ”

૧૫૫. રાગ **ઠુમરી ને ભેરવી મિશ્ર—એકતાલ.**

ગોવર્ધન ધારી (૨) તુજ બીન મોરી કોન ખબર લે ગોવર્ધન ધારી.
મોર મુગટ પીતાબર સોહત, (૨) કુંડલકી છબી ન્યારી. તુજ૦
ભરી સભામાં દ્રૌપદી ઠાડી, (૨) રાખી લાજ હમારી ”
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ચરણ કમલ બલિહારી. ”

૧૫૬. રાગ **ઠુમરી ને ભેરવી મિશ્ર—એકતાલ.**

ભજ મન ત્રિપુરારી, (૨) સોમનાથ દાદા શિવશંકર, ભજ મન૦
વામાગે સતિ ઉમા બિરાજે, (૨) જટા ગંગધારી, શિવ (૨) સોમનાથ૦
કાશી નિવાસી દુઃખ વિનાશી, (૨) વાઘામ્બર ધારી, શિવ (૨) સોમનાથ૦
કહે તુલસી, નિજ ભક્ત જનોના, (૨) સદા દુઃખ હારી, શિવ (૨) સોમ૦

૧૬૭. રાગ બરવાની ઠુમરી—ત્રિતાલ.

મૂકી જગ જાળ હરિ સ્મરી લે તું, જો ચાહે ભવ તરવારે. ટેક૦
જૂઠી માયા જૂઠી કાયા, મોહ ધરે તું શેમાંરે;
માથે મારે જમનો પડશે, નેથી થા તું ન્યારોરે. મૂકી૦
ક્રોધ લોભ મોહ મત્સર ભારે, શત્રુઓ ગણાતારે;
તે જીતવાનું કામ કરી લે, રામ સ્મરણ રૂપ ઢાલેરે. ”
રાવણ સરખા તો મરી ચાલ્યા, હતી સાહેબી ભારેરે;
તેવું જો નથી તારે તો તું, કેમ ન જીવને વારેરે. ”
શાન હજી કેમ નાવી તુજને, શાસ્ત્ર સંતો કહુછેરે;
ભવ ચક્રની ઘાણી ફેરવી, ફોગટ ફેરે મરેછેરે. ”
ચેત હજી તું ચેત સવેળા, વાર નથી થઇ ઝાઝીરે;
રામકૃષ્ણ ગોવિંદ સ્મરી લે, રામ નામને બાઝીરે. ”

૧૬૮. રાગ બડહંસની ઠુમરી—એકતાલ.

તારો નેડો લાગ્યો મુજને, રાજા રણછોડરે. ટેક૦
રાજા રણછોડરે, રંગીલા રણછોડરે;
રાજા રણછોડરે, મારા ચિતડાના ચોરરે. તારો૦

અધમ ઓધારણ નામ તમારૂં, મહાતમ એનું મોટુંરે;
ફરતા ફરતાં તમને સમરૂં, બાકી સર્વે ખોટુંરે. તારો૦
કાશી દેખી દેખી દ્વારિકા. તિરથ દેખ્યાં ઝાઝારે,
સત સંગતમા બેઠો ત્યારે, મનડે મૂકી માઝારે તારો૦
ભવસાગરમાં હું અથડાઉં, સગા સંબંધી લુંટેરે;
દાસ કહે જો દયા કરો તો. ભવનાં બંધન છુટેરે. તારો૦

૧૯૮ રાગ **આશાવરી-ત્રિતાલ.**

અબ તુમ સમજ સમજ મન મેરા, આ દુનિયામેં કોન હૈ તેરા-ટેક.
માત પિતા ભગિની સુત દારા, નિજ કુટુંબ અરૂ ચેરા;
સબ મતલબકે યાર સમજલે, કયુ બનતા અંધેરા. અબ૦
નિશદિન તુમતો બડાઇ ચહાતા. નહિ ચહાતા રઘુબીરા;
રાવણ જયસા ગયા પનકમેં બડે બડે રનધીરા. અબ૦
બેર બેર ન મિલે મનુષ તન, ભજ ભજ શ્યામ શરીરા;
કર બીચાર મુરખ જાતા હૈ, કાચ મૂલમેં હીરા. અબ૦
કરલે સંત સંગત હે ભાઇ, શાસ્ત્ર દેત ઢંઢેરા;
તુલસીદાસ દયાલ ભજનસેં મીટે જન્મકા ફેરા. અબ૦

૧૭૦. રાગ આશાવરી-તાલ ધમાલ.

પ્રભુ એક નામ તેરા સુખકારી, સબ દુનિયાં પરમ દુઃખારી. ટેક૦
ગર્ભવાસમેં ઉલટે તનસેં, નૌ દશ માસ ગુજારી;
બાહિર પડા આય પૃથ્વીપર, માયા લીપટી તુમારી પ્રભુ૦
બાલપણેમેં પરાધીન નિત, માતા ગોદ ખિલારી;
સુખ દુઃખ સબહી વ્યાપત તનમેં, બચન શકે ઉચારી. પ્રભુ૦
જોબનમેં નિત કામ સતાવે, મોહ લીયો મન નારી;
બાલ બચ્ચોંકે પાલનકે હિત. પરઘર ભસ ભિખારી. પ્રભુ૦
વૃદ્ધપણેમેં રોગ લગે સબ. કાયા નિર્બલ હારી;
બ્રહ્માનંદ ભજન બીન તુમરે, જન્મ મરણ ભય ભારી. પ્રભુ૦

૧૭૧. રાગ આશાવરી-ત્રિતાલ.

સંતો કરડા જ્ઞાન હમારા, કહે સુને કછુ કામ ન આવે;
ગ્રહે સો ઉતરે પારા. ટેક૦
કથની કથેને કરે ચતુરાઇ, અંતર ન કરે વિચારા:
ભેખ ધર્યો પણ બ્રહ્મ ન ચિન્યા, દીન દીન બઢયા અહંકારા. સંતો૦
માલા તિલક કરમે સુમરણી, અંતર ધ્યાન ન લાગા;
હુ હુ કરત હડકાયા કુત્તા, કહે ભાઇ કાં તે તાગા. સંતો૦
જગત કરત હે સો તુહી કરત હે, એક ફીની અધિકાઇ;
માલા તિલક છાપ સુમરણી, જગત ફોસલાઇ ખાયા. સંતો૦

બલ દીખલાઇ લજાયા બાનાં, કપટ કલેજા માંહી;
રોમ રોમકી રામ જાનત હે, બાહેર કરત બડાઇ. સંતો૦
પાખંડ ભક્તિએ પ્રભુ નહિ રીઝે, ગુરૂ કાચા મત જાણો;
રવિદાસ રમતા રામ પહેચાણો, સતગુરૂ મળીયા ભાણો. સંતો૦

૧૭૨. રાગ **આશાવરી—ત્રિતાલ.**

આવો અરે સૌ આવોરે, આપણ ભજીએ ભગવાન. ટેક૦
ગાવો અરે સૌ ગાવોરે, ગોવિંદના ગુણગાન. આવો૦
આ માનવ દેહ દૂર્લભ છે, મળવો ફરી ન સુલભ છે; (૨)
એળે ગુમાવો શું એ, રે. આપણ૦
આ કામ ક્રોધને મારો, મિથ્યા અભિમાનને ડારો; (૨)
હું તું પણું વિસારો, રે. આપણ૦
મોહ તણો ડુંગર છે, આશા વળી પત્થર છે; (૨)
પાછળ તેની ઇશ્વર છે, રે. ”
અનિત્યમાં નિત્ય બુદ્ધિ, અસત્યમા સત્ય બુદ્ધિ; (૨)
વિવેકે કરો વિશુદ્ધિ, રે. ”
આ દૃશ્ય પ્રપંચ તું ધારે, અસત્યને સત્ય પ્રસારે; (૨)
આખર એ ખોટું ફસાવે, રે. ”
વૈરાગ્ય વૃત્તિ થાયે, વિષયમાં દોષ જણાયે; (૨)
આપણના શુધ્ધ જાયે, રે. ”

આ મન બુદ્ધિ ને ચિત્તથી, ક્ષણ ક્ષણ જે ઉદ્‌ભવતી; (૨)
અહંકારથી જે થાતી, રે. ”

એ સર્વ વાતને ટાળો, વૈરાગ્ય વિષે સૌ વાળો; (૨)
સંપત્તિ **શમ** સંભાળો, રે, ”

અજ્ઞાનને કર્મેન્દ્રિયને, અરે નિગ્રહ કરવી સૌને; (૨)
સાધો સંપત્તિ **દમ**ને. રે. ”

ચિત્તવૃત્તિ વિષયથી રોકી, દ્રઢતાથી વધો વિવેકી; (૨)
આ સિદ્ધ કરો **ઉપરતિ**ને, રે. ”

એ સર્વ દુઃખને સહેવું, વળી શિત ઉષ્ણ સમ ગણવું; (૨)
તિતિક્ષા પદ મેળવવું, રે. ”

સદ્‌ગુરૂને શરણે જાવું જે કહે તે શ્રુતિ સમ ગણવું;
શ્રદ્ધા ભક્તિથી ભણવું, રે. ”

સ્થાપી ચિત્તવૃત્તિ સ્વરૂપે, તન્મય થઇ જાતું પ્રિતે, (૨)
સમાધાન પામો એ રીતે, રે. ”

ષટ્ સંપત્તિ સાધીને, વિચરવું નિઃશંક થઇને; (૨)
માનાપમાન ત્યાગી , રે. ”

જરૂર પ્રભુ મોકલશે, જાણી મરેછે તરશે; (૨)
તે **તત્વમસિ** આચરશે, રે. ”

બકરી મટીને થઇ શું, વનરાજ થઇને ફરશું: (૨)
સર્વસ્વ સ્વરૂપે લહીશું, રે. ”

૧૭૩. રાગ **ગરબી તાલ દાદરો.**

હીન દીન જાત મોરી પંઢરીકે રાયા;
એસા નામા દરજી તુને કાયકું બનાયા. હીન દીન૦
ટાળ વિણા લેકે નામા દેઉળમેં ગયા;
પૂજા કરતે બંમન ઉને બહાર નિકાલા હી। દીન૦
નના વર્ણ ગૌવાં ઉનકા એક વર્ણ દૂધ;
તુમ કહાં કે બંમન હમ કહા કે શુદ્ર. હીન દીન૦
દેઉળકે પીછે નામા અલખ પુકારે;
જીધર જીધર નામા ઉધર દેઉળહી ફીરે હીન દીન૦
મન મેરી સુઇ તન મેરા ધાગા;
ખેચરજીકે ચરનોંપર નામા શીપી લાગા. હીન દીન૦

૧૭૪. રાગ **સારંગ—ત્રિતાલ.**

આજ સગુણ સ્વરૂપ મો પાહીલે. ટેક૦
.ાહીલે મન સુંદીર સ્વ.ાી તવ, ધ્યાન મજસીહ લાગી। આજ૦
મુના પુલીની, ગોપ મીલુના, દધી નવીનીતા ભક્ષી લે. ”
.ંદ કુમારા, કંસ ચાણુરા, અવતારી હા મારી લે. ”
લક્ષ્મીકાન્તા, યા રામ સુતા, બોધામૃત મજ પાજ લે. ”

૧૭૫. ગરબી.

દુનિયા રૂઠીને શું કરશે પ્રભુ જેના બેલી;
કોઇના માર્યા કેમ મરશે, પ્રભુ જેના બેલી. ટેક૦
લાખા ઘરમા પૂર્યા પાડવોને, કૌરવે લાહ્ય કરેલી પ્રભુ૦
ચંદ્રહાસ કેરી વ્હારે રે ચઢીઆ, વિખ ફેડી વિખયા લખેલી. ”
ભસ્માંગદની ભવાનીને માટે, શામળિયે કીધી શેલી. ”
શીતળ જેવી સુધનવાની કીધી, તેલ કઢા ઉકળેલી. ”
અંબરીષને આપોઆપ ઉગાર્યા, દુર્વાસાને લાહ્ય મેલી. ”
હરિશ્ચંદ્ર રાયની હરકત જાણી, બાજી સુધારીરે છેલી. ”
દુરજનીયાં રૂષીરાજને દુભે, તેમ તેમ આનંદ હેલી. ”

૧૭૬. રાગ તોટક.

ભગવન્ત મનન્તમજં ભજરે, મનસા વિષયેષુ રતિં ત્યજ રે. ટેક૦
સુત દાર ધનાદિ વિહાય ચલં, ગુરૂમાત્મવિદં શરણં વ્રજરે. ભ૦
શ્રુણુ શાસ્ત્ર રહસ્ય કથા વિમલાઃ, હૃદયે ગત મોહમલં મૃજરે ભ૦
નિખિલ જગદેતદ્વેહિમૃષા; પરમાત્મની નિત્યમતિં સૃજરે. ભ૦
પરિહાય મનોભ્રમ જાલમિદં, હરિમેકમુદારમને યજરે. ભ૦

૧૭૭. પદ ગોડી—એકતાલ.

"પ્રભુ તને પ્રસન્ન તે કેમ થાય" એ લય.

હુંમા હુંજ નથી હુંજ નથી, તું તું તું વિશ્વપતિરે. ટેક૦
"હું" કહી શરીર સમજું તે તો તું રચી આપે ધારે;
ઇન્દ્રિય મન પણ એજ રીતના, ચોવીસ એક પ્રકારે હુંમા૦
"હું" તે જીવ ગણું પણ તે પણ, પોલો તારો "ચોળો;"૧
તું ઉઘાડે તું ઉડાડે, ગબડું તારો ગોળો. હુંમા હુંજ૦
તન હોઉં હું તો આરોગ્ય રહું, મન હોઉં તો રહું ખીલ્યું;
જીવ હોઉં તો રહું સદા સુખી શીદ થય કશુંએ ઢીલું. હુંમાં૦
તું તારૂં તારી શક્તિથી ચલવે તેમ ચાલે છે;
જ્ઞાનરૂપ **અનું** છે તેથી તે, હુંગા ડોળ ધાલે છે હુંમાં૦

૧૭૮ ચાબખો—એકતાલ.

"વારે આવો તો લાલ" એ લય.

તાલી પાડીને રામ નામ લીજીએ રે; ટેક૦
કદી અંતરમાં ગર્વ નવ કીજીએ રે. તાલી પાડીને૦
તાલી પાડતાં જે શરમાય છે રે;
તેની અંતે ફજેતી થાય છે રે. "

૧ શરીર

તાલી પાડે તેની જે નિંદા કરે રે;
તે તો લક્ષચોર્યાસીમાં ફરે રે. ”
શુદ્ધ પ્રેમથી તાલી પાડજો રે;
આસપાસના જનોને જગાડજો રે. ”
સદા તાલી પાડો રામ નામની રે;
એ વીનંતિ **તુલસીરામની** રે. ”

૧૭૯. રાગ કામોદ-**તાલ દીપચંદી**

“ નાથ કૈસેં ગજકો બંધ છુડાયો ” એ રાગ.

જોબન ધન પાવના દીન ચારા, વાકો ગર્વ કરે સોગવ્હાંરા ટેક૦

હાડ ચામકા બન્યા હે પિંજરા, ભિતર ભોર ભંગારા;
ઉપર રંગ સુરંગ લગાયો, કારીગર કરનારા. જોબન૦
બનત પચુ ચામકી પનૈયા, નોબત ઔર નગારા;
નરકી દેહ કછુ કામ ન આવે, રામ નામ હુશીઆરા. જોબન૦
સોને રૂપેકા કેટ અરૂ કિલ્લા, રાવણકે દરબારા;
રતિ એક સોના સુખમેં ન મિલિયો. રાવણ મરતી ફેરા. ”
એક લાખ પુત્ર સવા લાખ નાતી, રાવણકે ઘરબારા;
તુલસીદાસ પ્રભુ તુમારે ભજનકો, છોડ ચલે પરિવારા. ”

"શ્રી સદ્‌ગુરુ ભગવાનની સ્તુતિ."

૧૮૦. રાગ બિભાસ-તાલ દાદરો.

સદા સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઈએ. એ લય.

પધારોને પ્રેમથી ગુરૂદેવ, આ સંતાન પાસે,
જોડી દ્વય હસ્ત વિનિત મસ્તકે ઉભો એજ આશે. પધારોને૦

પિતા દયાધન આપ છો, અમે અતિ અજ્ઞાન,
દયા સુધા વર્ષાવીને, દ્યો નિશ્ચે સદ્‌જ્ઞાન.
ક્ષણે ક્ષણે ધ્યાન ધરૂં, ઇચ્છું ક્યારે ભેટ થાશે પધારોને૦

સદ્‌ગુરૂ દેવ કૃપા કરી, તાર્યા તુર્ત શુકદેવ,
ગુરૂ કૃપા જો હોય તો, સર્વ સિદ્ધ તતખેવ.
ટાળો ત્રય તાપ પાપ, તેજ જીવન સફળ થાશે. પધારોને૦

વિરહ ઘેલી ગોપિકા, કૃષ્ણ જપે મુખ નામ;
આપ વિરહમા હું જપુ, નિર્ધનના વિશ્રામ.
અમારૂં કલ્પતરૂ, ત્યાગી બીજે ક્યાં જવાશે પધારોને૦

શરણે આવ્યાને પ્રભો, દીયો કૃપાનું દાન;
ઉઘાડે અંતર અગલા, ટૂટે જગ અભિમાન.
અમારા સ્પર્શ મણી, સ્પર્શ કરો મોક્ષ થાશે પધારોને૦

ગુરૂજી બ્રહ્મા આપ છો, ગુરૂજી આપજ શિવ;
આપજ વિષ્ણુ સ્વરૂપ છો, વ્યાપ્ત સર્વમાં ઇશ.
મટાડો ભ્રાન્ત માયા, શાન્તિ તે ક્યારે મળાશે. પધારોને૦

૧૮૧. રાગ હમીર-ત્રિતાલ.

ગુરૂ બિન જ્ઞાન બતાવે બાટ, બડા બિકટ યમઘાટ. ટેક૦
ભ્રાંતિકી પહાડી, નદિયાં બિચમો, અહંકાર કીલાટ. ગુરૂ૦
મદ મત્સરકા મેહ બરસત, માયા પવન બહે દાટ. ગુરૂ૦
કહત કબીરા સુનો ભાઇ સાધો. કયો તરના યહ ઘાટ. ગુરૂ૦

૧૮૨. રાગ પ્રભાત-તાલ દાદરો.

રામ સુમર-રામ સુમર, રામ સુમર ભાઇ;
મનુજ દેહ ફેરી ખરી, એજ છે કમાઇ. રામ સુમર૦
નેનાં જુવો રામ-રામ, કાન સુણો રામ-રામ;
જીભ ગાતું ઠામ ઠામ, રામની દુહાઇ. ”
આત્મારામનું રટણ, નામ-રૂપ વિસ્મરણ;
ચિદાનંદ રૂપ ઘન, જુઇ-દુઇ જુદાઇ. ”
પુરૂષ રાજ્ય હરજગાહ, પ્રકૃતિ તૂં વિલય થા;
સુની બની અભેદ ગા, અહલ્લેક-લેહ-લગાઇ. ”
વિરાટ રૂપ સહજ વાહ, વાણિ બુદ્ધિને અથાહ;
બ્રહ્મ-સાગરે શી અહા, ઉર્મિ ઉભરાઇ. ”

૧૮૩. રાગ **લાવણી-ત્રિતાલ.**

હરિ નામ સુમર સુખધામ, જગતમેં જીવન દો દિનકા. ટેક૦
પાપ કપટ કર માયા જોડી, ગર્વ કરે ધનકા; (૨)
સભી છોડ કર ચલા મુસાફિર, વાસ હુવા બનકા. જગતમેં૦

સુંદર કાયા દેખ લુભાયા, લાડ કરે તનકા;
છુટા શ્વાસ બિખર ગઇ દેહી, જ્યો માલા મનકા. "

જોબન નારી લગે પીયારી, મૌજ કરે મનકા;
કાલ બલીકા લગે તમાચા, ભુલ જાય ઠમકા. "

યહ સંસાર સ્વપનકી માયા, મેલા પલ છીનકા;
બ્રહ્માનંદ ભજન કર બંદે, નાથ નિરંજનકા. "

૧૮૪. રાગ **કાનડા-તાલ દીપચંદી.**

તોહે રામ મિલેંગે, ઘૂંગટકા પટ ખોલરે. ટેક૦
ઘટ ઘટ રેમતા રામ રમૈયા, કટુક બચન મત બોલરે-તોહે૦
રંગ મહેલમેં દીપ બરતહૈ, આસનસે મત ડોલરે. -તોહે૦
કહત કબીર સુનો ભાઇ સાધુ, અનહદ બાજત ઢોલરે.-તોહે૦

" आत्म गुंजन "

૧૮૫. રાગ કેદાર-તાલ દીપચંદી.

અંતર થતું એજ ગુંજન સદા રમ્ય, ચિદાનંદરૂપઃ શિવોઽહં શિવોઽહં
વ્યાધિ શરીરને તાવી રહ્યા હો, આધિ હૃદયને તપાવી રહ્યા હો;
ઉપાધિ અશાંતિ ચલાવી રહ્યા હો, ચિદાનંદરૂપઃ શિવોઽહં શિવોઽહં.
વૈરી ભલે કટુ વાકય વદંતા, સ્નેહી તણા મર્મ બાણો પડંતા;
અંતર છતાં એ આવી વિંધતાં, ચિદાનંદરૂપઃ શિવોઽહં શિવોઽહં.

રાગે હૃદય આ રંજીત થતું હો, દ્વેષે કદી બળી ખંડિત થતું હો;
મોહે અતિ જોરે પીડિત થતું હો, ચિદાનંદરૂપઃ શિવોઽહં શિવોઽહં.
સંપત્તિ સઘળી ચાલી જતાંએ, સંબંધ પ્રિય જનના છુટતાંએ;
ચૌરાદિ આવી ઘર લુંટતા એ, ચિદાનંદરૂપઃ શિવોઽહં શિવોઽહં.

ક્ષુધાર્ત સ્થિતિમાં દિન ગાળતાં એ, વસ્ત્રો રહિત શીતળ સહતાં એ;
ભૂમિ શયન નિત્ય કરતાં છતાં એ, ચિદાનંદરૂપઃ શિવોઽહં શિવોઽહં.
અનુકૂલ પ્રતિકૂલ સર્વ સ્થિતિમાં, આરૂઢ ગુંજન રહ્યું એ વૃત્તિમાં;
શાંતિ અભયની રહી છે ન સીમા, ચિદાનંદરૂપઃ શિવોઽહં શિવોઽહં.

થાતી પ્રલય મેઘની ગર્જના કે, અગ્નિ પ્રલયનો હવે વર્ષતાં એ;
બ્રહ્માંડ ડોલતું દેખતાં એ, ચિદાનંદરૂપઃ શિવોઽહં શિવોઽહં.

જગતના વિવિધ આ ક્ષુદ્ર પ્રસંગો, પ્રકૃતિ કેરા વળી અન્ય રંગો;
ભાસે સ્વરૂપ મુજ કેરા તરંગો, ચિદાનંદરૂપઃ શિવોઽહં શિવોઽહં.

સ્વરૂપે સદા એ સ્થિતિને કરાવે, ચમત્કૃતિ કંઇ અનંત જણાવે;
ગુંજો અખંડિત અનુભવે આવે, ચિદાનંદરૂપઃ શિવોઽહં શિવોઽહં.

૧૮૬. (જોયો મારો વાહાલોરે—એ રાગ.)

કર્તવ્યને કરજે રે, કોથી ના પછી ડરજે રે,
મસ્ત થઇને ફરજે રે, તૃણવત્ લહી સંસારને હોજી.
કોઇથી તારો વાંકો ન થઇ શકે વાળ, તૃણવત૦

અઢાર અંગથી વાકું જે, ઉંટ સમ જગત ભણાય;
તેના શુભ અભિપ્રાયને, રખે પામવા ધાય;
ઇશ્વરમાં પણ દોષ જે, જોતા ના ખચકાય.
તું સ્પૃહા જગતની હરજે રે. તૃણવત૦

સકલ વિશ્વનો કો નથી, પામ્યું શુભ અભિપ્રાય;
કૃષ્ણ રામ પણ જગતના, જનથી જો નિંદાય;
જુએ દોષ તુજ ત્યાં પછી, શું આશ્ચર્ય ગણાય.
ભય સ્વરૂપ ન હૃદયે ધરજે રે. તૃણવત૦

સદ્ગુરૂ ઇશ્વર શાસ્ત્ર જે વિધિથી પ્રસન્ન થાય,
તે વિધિ વેહેજે યત્નથી, કુપથ ન ધારી પાય;
છો પછી ફાવે તે કરે, આ જનનો સમુદાય,
દુર્જનનાં વચન વિસરજે રે. તૃણવત૦

પૂર્વથી પશ્ચિમમાં વહે રવિ જો ! ગગને નિત્ય,
સુજન દૂર્જનનાં વચનને, ધારે કદી ના ચિત્ત,
સાધન પર રહી શુણ ન તું, લોક વચન અનુચિત;
મતિ પ્રભુમાં સ્થિર કરી ઠરજે રે. તૃણવત૦

આયુષ્ય અલ્પ લહી સખે ! ત્યજને બીજી જંજાળ;

વ્યર્થ કુથલીમાં છો બીજા, પચી રહે રહી કંગાલ;
પણ તું તો હરિ સ્મરી સમય, સત્પ્રયત્નમા ગાળ;
પ્રતિક્ષણ હરિ હરિ ઉચ્ચરજે રે, તૃણવત્૦

નરહરિ પ્રભુની ઓથમાં, જ્યાં લગી રહીશ ભરાઇ;
ત્યાં લગી ત્રિભુવનમા તને, કોઇથી ન થશે કાંઇ;
પ્રભુથી અભિન્ન થઇ રહે, ત્રિકાળ તેથી ભાઇ;
જીવપણું ભૂલી સ્વરૂપે સરજે રે. તૃણવત્૦

૧૮૭. પદ (જશોદાના જાયા કાળા સુભદ્રાના વીરારે) એ રાગ.

પળના તમને ભૂલું વર એ, આપો મારા સ્વામિરે;
આઠે પહોરે મારે ઉરે, રહેજો અંતરયામિરે. પળના૦

ખાતા અન્ન વિષે પ્રભુ, રૂપ તમારૂં જોઉં;
પીતાં જળ જળમા પ્રભુ, તમને જોઇ જોઇ મોહું. પળના૦

શ્વાસ ગ્રહેતાં વાયુમાં, તમને ભેટું નાથ;
નહાતાં જળથી જળ વિષે, આલિંગી ભરૂં બાથ. પળના૦

સુત દારા સંબંધીના, તનુમા સુંદર શ્યામ;
ભાળી તમને ભૂલી જઉં, મિથ્યા આ રૂપ નામ. પળના૦

મિત્રોમાં શત્રુ વિશે, રમણિય નીરખું રૂપ;
રાગ દ્વેષ જઇ વિસરી, થઉ તમમાં તદ્રૂપ. પળના૦

પશુમાં પોરામા અને, વનસ્પતિમાં ઇશ;
મારે નયને આવજો, માગું નમાવી શીશ. પળના૦
સકળ દ્રશ્ય સ્થળ ભાસજો પ્રિયતમ મુજને આપ;
બીજું નથી કશું માગવું, દો તો દો એ બાપ. પળના૦
અંતરમાં કે બાહ્ય આ, જગત્ રૂપે કે કાળ;
નરહરિ પ્રભુ ના આવશો, શિશુ પર ધરીને વ્હાલ. પળના૦

૧૮૮. પદ.

" મારી કરીને મોહઆણુ, કવિ કુડા " એ લય.

આવી મારી ઝુંપડીમાં આજ મારા સ્વામિ!
પાવન કીજે આ દીન દાસ,
કોણ જાણે મારી આપ વિના દાઝ, મારા સ્વામિ!
કરશો મને ના નિરાશ.
નથી આસન રૂડું પ્રભુ બેસાડવા, નથી ષડ્રસ ભોજન જમાડવા;
મારો સ્વીકારો રોટલો ને છાશ, મારા સ્વામિ! પાવન૦
મારી પાસે ન દિવ્ય વસ્ત્ર નાથ આપવા, નથી પુષ્પહાર કંઠે આરોપવા,
માનો પુષ્પહાર, અર્પું તુચ્છ ઘાસ, મારા સ્વામિ! પાવન૦
હું છું દુર્બલ ન ચરણમા કાંઇ મૂકવા, ઝુકું માથું પદે, રાંઝો પ્રભુ સ્વીકારવા,
જો જો ભાવ, જોશો સામગ્રી ન ખાસ, મારા સ્વામિ! પાવન૦

નથી મારે વૈભવોને નાથ માગવા, ઇચ્છું સામર્થ્યને ન, આપથી આગવાં,
યાચું એજ રાખો નિત્ય ચરણ પાસ, મારા સ્વામિ ! પાવન૦
સાધન સદ્‌ગુણહીન હું છું આળસુ પૂરો, દુ:ખ સાગરે ડુબેલો છું નિત્યનો ગુરો
મારે એક માત્ર આપનો વિશ્વાસ, મારા સ્વામિ ! પાવન૦
નાથ નરહરિ દયા આપ દર્શાવજો, મારી રંકની પર્ણકુટી શોભાવજો,
નાંખીશ, આવશો નહિ ત્યા લગી નિઃશ્વાસ, મારા સ્વામિ! પાવન૦

૧૮૯. પદ.

" સ્વપ્નમાહિ દીઠા મેં નેણા રસીલાં " એ લય.

વિશ્વમાહિ દીઠા મેં, વિશ્વનાથ જ્યાં જ્યાં;
વિશ્વનાથ જ્યા જ્યા, મેં દૃષ્ટિ કરી ત્યા ત્યા. વિશ્વ૦
વિવિધ રૂપવાળા, ગૌર પીત કાળા;
કઠિન મૃદુ શુષ્ક ક્યાહિ ભીના હરિઆળા. "
મેં ભૂપમાંહિ ભાળ્યા, આ રંકમા નિહાળ્યા;
આબાલવૃદ્ધ સઉમા, ન કોઇમા મેં ટાળ્યા. "
વિશ્વ બધુ મારૂં. જો વિશ્વનાથ મારા;
તો ભેદ કેમ ધારૂં, હું સારા નઠારા. "
જો વિશ્વનાથ જ્યાં ત્યા, સારૂં ખોટું છે ક્યા;
સ્વરૂપ એક વિલસ્યું, જ્યા ભેદ રહ્યો ના ત્યા. "

હું દૃષ્ટિ બહિર આણું, (ત્યા) વિવર્ત સર્વ જાણું;
બ્રહ્મ દૃષ્ટિ ધરતા, વિવર્તને ના નાણું. ”

ન હાનિ વૃદ્ધિ જોતો, ન પામતો ન ખોતો:
ન શોક ભય ચિંતા, કે ક્લેશે કદિ રોતો. ”

વિશ્વનાથરૂપે, હું એક હું સ્વરૂપે,
ન જીવપણું મિથ્યા, હવે હુંમા ખુંપે. ”

વિશ્વનાથ સિંધુ, તેમાનું હું બિંદુ;
મસ્ત વિચરી જયા ત્યાં, હું મુજથી આનંદુ. ”

૧૯૦. પદ. ત્રિતાલ.

(શું કહું કથની મારી રાજ—એ લય.)

અમૃત રસના પ્યાસી રાજ, અમૃત રસના પ્યાસી;
અમે આનંદ બ્રહ્મ ઉપાસી રાજ, અમૃત રસના પ્યાસી. અમૃત.

ઉર મંદિરીએ સ્નેહ ધરી-માનસ પુજન આચરીએ;
સચ્ચિત્ બ્રહ્માનંદ લહીને, બ્રહ્મનાદ ગજવીએ રાજ. ”

પ્રણુવ મંત્રના પાઠ ભણી, અક્ષય સુખ યાચી લઇએ;
હૃદય આરતી સ્નેહ જ્યોતિએ, પ્રકટાવી દીલ રીઝવીએ રાજ. ”

જયમ જયમ ધ્યાને મસ્ત થતાં, ત્યમ **સોઽહમ્** શબ્દ શુણાયે;
બ્રહ્માંડ ઘુમટમાં વ્યાપ્ત થઇ, પ્રતિધ્વનિ મનોહર થાયે રાજ. ”

નાનાવિધના સુર મધુરા, **અલખ બંસરી** જાગે;
બ્રહ્મરસે રસજ્યોત જગાવી. પરમાનંદ પમાડે રાજ. ”

જીવન વાટિકા ગુંજી રહી એ, બ્રહ્મનાદના સુરથી;
બ્રહ્મ સ્વયં જાગેને તેમા, પ્રકટે તવ પ્રિય મૂર્તિ રાજ. ”

એ મૂર્તિને કયમ પરહરિયે, અક્ષય સુખ છે જેમા;
તન-મન-પ્રાણ લહે કયમ તૃપ્તિ, અમૃતરસ ઝરતો જ્યાં રાજ. ”

૧૯૧ પદ—તાલ અધ્ધો.

રાજી રાજી રાજી મૈં રામસે રાજી, મેરા મન રાજી. ટેક૦
નંગાહી આવે નંગાહી જાવે, ઝુઠી લગાઇ બાજી. મેરા૦
સાગર ઉપર શિલા તરાઇ, રાવણ મારા પાજી. મેરા૦
બંમન હોકે પુરાન બાચે, કુરાન બાંચે કાજી. મેરા૦
કહત **કબીરા** સુનો ભાઇ સાધુ વૈકુંઠ નૌબત બાજી. મેરા૦

૧૯૨. પદ—**એકતાલ**

નમી નમી પાય લાગુંરે, દ્યો વર આજ માગું રે. ટેક૦
નિજરૂપ માહી જાગું રે, જીવ શિવ બ્રાન્તિ ભાગું રે. નમી૦

નાથ ! મ્હારા મનના, મહા મળ બાળો,
વેગો પ્રતિકુળ વૃત્તિ તણા પણ ખાળો;
કરો અવિરત કટાક્ષરે, (૨)
જીવપણું ત્યાગું મહાપદે અનુરાગું રે... નમી०

૧૯૩ પદ **ચાલ હીંચ-સુર—સારંગ-ધુમાર.**

હારે અમે બ્રહ્મસિંધુમાંહી સદા ખેલીએ;
આજે અમે બ્રહ્મરૂપ આપે બની રેલીએજીરે, રેલીએજીરે. બ્રહ્મ०

હારે નામ રૂપમાં ન અમને કદી ભેળીએ;
અસ્તિ, ભાતિ, પ્રિયમાંથી વૃત્તિને સંકેલીએજીરે, સંકેલીએજીરે. ”

હારે જડ દુઃખમા ન અમને કદી મેલીએ;
સત્ ચિત્ આનંદ પદે અમને ધકકેલીએજીરે, ધકકેલીએજીરે. ”

હાંરે નવ વાપરીએ આત્મધન અધેલીએ;
થઇ ઉદાર વાપરીએ થેલીએ ને થેલીએજીરે, થેલીએજીરે, ”

હારે નવ વસીએ અમે જીવપદની ડેલીએ;
જઇને વાસો વસીએ અમે બ્રહ્મપદ હવેલીએજીરે, હવેલીએજીરે. ”

હારે થઇ ભીક્ષુક ના ઘેર ઘેર ટેલીએ;
થઇને શેઠ બેસી બ્રહ્મ ગાદીને અઢેલીએજીરે, અઢેલીએજીરે. ”

હારે નવ નહાઇએ શબ્દજ્ઞાન કેરા ખેળીએ

નહાઇએ અમે અનુભવ વર્ષાની મહા હેલીએજીરે, હેલીએજીરે, ”
હાંરે નવ પડીએ વાચ્યાર્થ કેરી મુશ્કેલીએ
સાધી લક્ષ્યાર્થ બધી ધુંચને ઉકેલીએજીરે, ઉકેલીએજીરે. ”
હારે ન કરમાઇએ શુષ્કજ્ઞાન કેરી શેરીએરે;
થઇને કુસુમ ખીલીએ અમે બ્રહ્મપદની વેલીએજીરે, વેલીએજીરે. ”
હારે બધે અનંત ને અમાપ રૂપે ફેલીએ;
બિરાજીએ અમે બ્રહ્મ હીમગિરિની ટોચ પેલીએજીરે, પેલીએજીરે. ”
હારે મોહ માયા મમતામાં કદી ન રેડીએ;
ખેલીએ તેને આનંદથી સૌ બ્રહ્મ ગેડીએજીરે, ગેડીએજીરે. ”
હારે અમે કોઇપણ મારગને નવ છેડીએ,
લઇને બ્રહ્મહળથી ભૂમિને બધી ખેડીએજીરે, ખેડીએજીરે. ”
હારે નવ જાઇએ અવિદ્યા કેરી મેઢીએ;
ચઢીએ અમે સ્હેજે **પરમાનંદ** તણી પેઢીએજીરે, પેઢીએજીરે. ”

૧૯૪. **પદ.** ચાલ **હાંચ-સુર સારંગ-હુમાર.**

આનંદની હેલીમાં આવોને નાહીએ;
નાહીને મહા પવિત્ર થઇએ. **આનંદની૦**
અધિકારી જાણીને તમને વાત કરીએ,
આનંદ વિના આ વિશ્વ અખિલમા;

મેળવવાનું નથી કંઇએ. આનંદની૦

આનંદ સ્વરૂપ બધા પ્રભુના બાળ છૈએ,
ક્લેશને સ્વીકારીને, હાથે કરીને;
શાને વિસારી ન દઇએ. ”

આનંદમા રહીને સર્વે સુખો લઇએ.
દુઃખો કદી કદી આવી પડેતો;
આનંદથી તે સહીએ. ”

આનંદ કેરા સંબંધે બંધાઇએ,
છૂટા પડવાનો સમય આવતા;
આનંદથી વિખરાઇએ. ”

આનંદમા રહીને સર્વ ક્રીડા કરીએ,
રોટલાનો ટુકડો ખાવા મળે તોએ;
પૂરા આનંદથી તે ખાઇએ. ”

ઊંચ ઊંચ આનંદમાં નિત્ય નિત્ય વહીએ,
આનંદ જેવી વસ્તુ મો માગી મળે તો;
શાને તેને તે છોડી દઇએ. ,

આનંદે ઓત પ્રોત આ સૃષ્ટિને લહીએ,
તેમાં બનતા વ્યતિકરોમા;
આનંદ જોઇ જોઇને મકલાઇએ. ”

૧૯૫. રાગ જંગલો-તાલ લંગડી.

પગે ઘુંઘરૂ રે, પગે ઘુંઘરૂ રે, પગે ઘુંઘરૂ બાંધ મીરા નાચીરે. ટેક૦
મૈં અપને નારાયણકી અબ દાસી રે. પગે ઘુંઘરૂરે૦
લોક કહે મીરા હો ગઇ બાવરી, બાપ કહે કુલ નાશીરે. ,,
લાજ ગઇ અબ લાજ કહા હૈ, મૈં ગિરિધરકી પ્યાસીરે. ,,
રાણાજીને ભેજ્યા ઝહરકા પ્યાલા, પીવત મીરા હાંસીરે. ,,
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ચરન કમલકી દાસીરે. ,,

૧૯૬. રાગ જંગલો-ત્રિતાલ.

ખબર નહિ હૈ જુગમે પલકી-ખબર (૨)
સુકૃત કરલે રામ સુમરલે, કો જાને કલકી. (૨) ખબર૦
તારા મંડળ રવી ચદ્રમા, ઔર ચરાચરકી;-સમજ મન-
ચાર દિનોકે ચમત્કારમેં, બિજલીયા ચમકી. (૨) ખબર૦
કૌડી કૌડી માયા જોડી, હરખાતાં છલકી;-સમજ મન-
પાપકી પોટ ધરી શીર ઉપર, હોવત નહિ હલકી. (૨) ખબર૦
ભાઇબંધ ઔર કુટુંબ કબીલે, મહોબત ગતલબકી; સમજ મન-
કાયા માયા જૂઠી બાજી, યહ તેરી કલકી. (૨) ખબર૦
જબલગ હંસા હૈ કાયામેં, તબલગ મંગલકી;-સમજ મન-
છોડ ચલે હંસા દેહીકું, મીટ્ટી જગલકી. (૨) ખબર૦
દયા ધર્મયુત સાહેબ સમરો. બાત ચેહી નાનનકી;-સમજ મન-
રાગ દ્વેષ અભિમાન ન રાખો, બીનતી **નાનકકી**. (૨) ખબર૦

૧૯૭. રાગ **ભૈરવ—ત્રિતાલ.**

તુમ બોલો મેરી રસના હરિ રે હરિ,
હરિ રે હરિ, રામા હરિ રે હરિ. ... ...તુમ૦
સાંજ સબેરે ઔર દુપેરે, કાયા કરેરે મન પડી રે પડી. તુમ૦
ખટ રસ ભોજન અતિ પ્રિય લાગે, રામ ભજન મેં મરી રે મરી. તુમ૦
ચુન ચુન કલિયાં બાગ બનાયો, માલણ તોડત કલી રે કલી. તુમ૦
કહત **કબીરા** સુનો ભાઇ સાધુ. સુરા પઢાવત ગુણકા તરી. તુમ૦

૧૯૮. રાગ. **ભૈરવ અથવા કાલીંગડો—ત્રિતાલ.**

વ્હારે આવો વિઠ્ઠલ વનમાળી, વનમાળી હો ચિત્તહારી. ટેક૦
દ્રૌપદીનાં ચીર પૂર્યાં, લીધો ગજને ગ્રાહથી ઉગારી વ્હારે૦
હાર આપ્યો નરસિંહ મેતાને, સભા મધ્યે હો ગિરધારી. "
જગદાનંદન કંસ નીકંદન, પાગે પડું છું મોરારી. "
ધ્રુવ અંબરિષને અભય પદ દીધાં. ભકત પોતાના સ્વીકારી. "
બોથ નાથ છે ભારે આપની, કઠણ સમય લ્યો સંભારી. "
ભાવિ ભકતનાં કામજ કીધાં, મ્હને મૂકો ના વિસારી. "

૧૯૯. રાગ **ભૈરવી-તાલ કવાલી.**

જાના હે જરૂર બંદા, કયા કરના ગુમાનારે;
યારી આખર હે ન તેરી, અબ છોડો અભિમાનારે. જાના૰
મેરા મેરા મત કર બંદા, ધર અલ્લાસે ધ્યાનારે;
સ્વપ્ના જૈસા હે સંસારા, બુદ્ધિ કયું બિકાનારે. જાના૰
અપને ખાતર મહેલ બનાયા, દેખત કયું દિવાનારે;
આખર હે જંગલમેં જાના, ધર હિરદે હેવાનારે. જાના૰
જિસકી હે નીતિ હરામસે, ઇસકુ દોઝખમેં જાનારે;
ફિરસ્તાસે ફેર કયા કહેંગે, ઇશ્ક ઉર નહિ આનારે. જાના૰
મુરસદકા વિશ્વાસ રખના, બેહિસ્તકા પરવાનારે;
તેરા આદમ તુજમેં દરસે, મુરસદકું પીછાનારે. જાના૰
કહત **કસ્તુર** મેરા હે, મુરસદ મહેરબાનારે;
આદમસેં અરજી હમેરી, મેં તેરા ગુલામારે. જાના૰

૨૦૦. રાગ **ભૈરવી-ત્રિતાલ.**

ઝોલી ભરકે લાના ચેલા, ગુરૂને મંગવાયા. ટેક૰
પહેલી હીકમત આટા લાના, શહેર બસ્તી કે પાસ ન જાના;
ચકકી પીસી છોડકે ચેલા, ઝોલી ભરકે લાનાચેલા. ગુરૂને૰

દુસરી હીકમત પાની લાના, નદી તાલ કુપે મત જાના;
બહેતા બંધા છોડ કર ચેલા, તુંબા ભરકે લાના ચેલા. ગુરૂને૦
તિસરી હીકમત લકડી લાના, ઝાડ બેલન કે પાસ ન જાના;
લીલી સુકી છોડ કર ચેલા, ભારી બંધ કર લાના ચેલા. ગુરૂને૦
ચોથી હીકમત કલીયાં લાના, જીતે મુવે કે પાસ ન જાના;
કામ ક્રોધકું છોડ કર ચેલા, ચારૂ લેકર આના ચેલા. ગુરૂને૦
કહત **કબીરા** સુન ભાઇ સાધુ, યહ પદ હે નિર્વાણા ચેલા:
યે પદકા જો અર્થ લગાવે, સો નર ચતુર સુજાણા ચેલા ગુરૂને૦

૨૦૧. રાગ **ભૈરવી—તાલ પંજાબી ઠેકો.**

દુનીઆરૂપી દરબારમા, દરબારનો દરબાર છું. ટેક૦
દરકાર નથી દરવાનની પરવા નથી પહેરેગીરની;
દરકારમાં દરકાર છે, દિલદારના દિદારની... ...દુનીઆ૦
ઘરબારમા ઘેલો નથી, પરિવારમાં ન પડેલ હું;
પરવા કરૂ છું પ્રભુ તણી, પ્રભુજી તણો પરિવાર છું. દુનીઆ૦
મમતા નથી માયા તણી, ગમતાં ન મીઠાં ગાયનો;
ગુણ ગાનમાં ગુલતાન છુ. સરકાર નો સરકાર છું. દુનીઆ૦
ડરવું **ભવાની** રહ્યું નથી, મરવું ગમે મસ્તાઇમાં;
પડવું નથી પસ્તાઇને, શૂરવીરનો સરદાર છું. દુનીઆ૦

૨૦૨ રાગ **ભૈરવી—ત્રિતાલ.**

બ્રહ્મરૂપસે દેખ જગતકું, માયાકી મત કર યારી;
મનોવૃત્તિકા ચેલા મત હો, અખલ અકલ નિજકું ધારી માયા૦
શાસ્ત્ર વાસના લોક વાસના, વિષય વાસના દૂર કરે;
આસકિત છોડે અંતરમા, પ્રભુ સ્વરૂપે બહુ સ્ફુરે. ”
મેરા તેરા ભયે મરના, અભેદસે હોતા જીના;
દશા ઐસી અંતર ધરના, મત હોના કબહુ દીના. ”
વૃત્તિ જબતક હૈ સંસારા, નિવૃત્તિ, તબ હૈ મુકિત;
અભેદ ભાવના દૃઢાવનેસેં, મન હો જાયે નિવૃત્તિ. ”
સર્વ વસ્તુમે બ્રહ્મ ભાવસેં, તનમય લીન સદા રહેના;
બુદ્ધિ **સાગર** અનુભવ પા કર, લેના દેના કયા કહેના. ”

वैराग्योर्मि.

૨૦૩ **ભૈરવી. (ઠુમરી)**

ફકીરી કર અખત્યાર, મનવા—ફકીરી૦
બન મુરખ મસ્ત ગઁવાર; મનવા૦
ઇશ્ક ભભૂત ઉઠાવી પછી કર, કૂચય્ જાનાંની દરકાર.-મનવા૦
લાજ સમાજથી કાજ ન કાંઇ, ભુલ તું આપ વિચાર.—”

આપ ભુલી ભર આપ થકી સહુ, ભોગવ સનમ દિદાર —"
એમ મરી જીવ્યું તેજ જીવ્યુ છે, નર ખર વાનર છે હજાર -"
ઇશ્ક સુનાવો ઇશ્ક બજાવો, ગા, તાનથી, ઇશ્ક પુકાર.—"
બ્રહ્મ સનમમય થા, કર બાધુ, પરસ સનમ **મણિ** સાર.—"

૨૦૪ ભૈરવી—એક તાલ.

મુઝે કયા ઢુંઢે બંદા, મૈં તો તેરી પાસમેં. ટેક૦
નહિ મેં ચકવા નહિમેં બકવા,-નહિ છુરીકી ધારમેં. મુઝે૦
નહિં લોહીમેં નહિં ચામમેં, નહિં હડ્ડી માંસમેં;
અવધ પુરી બસે સરજુપે, મૈં બસું વિશ્વાસમેં. "
નહિં મેં જોગી નહિં વેરાગી, નહિં સાધુ સન્યાસમેં;
ખોજ કરે તો પળમેં મીલું, તેરી સુરતકી તલાસમેં. "
શહેર બાહેર તો ડેરા હમેરા, તકીયા હૈ મેદાનમેં;
કહે **કબીરા** સુન ભઇ સાધુ, રહેતા શ્વાસનકે પાસમેં. "

૨૦૫ ભૈરવી-ત્રિતાલ.

ભજ મન રામ ચરણુ સુખદાઇ. ટેક૦
જિહિ ચરણસે નિકસી સુરસરી, શંકર જટા સમાઇ;
જટાશંકરી નામ પર્યો હૈ, ત્રિભુવન તારન આઇ. ભજ મન૦

સોઇ ચરણુ સંતન જન સેવત, સદા રહત સુખદાઇ;
સોઇ ચરણુ ગૌતમ રીષી નારી, પરસ પરમ પદ પાઇ. ભજ મન૦
દંડકવન પ્રભુ પાવન કીન્હો, ઋષિયન ત્રાસ મિટાઇ;
સોઇ પ્રભુ ત્રિલોકકે સ્વામી, કનક મૃગા સંગ ધાઇ ભજ મન૦
જીહી ચરનકી ચરન પાદુકા, ભરત રહ્યો લવલાઇ;
સોઇ ચરન કેવટ ધોઇ લીને, તવ હરિ નાવ ચલાઇ ભજ મન૦
કપિ સુગ્રીવ બંધુ ભય વ્યાકુલ, તીન જય-છત્ર ફિરાઇ;
રિપુકો અનુજ બિભિષણ નિશિચર, પરસત લંકા પાઇ. ભજ મન૦
શિવ સનકાદિક અરૂ બ્રહ્માદિક, શેષ સહસ્ત્ર મુખ ગાઇ;
તુલસીદાસ મારૂત-સુતકી પ્રભુ, નિજ મુખ કરત બડાઇ. ભજ મન૦

૨૦૫. ભૈરવી-તાલ દાદરો.

ધન્ય જાહલા તુહ્મી દત્ત પાહીલા, તુહ્મી દત્ત પાહીલા. ટેક૦
પાયીં પાદુકા કટી મેખલા, દંડ કમંડલુ કરીં માલા;
શોભતે ગળાં અસા રૂચિર સાવળા. ધન્ય૦
મુની વૃન્દારક વંદીતી જ્યાલા, પારનસે નિગમાલા;
યેથે રાહિલા મહા લાભ જાહલા ધન્ય૦
ભાવે ભજતાં જ્યાસ દયાળા, દૂર કરી ભવબંધાલા;
ભૂલત મુક્તિલા, પ્રભુ દેઇ મુક્તિલા. ધન્ય૦
વિશ્વ વ્યાપક દીન દયાળા, નિશિદીની યા શિતી કંઠાલા;
છંદ લાગલા પ્રભો દાવિં પાઉલા. ધન્ય૦

તેરે લીયે.

૨૦૭. ભૈરવી-તાલ ખેમટો.

જિના જરૂરી રામ તેરે લીયે,
તેરે લીયે, પ્યારે ! તેરે લીયેરે, તેરે લીયે.
પહાડ, નદી, અસમાન, સમુદર, ચંદા સૂરજ રામ તેરે લીયે. જિના૦
તેરાહી નૂર સભીમેં પસારા, બીજલી ચમક રામ તેરે લીયે. "
નહિ કછુ મેરે માયા મમતા, આતે અરૂ, જાતે રામ તેરે લીયે."
ધન સુત દારા દોસ્તોકી યારી, હસને રોને રામ તેરે લીયે. "
ખાનાં ખિલાના પીના પીલાના, લેના અરૂ દેના રામ તેરે લીયે. "
તેરી મહોબતકી પ્યાસ ગઝબ હય, પીયા મે શરાબ જામ તેરે લીયે. "
તેરીહી મસ્તીમેં દિલ યે દિવાના, ફીરતા અકેલા રામ તેરે લીયે."
તેરી અગનમેં જીગર એ જલતા, રટતહી તેરા નામ તેરે લીયે. "
માલીક તું મેં તેરાહી બંદા, બનાહુ ફકીરા રામ તેરે લીયે. "

૨૦૮. ભૈરવી-તાલ પંજાબી ઠેકો.

કરના ફકીરી ભજના સાહેબ, કયા બીજાની આશરે. ટેક૦
ઘર ઘર ટુકડા માંગકર ખાના, કછુ ન રખના પાસરે. કયા૦
ખભે ગોદડી હાથમાં તુંબડી, જંગલ કરના વાસરે. કયા૦
કહંત કબીરા સુનો ભાઇ સાધુ, એક સાહેબ રખના પાસરે. કયા૦

૨૦૯. ભૈરવી અથવા સારંગ–એકતાલ.

અંધેરી દુનીઆ ભજન વીના કૈસી તર જાયંગી. ટેક૦
કૈસી તર જાયંગી, કૈસી તર જાયંગી. અંધેરી૦

પહાડ ફોડકે પથ્થર મંગાયા. ઉનકી મુરત બનાય;
માથે ઉપર પાંવ ધર કર ઉનકી પૂજા કરાયજી. "

સવા શેરકી ભૂજે પપડીઆ, દેવીકો ચઢવાય;
વો દેવીતો ખાવે ન પીવે, (બોલે ન ચાલે) આપહી મિલ મિલ ખાયજી. "

જીતે બાપકું રોટી ન દેવે, મુડદેકું ખીલવાય;
મૂઠભર ચાવલ ઘર પર ફેંકે, કૌએકું બાપ બનાયજી. "

સચ્ચા તો ભાઇ ભૂખા મરવે, જૂઠા લડ્ડુ ખાય;
કહત **કબીરા** સુનો ભાઇ સાધુ, કરણીકા ફલ પાયજી. "

૨૧૦. ભૈરવી—ત્રિતાલ.

નજર ન આવે આતમ જ્યોતિ.

તેલ ન બત્તી બુઝ ન જાતી, નહિ જાગત નહિ સોતી. નજર૦

ઝીલમીલ ઝીલમીલ બાદલ બરસે, જયસા નિરમલ મોતી. નજર૦

કહત **કબીરા** સુનો ભાઇ સાધુ, ઘર ઘર બાંચત પોથી. નજર૦

૨૧૧. ભેરવી-તાલ દાદરો.

મૈં ગુલામ મૈં ગુલામ મૈં ગુલામ તેરા,
તું સાહેબ તું સાહેબ તું સાહેબ મેરા. ટેક૦

રૂપ નાહિ રંગ નાહિ, નાહિ બરન છાયા;
નિર્વિકાર નિરગુણ પ્રભુ, તુલસી રઘુરાયા. મૈં ગુલામ૦

એક રોટી દે લંગોટી, દ્વાર તેરા પાઉં;
કામ ક્રોધ છોડ કર, હરિ ગુણ ગાઉં. „

મહેરબાન મહેરબાન, મહેર કરો મોરી;
દાસ કબીર ચરણ ખડા, નજર દેખ તોરી. „

૨૧૨. ભૈરવી-ત્રિતાલ.

રામ સુમરલે ભાઇ, ઝટપટ રામ સુમરલે ભાઇ. ટેક૦

જરા મરણ કે ઉંચ ફરારે, રોગકી ફોજ ચડાઇ;
વાત પીત કફ નૌબત બાજે, ઇન્ને ધુમ મચાઇ. ઝટપટ૦

કાયા નદીકા પુર ચલ્યો હૈ, દોલત સબહી બહાઇ;
સંત સમાગમ જલ્દી કર લે, નરતનુ જો કાં પાઇ. ઝટપટ૦

માત પિતા ઔર બહેન કબીલા, સંગ સહોદર ભાઇ;
તેરે ઉપર આન પડે તબ, સાથ ન આવે કોઇ. ઝટપટ૦

નિરંજન રઘુનાથ ગુરૂકી, આજ્ઞા ખુબ સુણાઇ;
બાર બાર કરજોડ પુકારત, તુમકું રામ દુહાઇ. ઝટપટ૦

૨૧૩. અઝાન.

પરમેશ પ્રભુ ! પરમેશ પ્રભુ !
પરમેશ પ્રભુ ! પરમેશ પ્રભુ ! ૧
પ્રભુ એક તુંહિ વિણ અન્ય પ્રભુ-
નથી કોઇ બીજો, પ્રભુ ! સાક્ષી પુરૂં; ૨
પ્રભુ એક તુંહી વિણ અન્ય પ્રભુ-
નથી કોઇ બીજો, પ્રભુ ! સાક્ષી પુરૂં; ૩
વળી, એ પણ-એ પણ સાક્ષી પુરૂં,
મહમૂદ-રસુલિલ્લા' ગણું છું; ૪
વળી, એ પણ-એ પણ શાક્ષી પુરૂં,
મહમૂદ-રસુલિલ્લા' ગણું છું; ૫
સહિ પાક નમાઝ વળો પઢવા,
સહિ પાક નમાઝ વળો પઢવા, ૬
સહિ આવ ભલી મુક્તી રળવા;
સહિ આવ ભલી મુક્તી રળવા. ૭
મોટી ઉંઘથી પાક નમાઝ ભલી,
મોટી ઉંઘથી પાક નમાઝ ભલી; ૮
ન ગુનાહ કરો, અલ્લાહ વિના-
નથી કૌવત એકલી બંદગીમાં ૯
પરમેશ પ્રભુ ! પરમેશ પ્રભુ !
પ્રભુ એક વિના નથી અન્ય પ્રભુ. ૧૦

---

* દરેક નમાઝ પહેલા મુલ્લા બાંગ પોકારે છે તે.

અઝાન-અરબી = Call to prayer.

૨૧૪. [1]અલહમ્દો.

(તોટક.)

સહે તા'રીફ છે અલ્લાહ તણી,
સહુ આલમનો અલ્લાહ ધણી; ૧
બહુ રહેમ કરે, બક્ષીસ દિયે,
દિન કયામતનો કુલ માલિક એ. ૨
રબ! બંદગી ત્હારીજ સૌ કરીએ,
વળી ત્હારીજ સ્હાય સદા ઇચ્છિયે; ૩
સીધી રાહ બતાવ ખુદા! અમને,-
સીધી રાહ ગયા, અને પછી-
તુ- ઇનામ મળ્યા;
નહિં કે—
જન જે ભુલમાં ગુમરાહ થયા,
તુજ ખાફ તણા કંઇ ભોગ થયા: ૫
બસ, રાહ સીધી, રબ! દાખવજે,
સીધી રાહ લઇ તુજથી મળીએ. ૬
કહું આમીન! આમીન! આમીન! એ.

---

[1]અલહમ્દો = All Praise (to God).

The opening chapter of the Quran.

The most essential verse to recite in every prayer. Every prayer opens with this verse. Without this verse, no prayer can be said. This verse also recited in Fateha-prayers for the repose of the dead.

૨૧૫.[1] કુલ હો વલ્લાહ.

(મિશ્ર તોટક.)

કહીં દે, ઇશ એકજ, એકજ છે;
સંસારથીં પાક, પવિત્ર જ છે;
નથીં જન્મ લીધો,
નથી જન્મ દીધો,
—કદિ કો કુખથી,
—કદિ કો જનમી;
નથીં બેશ, બિરાદર એક વળી,
ખલકે-
ફલકે—
નહિં કો સ્થળે.

૨

ખુદ આપજ આપ થકી પ્રકટી,
પ્રકટાવીં દિધી સહુ ખલકતને;
ધર્યું નામ ખુદા,
રહ્યું યાદ સદા;
ઇશ એકજ, એકજ, એકજ છે.

[1] કુલ હો વલ્લાહ = Say God is One.

The most important verse to be recited in every prayer after "Al-Hamdo." The cream of the Quran. The gist of the whole faith of Islam.

૨૧૬. [1] આયતુ'લ કુરસી. [*]

(હરિગીત.)

છે એક અલ્લા', વિણ બીજો અલ્લા' નથી, કુલ ખલ્કમાં:
આદિ નથી, ના અંત છે, ચિર અમર છે, નિત્યે રહે;
નિંદ્રા નથી, તંદ્રા નથી, જેને જરા પણ ઘેરતી,
રક્ષા કરે સૌની સદા, પેગમ્બરો કીડી તણી.

[2] કુન્-ફ-યકુનઃ થા, થઇ ગઇ; કૃતિઓ સઉ કિરતારની;
આકાશમાં ને અવનિમાં, મિલ્કત બધી માલિકની;
એની રજા વિણ કોઇની, શું સિફારશ કો કરી શકે ?
છે જ્ઞાત એને વાત સઉ, હો પ્રકટ વા અંતર વસે,
માલિકની મરઝી વિના, ના અંશ પણ જાણી શકે-
હા, માનવી મહેનત કરે, પણ ઇલ્મ ગે'બી ગે'બ રહે.

કુરસી ખુદાની અર્શ[3] પર,
કુરસી સમા ને અર્દ[4] પર, અને પછી-

કુરસી ખુદાના ઇલ્મની,
કુરસી ખુદાના અમલની-

કુરસી બધે છાઇ રહી, ના કોઇ જા' બાકી રહી,
કુરસી સલામત અમલની, **યા રબ્બિલ્ આલેમીન**[5] !
યા **હાફિઝો**[6] ! કરતા હિફાઝત ખલ્કની ના થાકતો,
આ'લા, અઝીમુશ્શાન ત્હારી, યા જલ્લે જલાલહૂ[7] !

* This verse contains the most exquisite praise of God in the whole Quran. It is generally recited after each prayer; also in Fatehas (prayers for the Dead.)

૧આયતુ'લ કુરસી–The Verse on the Throne (of God)

It is believed by orthodox Muslims that this verse is literally engraved on the actual Throne of God on the highest Heaven.

૨ કુન–ફ–યકુન = Be & it became.

૩અર્શ = Highest Heaven (above the 7th heaven)

૪ અર્દ = Earth.

The first couplet embodies the orthodox view.

The 2nd—the Rational view.

૫રબ્બિલ્ આલમીન = The Lord of the Worlds. (implying many worlds of modern science.)

૬ હાફિઝો = Oh ! Protector (God)

૭ જલ્લે જલાલહૂ = Thy Majesty & Glory !

૨૧૭. ધૂનો.

રાગ કાલિંગડો-તાલ દાદરો.

હરિ ૐ, હરિ ૐ, હરિ ૐ, હરિ ૐ. (૨) ૨૬૦

હરિ હરિ ૐ, હરિ ૐ, હરિ ૐ ૐ. (૨)
હરિ હરિ ૐ, હરિ ૐ ૐ ૐ. હરિ ૐ૦

x x x x

ગોપાળ રાધેકૃષ્ણ, ગોવિંદ ગોપાળ.

x x x x

હરિહર રાધા ગિરિધર ગોવિંદ ગોપાળ વાસુદેવ.

x x x x

રામ રામ રામ રામ, સીતારામ સીતારામ.

x x x x

રામ લક્ષ્મણ જાનકી, જય બોલો હનુમાનકી.

x x x x

ગુરૂ દત્તાત્રય અવધૂતા, જનાર્દન સ્વામી એકનાથા.

x x x x

રાધાકૃષ્ણ જય કુંજબિહારી, મુરલીધર ગોવર્ધનધારી.

x + x ^

ગોપીજન વલ્લભ ગિરિધારી, કૃષ્ણચંદ્રની બલિહારી.

x x x x

ગોપાલ કૃષ્ણ—રાધે કૃષ્ણ.

× × × ×

દેવકીનંદન ગિરિધરલાલ, કરૂણાસાગર દીનદયાળ.
કરૂણાસાગર દીનદયાળ, ભકતજનોની લ્યો સંભાળ.

× × ×

રાધા રમણ હરિ, ગોવિંદ જય જય.
ગોવિંદ જય જય, ગોપાલ જય જય.

× × ×

હરે રામ, હરે રામ, હરે રામ હરે,
ભજ મન નિશદિની પ્યારે.

× + ×

રાજા રામ રામ રામ, સીતા રામ રામ રામ.

× × ×

શિવ હર શંકર ગૌરીશં, વન્દે ગંગા ધરમીશં;
રૂદ્રં પશુપતિ મીશાનં, કલહર કાશીપુરી નાથં,
જય શંભો જય શંભો શિવ ગૌરીશંકર જય શંભો.

× × ×

હર હર મહાદેવ શંભો, કાશી વિશ્વનાથ શંભો.

× × ×

રાધેશ્યામ રાધેશ્યામ, રાધારમણ જય રાધેશ્યામ.

× × ×

શ્રીમન્ નારાયણ નારાયણ નારાયણ.

× × ×

હરે રામ હરે રામ, રામ રામ હરે હરે.
હરે કૃષ્ણ હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે.

× × ×

રાધે ગોવિંદ ભજો, રાધે ગોવિંદા.
આનંદકંદ પ્રભુ, રાધે ગોવિંદા. રાધે૦
બાલમુકુંદ પ્રભુ, રાધે ગોવિંદા. રાધે૦

× × ×

રામ રાઘવ રામ રાઘવ રામ રાઘવ પાહિમામ્
કૃષ્ણ કેશવ કૃષ્ણ કેશવ કૃષ્ણ કેશવ ત્રાહિમામ્

× × ×

સીતા રામ સીતા રામ ભજ પ્યારે,
નહિ જનમ બારંવારે.

× × ×

જય રણછોડ મહારાજા.

× × ×

કૃષ્ણ રામ રામ રામા, રામરાયા રાધેબારે.

× × ×

સીતા રામ, સીતા રામ, સીતા રામ, જય સીતા રામ.

× × ×

સીય સ્વામીનીકી જય, પ્યારે રાઘવકી જય;
બોલો હનુમાન કૃપાલુકી જય જય જય.

× × ×

રાધે રાનીજીકી જય, પ્યારે માધવકી જય;
બોલો ઉદ્ધવ કૃપાલુકી, જય જય જય.

× × ×

રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ.

× × ×

જય જય રાધા કૃષ્ણ હરિ, સાવલ્યા રામ કૃષ્ણ હરિ.

× × ×

નારાયણ નારાયણ જય ગોપાળ હરે.

+ + +

૨૧૮ રાગ **ખમાચ કાલીંગડો કે ભૈરવ-ત્રિતાલ.**

ગુણ ગાએ જે ચાહે તે થાયે સદાય,
પ્રિતિથી સ્વવશ થઇ જાય જગરાય. ગુણ૦
અન્ય ઉપાય કઠણ **અનુ** કલિમાં,
આ તો સદા સહુથી સુખેથી કરાય. ગુણ૦

૨૧૯ રાગ **ખમાચ.**

કદી કેમે કોઇને દુભવ મા, દુઃખ પામે જેથી તું ભવમા;
ત્હારે હાથ વાત છે તારી, આવે **અનુ** અનુભવમાં કદી૦

૨૨૦ રાગ **ખમાચ.**

પ્રભુ પંથ પકડ પ્રિય ભાઇ ચાહી,
શ્રી કંથ છેજ સુખદાઇ સ્હાયી. પ્રભુ૦
મતિ શક્તિ સમ કર બનતિ કૃતિ,
પતિ પામીશ તું ફળની માંહી. પ્રભુ૦

૨૨૧ રાગ સોરઠ.

હરિજન થઇ રહો સભાગી,
સેવો હુંપદ મદ ત્યાગીરે. હરિ૰
ધન તન સહ આત્મા અર્પણ કરી,
લ્યો સેવન સુખ માગીરે. હરિ૰

૨૨૨ રાગ સોરઠ

શ્રીવરને વ્હાલે વરવું, સાચા સદ્‌ભાગી ઠરવુંરે. શ્રીવર૰
ગુરૂદ્વારા સૌ અર્પણ કરવું, **અનુ** હુંપણુ પરહરવુંરે. શ્રીવર૰

૨૨૩ રાગ સોરઠ.

"રાખો નિત ફીકર અમારી" એ રાગ.

દ્દઢ રહી ચહી હરિગુણ ગાઓ, શ્રી રામ નામ જપે જાઓરે. ટેક૰
એ રામ અન્ય ન, ધન્યજ એથી. સજ્જન ખરેખર થાઓ;
અનંત એ અનંત સુખ લેવા, સુભાગ્યવંત ગણાઓરે. દ્દઢ૰

૨૨૪ રાગ. સોરઠ.

માલીકને યત્ને મળવું, સાચું સંસારે રળવું રે. માલીકને૰
તન ઉતારો સાથ ધુતારો, પળમાં પડે નાકળવુંરે. માલીકને૰

૨૨૫ રાગ. સોરઠ.

ભક્તિથી કોઇ ન મ્હોટું, હરિ વિણુ બીજે નવ મ્હોતુ રે, ભક્તિ૰
સાચે સ્થાને સાચે જ્ઞાને, **અનુ**પતિમાં ચિત્ત પ્રોતુ રે. ભક્તિ૰

૨૨૬ રાગ. સોરઠ.

શ્રી હરિનેજ સ્મરી લ્યો ભાઇ,

શીદ રહો છો સંસારમાં લોભાઇ ભાઇ. શ્રી૦
રહેશો સમરવો, દેવ અમરનો;
સંકટે ટાંભારે આવે ધાઇ, સુખદાઇ. શ્રી૦

૨૨૭

જાણોને વખાણોને શ્રી કૃષ્ણ સદારે,
શ્રી કૃષ્ણ સદારે એવા ન કોઇ સુખદારે:
દેવોનાં પણ દુઃખ એ ટાળે, પોતે પ્રકટી વિપદારે. જાણો૦

૨૨૮ રાગ **સોરઠ.**

સેવ કરે થાતું, અણુંથી વડો સેવેકરે થાતું;
દેવાથી છુટી દેવાથી દેવાથી ન છુટી જાતું. અણુંથી૦

૨૨૯ સાખી.

બંધેકો બંધા મીલે, છુટે કોન ઉપાય;
સેવ કરે નિર્બંધકી, પલમેં દેત છુડાય.

૨૩૦ રાગ. **સોરઠ.**

અંતે ઇશ ખરા, અન્ય જન સાધન હોય ભલે પણ; અંતે૦
અંતવાન સહુંને, સહુંનું સહું, **અનંત** અનંત ઠર્યા. અંતે૦

૨૩૧ રાગ. **સોરઠ.**

કેવા કૃષ્ણ કૃપાળ, (અમારા) કેવા કૃષ્ણ કૃપાળ.
વ્હાલથી લે સંભાળ સમયસર. કેવા૦
સેવ સ્વીકારી, દે સુખભારી;
અનંતપતિ રખવાળ, વ્હાલથી૦

૨૩૨ રાગ. સોરઠ.

શ્રી હરિ દ્યો વૈરાગ્ય રાગ કરમાહે આપનો સ્થાપી;
શુચિ સત્સંગે રંગો રંગે, અનુ માગે એ લાગ.

૨૩૩ રાગ પરજ.

ભક્તોનાં કરે છે ભય હરી હરિ કાજ. ટેક૦
એન અવસરે એન જાળવે, અનંતપતિ જગરાજ;
સાચા સંગી સમર્થ સ્નેહી, એજ ધરે ખરી દાઝ ભક્તો૦

૨૩૪ રાગ ઠુમરી.

સાચા હરિજન જરી તજે ન ધર્મ. ટેક૦
ભલે ભય કે લાલચ હોય ભારે, તેની પરવા ન ધારે. સાચા૦
ન કુસંગ રંગ અનુ લાગે અંગ,
સ્વપ્રસંગ પ્રબળે કુસંગી કંઇ સુધરે. ભલે૦

૨૩૫ રાગ પીલુ

જે હરિને સર્વસ્વ ધારે, તેનું શ્રી હરિ સર્વ સુધારે. જે શ્રી૦
વિઘ્ન સીધારે, વેરી સીધા રહે, શક શું ધાર તું સુધર એ સુધારે. જે શ્રી૦

૨૩૬ રાગ પીલુ

શ્રી હરિનુંજ કરે પ્રિય સેવન, એજ મહાજન ધીમન શ્રીમન. શ્રી૦
એથી અન્ય અનંત ઉતરતું; કર તું તો ગણી એ જીવ જીવન. શ્રી૦

૨૩૭ રાગ પીલુ.

ઉરે વસ્યા શ્રી હરિ દઢ ધ્યાઉં, કદા કૃતાર્થ થાઉં એ ચાહું. ઉરે૦
ઉત્તમ અવર મૂકી અનુ મંડું, પામી પ્રભુ પુરમાં ન પુરાઉં. ઉરે૦

૨૩૮ રાગ **પીલુ.**

ખાન પાન શયનની ન પરવા દેહ ધારી હરિ સેવા કરવા;
એજ સ્વાદુ અતિ લાગ્યું મનથી, જીવી શકતાજ સેવા જીવનથી.
હરિ એજ ઇષ્ટ એજ સ્વામી, દૃષ્ટી કીધી ન અવરના સ્હાંમી;
નમ્યા તે નમ્યા એમાં વિરામી, ગમ્યા તે ગમ્યા એ ગુણ ગ્રામી.

૨૩૯ રાગ **પીલુ.**

હરિજન મોહે ન વૈભવ પામી, પ્રિત પ્રભુમાં વધારતા સ્હામી. હરિ૦
એનું ગણી એ નિમિત્તજ ખરચે રાગ ન થાય રહે પ્રિત જામી. હરિ૦
મૂઢ વિમૂઢ બને ધન મળતાં, ભૂલી પતિ ઠરે લૂંણ હરામી. હરિ૦
માની પ્રભુ ઉપકાર સુદામા, સ્વસ્થ રહ્યા ન બન્યા જગકામી. હરિ૦

૨૪૦ રાગ **કાફી.**

કર બનતું પરકાજ,
આજથી જગત ગજનો કીંકર બન તું;
પુણ્ય કરી સુખ લેવા પતિએ,
અનુ દીધાં સૌ સાજ. આજથી૦

૨૪૧ રાગ **કાફી.**

કાજ કરે જગગાજ,
સ્વજનની દાઝ ધરી, હરિ લાજ વધારે. કાજ૦
ધન્ય દ્વારીકાંધિશ દયાઘન, **અનં**તના શિરતાજ. સ્વજન૦

૨૪૨ રાગ **કાફી.**

ભક્તાધિન ભગવાન, સહુ લહે ભક્તાધિન ભગવાન.

વૃથા કુળવાન શ્રીમાન ધીમાન તણા મદ. ભક્તાધિન૦
નિર્લોભિ નિર્માની પ્રેમી, પ્રભુના તેજ પ્રધાન. ”

૨૪૩. રાગ કાફી.

હરિ ઇચ્છા અનુસાર, રહેવું શ્રી હરિ ઇચ્છા અનુસાર;
હૃદયથી રંચ ન ત્યજવો પ્રેમને રહેવું શ્રી હરિ ઇચ્છા અનુસાર.
સુખ દુઃખ સારૂં સ્વતંત્ર ન બનવું, ગણી ધણી જગદાધાર;
અનંત એથી અંત થશે સુખ, મળશે શ્રી સરકાર. હૃદયથી૦

૨૪૪ રાગ કાફી.

કરી લ્યો કામ ક્રોધ પર જય, હરિની સહાય મળશે માગો તો. કરી૦
એ વેરી જીત્યા વિણ અંતુ થશે ન દુઃખનો ક્ષય. કરી૦

૨૪૫ રાગ કહારવો.

વસો સમજુ નિત હરિજન સંગે; હરિજન સંગે પરમ ઉમંગે વસો૦
શ્રવણ સ્મરણ સેવનનું મન થઇ; રંગાશો એ રંગીન રંગે વસો૦
દુરજનથી દીલ જરી નવ ડગશો; મળશે અનુપતિ એજ પ્રસંગે. વસો૦

૨૪૬. રાગ કહારવો.

સાચા સંત ખરે એ પરવા, ખરે એ પરવા, ધરે એ પરવા. સાચા૦
ધર્મ ત્યાગ ભય લાલચ પ્રભુની, અવર આશ ત્રાસથી અનુ નરવા. ”

૨૪૭. રાગ કાલીંગડો.

મને હરિ ભજવાની ટેવ પડી (૨)
મ્હારો નાથ ન વિસરે એક ઘડી. મને૦
સોપ્યું મન પાછું નહિ વળશે, શ્રી હરજીશું પ્રિત જડી. મને૦
ગાઇ ગાઇ થઇ ગઇ કૃતારથ, નરસહીયાની જીભલડી. ”

૨૪૮. રાગ કાલીંગડો.

પોતાને લ્યો પિછાણી રે, હે બાઇ ભાઇ; પોતાને॰
સાચો સ્વાર્થ સમજી સાધી લ્યો, અનંત શાસ્ત્ર પ્રમાણીરે. પોતાને॰

૨૪૯. સાખી.

એકહી સાધે સબ સધે, સબ સાધે એક જાય;
જો ગ્રહી સેવે મૂલકો, (તો) ફુલે ફલે સદાય

૨૫૦ રાગ ઝીંઝોટી.

લાગ હરી દે સરખો પણ, લે લાભ તેજ સદ્‌ભાગીરે;
પુઠે દીલ દાઝે છે જે તક ચૂકે છે દુરભાગીરે. લાગ॰

૨૫૧. પદ.

દુઃખડાં આવે છે નિજ પાપે, શ્રી વર તો દુઃખને કાપે.
કાધા મુજબ કરજ ચુકાવવું, એમાં શીદ ગભરાવું;
જે વેઠયું તે ઓછું થાતું, ફરી ન એ દુખ થાવું. દુઃખડાં॰

૨૫૨. પદ. "રતનીયા ન આવે" રાગ

હરિ નિમિત્તે દેનાર, તણો ધન્ય અવતાર.
પ્રિતે સુપ્રિતે દેનાર, તેનો થાએ બેડો પાર. હરિ॰
યશ વશ કરીને, મદ રદ કરીને;
અનુ કર્તવ્ય સ્મરી, ન કરી બીજી દરકાર. હરિ॰

૨૫૩. રાગ ઉપરનો.

ભુલેલાંને દે છે ભાન, ધન્ય ધન્ય ભગવાન;
ભક્ત વત્સલ શ્રીમાન, ધન્ય કૃપાના નિધાન. ટેક॰

ભૂલેલાજ અમે, સ્વીકૃત કીધા તમે;
સાચા સાચી સાચે સમજે, દેશો **અનંત**ને જ્ઞાન.

૨૫૪. રાગ ઉપરનો.

જો એક વશ થાય, તો તે એક બસ થાય;
કાં અનેક પંથે ધાય, એકથી સહુ સધાય.
એકજ દેવ કરો, એકજ પંથે વિચરો.
અનુ એકનેજ વરો, ઠરો સભાગી સદાય.

૨૫૫. રાગ ઉપરનો.

કરો સરવની સેવ, રીઝે શ્રી દેવાધિ દેવ;
ચહો એ અવશ્ય મેવ, રીઝે શ્રી દેવાધિ દેવ કરો૦
મદને રદ કરીને, યશ વશ ના હરીને;
અનુ કર્તવ્ય સ્મરીને, પરહરીને કુટેવ. કરો૦

૨૫૬. રાગ ઉપરનો.

ખમા રાજા રણછોડ, શ્રી ડાકોરના ઠાકોર;
ધન્ય ભક્ત ચિત્ત ચોર, કીધા ભક્તનેએ ચોર. ખમા૦
દેશની દાઝ ધરી, વેશ વિશેષ કરી;
વસો ગામો ગામે ધામો ધામે, **અનુ** ઠરી ઠોર. ખમા૦

૨૫૭. રાગ ઉપરનો.

કેવા મોટા જગરાય, કેવા છોટા થઇ જાય; સ્વજનનેરે. કેવા૦
મ્હારા કહે શું વળે, સાચો ભાવજ ફળે,
અનુ વળે તેનો હોડો, જો એનેજ ચિત્ત ચ્હાય. કેવા૦

૨૫૮. પદ. વિશ્વનાથ તું વિના-એ લય.

વાલથી તોલાણા, સવા વાલથી તોલાણારે;
નિજ જન રખવાળ, સવા વાલથી તોલાણારે. વાલથી૦
વાળી તો નામ માત્ર, વ્હાલીની મૂળ વાત;
વ્હાલીની વાળી નહિ, વ્હાલથી વેચાણારે. વાલથી૦

૨૫૯. રાગ ઉપરનો.

વ્હાલાઓના વાલી કરો સાચી રખવાળીરે;
તરવા તારવા જગતાતે તક આલીરે. વ્હાલાં૦
સંગતિથી સન્મતિ કરાવી, પતિ વરાવી પ્રેમેરે;
ક્ષેમે ભવ તારી ઉતરાવી સંગે સદા સુખે પછી વસો
પ્રેમ પાળીરે. વ્હાલાં૦

૨૬૦. પદ. "દિનના દયાળ છોડી કોન શરણ જાવું." એ લય.

સાવધ રહી હરિગુણ ગણ ગાઓ પ્રેમ ધારી નરનારી,
ઉચરો કાં શ્રવણ કરો નિશદિન ભારી, તમે હરિ૦
એ સમ ન અવર ઉપાય, પકડો એ શ્રીવર પાય;
અનુ થવાય ન્યાલ એથી ઉતરી ભવ પારી. તમે હરિ૦

૨૬૧. પદ. "મોરી કર પકરત ગઇ" એ લય.

કરો હરિવ્રત કિરતન દિન વળશે,
મળ ટળશે, શુચી ભાવ નિકળશે;
ફળશે સુકૃતિ અનુ અંતે હરિ મળશે. કરો૦
(અંતે અનુપતિ હરિપદ મળશે.)

૨૬૨. પદ. "હે દેવા" એ લય.

હે સજનો! ગોવિંદના ગુણ ગાઓ, થાઓ સહુને સુખકારીરે. ટેક૦
દુષ્ટ દુષ્ટતા ન મૂકે, સાધુ સાધુતા ન ચૂકે;
અનુપતિથી છે કદર થનારી, થાઓ સહુને સુખકારી.

૨૬૩. રાગ ઉપરનો.

હે પ્યારા પરમેશ્વરને પરખી, પરમ પ્રેમે પડો પાદેરે; પ્યારા૦
પરંપરા પડયો પ્રથા પાળે, પંડીત પ્રમદા પેખ્યો પ્રિયતમ પ્રભુના પ્રસાદે.

૨૬૪ રાગ ગરબી. "હરિ તોસે બોલે મેરી બાલા" એ લય.

સેવ્યા જેવા છે દેવાધીદેવજ શ્રીરામ,
જીવ જાત માત્રના વિરામ. સેવ્યા૦
સંત પ્રભાવે, નિર્મળ ભાવે,
આવે ચાલીને ગુણગ્રામ. સેવ્યા૦

૨૬૫. પદ. "મન કર્મ વાણી" એ લય.

જાણે મન માનું એ માલીકને માનું રે,
માલીકને હું માનું-મ્હારી કને હુ માનું રે. જાણે૦
માન તજી માનતે તજીને, માન દઇ અનંતપતિ પ્રમાણુરે. જાણે૦

૨૬૬. પદ. "સ્તવન શુભ તારૂં કરૂં રે" એ લય

સજનો! શીર ધણી છે દીલ ધારો, ભાવે નિશદિન સંભારોરે,
અચિત ચિતમાં વાસી, વિભુ ઇશ અવિનાશી;
મંન સુખરાશી "આનંદ" અમારો. ભાવે૦

૨૬૭. પદ "માથાના મુગટ" એ લય.

હરિ ન વિસારે તેને હરિ ન વિસારે રે.
હરીને વિપત્તિ પતિ સારા અર્થ સારે રે. હરિ૦
પરમ પ્રભાવ સ્વભાવ શુચિ સુખદ,
અનંત ઓળખી એનોરે,
ભજવા મન બીજે ન જવા દઇ,
સુજ્ઞ સમજે છે એ છે સારે આ સંસારે રે. હરી૦

૨૬૮. પદ. "અચરા પકર" એ લય.

અહંકાર મમકાર કહાડો, પદે ભેટાડો,
સ્વસેવામાં લગાડોરે, વળે તોજ દહાડો. અહંકાર૦
અનુ મુળથી આડો, ન જુવે વાડ કે ખાડો;
ઝટ શ્રીરામ સ્વામી, સુમારગે ગાડું પાડો. અહંકાર૦

૨૬૯. પદ. "બતાદે સખી" એ લય

ધર્મી થઇ ધણીને ભાવે ભજી લ્યો ભાઇ,
કુડી કરો કા કમાઇ ધર્મી૦
ઘણા ધર્મીની વ્હાર કરે છે, અંતે અધર્મીની હાર કરે છે;
જાને જગતમાં જણાઇ. ધર્મી૦

૨૭૦. રાગ ઉપરનો

અઘહર મંગળકર શ્રીવરનો સંબંધ, જ્ઞાનાનંદ અનંત;
અન્ય સંબંધ બંધ થનારા, **અનુ** એ વિણુ દુઃખ દ્વંદ. અઘ૦

૨૭૧. **ભૈરવી.**

કુકામ પરહરિ ભજી લ્યો શ્રી હરિ,
તરલોજ તેહ, નવ ભુલો ફરી ફરી. ભજી લ્યો૦

અનંત પ્રેમે વિધિથી વરી,
ગુણ ગાઇ રોજ અઘ ઘો સંહરી. ભજી લ્યો૦

૧૭૨. ભૈરવી.

સજન નિત્ય લ્યો નારાયણ નામ, રાખો એથીજ કામ. સજન૦
અનંત સ્વામી, પૂરણ કામી, પદ પંકજમા પ્રણામ. સજન૦

૧૭૩. ભૈરવી.

છે સહુના હરિ, જુવે નહિં નાતિ જાતિ રે. છે સહુના૦
અનુ ભજે ભાવે, તેજ ખરે ફાવે;
અંતે ઠરાવે સ્વજ્ઞાતિરે. છે સહુના૦

૨૭૪. अंतिम् शुभेच्छा.

પદ. ધ્રુપદ.

શાંતિઃ શાંતિઃ ॐ શાંતિઃ
પ્રકટો સર્વમાં સ્વરૂપ કાંતિ, ભાગો સ્થાણુ પુરૂષ ભ્રાંતિ;—શાંતિઃ૦

સર્વ તણું લક્ષ્ય સ્થાન, શિરોમણિ આત્મ જ્ઞાન;
કરવા પાન, વળજો ધ્યાન; —શાંતિઃ૦

સ્વરૂપ ધ્યાનને, દિવ્ય જ્ઞાનને; સદ્ય પામજો, ક્લેશ વામજો.
સર્વ તણા અંતરમા, પ્રભુ વિરાજજો,
અંતર શુભેચ્છા તિમની સફળ થજો. —શાંતિઃ૦

૨૭૫. થાળ.

આવો આવોને દીન દયાળ, દુખડાં હરવાને;
મેં પ્રેમે પીરસ્યો થાળ, ભોજન કરવાને.
તમે જગત જીવાડણ નાથ, હેત ધરી આવો;
હું દુર્બળ જોડું હાથ, મુજ મન એ લ્હાવો.
તમે ભક્ત તણી સંભાળ, લીધો હું જાણું રે;
છો રંક તણા પ્રતિપાળ, હું શું વખાણું રે.
તમે ભીલ્લણકેરાં બોર, હરિ હેતે લીધા;
ઋષિકેરા ઉત્તમ અન્ન, અંગીકૃત નહિ કીધા;
સુદામા તણા તાંદુળ, અમૃત સમ ગણીયા;
તેને રિદ્ધ સિદ્ધ દીધી અનેક, કંચને ઘર ચણીયાં.
પ્રભુ વિદુરજીને ઘેર, જમી આવ્યા ભાજી;
દુર્યોધનનાં મિષ્ટાન્ન, હરિ દીધાં ત્યાગી.
વળી કરમાબાઇનો ખીચ, જાણું તમે જમીયા;
સબળ પર નહિ ચિત્ત, નિજ જન મન ગમીયા.
એવાં જોઇ અતિ દ્રષ્ટાંત, મુજ મન રાચ્યું છું;
હું દુર્બળ કેરૂં અન્ન, લીજો એ યાચ્યું છું.
આ તો સૂક્ષ્મ છે રે પ્રસાદ, નહિ પડશે ભારી;
પૂરો નિજ જન કેરી આશ, સુણી વિનતિ મારી.
જળ પાત્ર ધર્યું છે પાસ, પાન કરો પ્રીતે;
વળી તાંબુલનો મુખવાસ, મેલ્યો જગ રીતે.
પ્રભુ પ્રીતે કરૂં સાષ્ટાંગ, મન માની લેજો;
નરસિંહ જાણી નિજ અંગ, દાન દયા દેજો. આવો૦

૨૭૬. श्री सद्गुरुनी आरति.

જય સદ્ગુરૂવર પાવન, જય કરૂણાસિન્ધો,
સ્વામિન્ જય કરૂણાસિન્ધો.
જય ભવભીતિ વિનાશન, (૨) શરણાગત બન્ધો,
ૐ જય દેવ જય ગુરૂદેવ.

વન્દે પરમાનન્દં શાશ્વતમાનન્દં, સ્વામિન્ શાશ્વત૦
નિર્ગુણ પૂર્ણાનન્દં, (૨) સચ્ચિત્સુખકન્દં. ૐ જય દેવ૦

બ્રહ્માદિસેવ્યં સુપં સર્વાત્મા રૂપં, સ્વામિન્ સર્વાત્મા૦
ગુણાતીતસ્વરૂપં, (૨) જ્ઞાનઘનં ભૂપં. ૐ જય દેવ૦

દુસ્તરમાયાતીતં નિત્યં શં શીતં, સ્વામિન્ નિત્યં૦
કાયાદિશત્રુભીતં, (૨) ચેન્દ્રિયગણજીતં. ૐ જય દેવ૦

ભવસિન્ધુકર્ણધારં, નિગમાગમસારં, સ્વામિન્ નિગમા૦
ચિદાનન્દસ્ત્વપારં, (૨) વરદં ભવતારં. ૐ જય દેવ૦

સ્તવનં ભક્ત્યા સારં, પઠતિ તુ સંસારં, સ્વામિન્ પઠતિ૦
સહન્તિ લભતેઽપારં, (૨) મોક્ષપદં સારં. ૐ જય દેવ૦

૨૭૭. श्री रामचंद्रजीनी आरति.

જય દેવ જય દેવ જાનકીના સ્વામિ, જય જાનકીના સ્વામિ;
કૃપાળુ પૂરણ કામી (૨) પ્રણમુ શીર નામી. જય દેવ જય દેવ.
નખ શીખ નીરખું નાથ, ઉમંગ ઉર આણી (૨)
આત્મા ચર્ણે અરપું (૨) જીવ-જીવન જાણી જય દેવ જય દેવ.
ઉભરે ઉરમાં પ્રેમ, શું મુખથી વરણું (૨)
જગમાં સદૈવ તમને (૨) સરવસ નાથ ગણું. જય દેવ જય દેવ.
શું અરપું પ્રભુ ભેટ, છે સઘળું ત્હારૂં (૨)
તુજ લાયક ત્રીભૂવનમાં (૨) કશુંએ નવ ધારૂં. જય દેવ જય દેવ.
સ્વતઃ સુખી સંપૂર્ણ, શું હું સેવ કરૂં (૧)
વેદ શેષ થાકે ત્યા (૨) શું હું સ્તુતિ ઉચરૂં. જય દેવ જય દેવ.
કયાં વિભૂ તું જગરાજ, કયાં હું રંક અણું (૨)
અંજલીમાં આન્તુ હું, મ્હારૂં સરવ ગણું જય દેવ જય દેવ.

૨૭૮. યોગીયોની આરતિ.

ૐ જય આનંદ મૂર્તિ, પ્રભુ જય આનંદ મૂર્તિ;
ૐ જય દેવ જય ગુરૂ દેવ!
ૐ સત્ય ધર્મ પ્રમાણે, અનુભવની આરતિ. ૐ જય દેવ જય ગુરૂ દેવ૦

ૐ જય નિર્ગુણ રાયા, પ્રભુ જય નિર્ગુણ રાયા;
ૐ આરતિ કીજે અવિનાશીની, વ્યાપત નહીં માયા. ૐ જય૦

ૐ કાયા કંચન થાળ, જીસપર પાંચ પચીસ બાતી; ૨) પ્રભુ૦
ૐ આત્મારામની જ્યોતો, (૨) વિણ તિલે બાતી. ૐ જય૦

ૐ ઘટમાં ઘંટા અનહદ વાગે, અનહદના' એવા; (૨) પ્રભુ૦
ૐ સત્ય ધર્મ ગુરૂદ્વારે જાતા, (૨) સમજીને લેવા. ૐ જય૦

ૐ એકવીસ હજાર છસો રટણા, ઘો મનને કુંચી; (૨) પ્રભુ૦
ૐ એ ઘર તો કોઇ વિરલા જાણે,'૨)પરિબ્રહ્મ આરતિ. ૐ જય૦

ૐ અષ્ટ પહોરે પ્રવીણ રહીને; બે પહોરે મ ણે; (૨) પ્રભુ૦
ૐ સત્ય ગુરૂનો ગ કરે તે, જાક્ષમ ગુરૂ જાણે. ૐ જય૦

ૐ તિલકી ઓથે માંહી તમાસા, એ સંતે જાણ્યા; (૨) પ્રભુ૦
ૐ બ્રહ્મનિષ્ઠ સદ્ગુરૂ પ્રતાપે, (૨) અમરાપુર માણ્યા. ૐ જય૦

२७९. श्री गुरुदत्तनी आरति.

આરતિ દત્તાત્રય પ્રભુચી, કરાવી સદ્ભાવેં સાંચી. ટેક૦
શ્રીપદ કમળા લાજવિતી, વર્તુલ ગુલ્ફ રમ્ય દિસતી,
કટી સ્થિત કૌપિન તી વરની, છાટી અરૂણોદય વરિતી;
વર્ણું કાય તિચી લીલા, હીચ પ્રસવલી, મિષ્ટ અન્ન બહુ,
તુષ્ટચિ ઝાલે, બ્રહ્મક્ષત્ર આણિ વૈશ્ય શૂદ્રહી,
સેવુનિયાં જીચી. કરાવી૦

ગુરૂવર સુંદર જગ-જેઠી, જયાચે બ્રહ્માડેં પોટીં,
માળા અવલંબિત કંઠીં બિંબફળ રમ્યવર્ણ ઓઠીં,
અહાતી કુંદર દન શોભા, દંડ કમંડલુ, શંખ ચક્ર કરીં,
ગદા પદ્મ ધરિ, જટા મુકુટ પરિ, શોભતસે જયાચી. કરાવી૦

રૂચિર સૌમ્ય યુગ્મદૃષ્ટિ, જીનેં દ્વિજ તારિયલા કુષ્ટી;
દરિદ્રેં બ્રાહ્મણુ બહુ કષ્ટી, કેલા તિનેંચ સંતુષ્ટી,
દયાળા કિતી મ્હણુનિ વર્ણૂં, વંધ્યા વૃદ્ધા, તિચી સુશ્રદ્ધા,
પાહુનિ વિબુધચિ, પુત્રરત્ન જીસ, દેઊનિયાં સતિચી,
ઇચ્છા પુરવિલી મનિંચી. આરતિ૦

તલ્લિન હોઊનિ ગુરૂચરણીં, જોડુનિ ભક્તરાજ પાણી,
માગે હેંચિ જનક જનની, અંતીં ઠાવ દેઇં ચરણીં,
નકો મજ દુજેં અણિક કાહીં, ભક્તવત્સલા, દીન દયાળા,
પરમ કૃપાળા, શ્રીપદકમળા, દાસ નિત્ય યાચી,
અપેક્ષા કરૂં નકો સાચી. આરતિ૦

२८०. षट्चक्रमां श्री गुरुदत्तनी–आरती

मूलाधारे वारिजपत्रे सुचतुष्के, वंशंषंसं वर्णं विशाले सुविशाले;
रक्तं वर्णं श्रीगणनाथं भगवंतं, दत्तात्रेयं श्रीगुरुमूर्ति प्रणतोऽस्मि.
स्वाधिष्ठाने षड्दलपत्रे सतु लिंगे, बाला तावद्वर्णं विशालेसुविशाले;
पीतं वर्णं वाक्पतिरुपं द्रुहिणं तं, दत्तात्रेयं श्रीगुरुमुर्ति प्रणतोऽस्मि.
नाभौ पद्मे पत्रदशांके डफवर्णे, लक्ष्मीकांतं गरुडारुढं नरवीरं;
नीलं वर्णं निर्गुणरुपं निगमां तं, दत्तात्रेयं श्रीगुरुमुर्ति प्रणतोऽस्मि.
हृत्पद्मांते द्वादशपत्रे कठवर्णे, साम्बं शैवं हंसविशेषं शमयंतं;
सर्गस्थित्यं तं कुर्वं तं शिवशक्ति, दत्तात्रेयं श्रीगुरुमुर्ति प्रणतोऽस्मि.
कंठस्थाने चक्रविशुद्धे कमालाते, चन्द्राकारे षोडषपत्रे स्वरवर्णं;
मायाधीशं बीजशिवं तं निजरुपं, दत्तात्रेयं श्रीगुरुमूर्ति प्रणतोऽस्मि.
आज्ञा चक्रे भ्रकुटीस्थाने द्विदलांते हंसं बीजं ज्ञानसमुद्रं गुरुमूर्ति;
विद्युद्वर्णं ज्ञानमयं तं जटिलाख्यं, दत्तात्रेयं श्रीगुरुमूर्ति प्रणतोऽस्मि.
मूर्ध्निस्थाने वारिजपत्रे शशिबीजे, शुभ्रं वर्णं पद्मसहस्रं सुविशालं;
हं बीजाख्यं वर्णसहस्रं तुरियांतं, दत्तात्रेयं श्रीगुरुमूर्ति प्रणतोऽस्मि.
ब्रह्मानंदं ब्रह्ममुकुंदं भगवंतं, ब्रह्मज्ञानं सत्यमनंतं भवरुपं;
पूर्णं चिद्घन पंचमखंडं शिवरुपं, दत्तात्रेयं श्रीगुरुमूर्ति प्रणतोऽस्मि;
शांताकारं शेषशयानं सुरवंद्यं, कांतानाथं कोमलगात्रं कमलाक्षं;
चिंतारत्नं चिद्घनपूर्णं द्विजराजं, दत्तात्रेयं श्रीगुरुमूर्ति प्रणतोऽस्मि.

૨૮૧. प्रेमनी आरति.

જય પ્રેમ! જય પ્રેમ! જય જય ૐકારા, (હરિ) જય જય ૐકારા
રૂપ ગુણુ નામથી ન્યારા, ૐ રૂપ ગુણુ નામથી ન્યારા;
રૂપ અપરંપારા, ૐ જય પ્રેમ જય પ્રેમ.

શૂન્ય શિખર પર 'ઓર' અલખ તખત સોહમ્ (૨) ૐ
અદ્ધર બંસી બજાવે, અદ્દ્ભુત પ્રેમ સ્વયમ્. ૐ જય પ્રેમ૦

બ્રહ્મ અવ્યાકૃત આપ, સ્થિર રહીને રેલ્યું; (૨) ૐ
ઉત્પતિ સ્થિતિ લયનું, (૨) માયા રૂપ ખેલ્યું. ૐ જય પ્રેમ૦

પ્રકટ્યું બ્રહ્મ અનંગ, રગ રગમા ઉભર્યું; (૨) ૐ
સચરાચર સોરંગી, (૨) વસ્તુ સ્વતઃ વિલસ્યું ૐ જય પ્રેમ૦

બાવનથી રહી બહાર, બાવનમાં નાચ્યું; (૨) ૐ
જીવ રૂપે થઇ સાગર, (૨) પોતાને ગાયુ ૐ જય પ્રેમ૦

૨૮૨. प्रितमनी आरति.

આનંદ મંગળ કરૂં આરતી, હરી ગુરૂ સંતની સેવા,
પ્રેમ કરી મંદીર પધરાવું, સુંદીર સુખડાં લેવા આનંદ.
ત્રીભોવન પાવન ભકત ઉધારણ, મુગત અકળ અભેવા,
શીવ સનકાદીક સૂરપતી બ્રહ્મા, ઇચ્છે પદરજ લેવા. આનંદ.
રત્ન કુંભવત્ બાહર ભિતર, અકળ અરૂપી એવા,
સકળ તીરથ સંતોને ચરણે, ગંગા જમુનાં રેવા. આનંદ.
ધ્રુવ અંબરીશ પ્રહલાદ વિભીષણુ, અનંત ભકત છે એવા,
કહે પ્રિતમ ઓળખો એંધાણી, હરીજન હરીના જેવા. આનંદ.

२८३. द्वादश लिंगनी आरति.

પ્રથમ સમરૂં સોરઠી સોમનાથ, નિત્ય દરશન કીજે; શિવ (૨)
બીજા શિવ રામેશ્વર, (૨) મલ્લિકાર્જુન રાચે. ૐ હર હર હર મહાદેવ.

ત્રીજા શિવ કેદાર, ગંગોદક ગાજે, શિવ ગંગોદક ગાજે;
ચોથા શિવ મહાંકાળ, (૨) ઉજ્જેણી વાશી. ૐ હર હર હર૦

પંચમ પૂર્વે દેશ વૈજનાથ ઝાડખંડી, શિવ વૈજનાથ ઝાડખંડી;
છઠ્ઠા શિવ નાગેશ્વર, (૨) ધ્યાન ધરે દંડી. ૐ હર હર હર૦

સપ્તમ્ દીનદયાળ, વિશ્વેશ્વર કાશી, શિવ વિશ્વેશ્વર કાશી;
અષ્ટમ્ શિવ ૐકાર, (૨) રેવા તટવાશી. ૐ હર હર હર૦

નવમા ભીમશંકર ભક્તિ અચળ ભાવે, શિવ ભક્તિ અચળ ભાવે;
દશમા શિવ રામેશ્વર, (૨) શ્વેતબિંદુ કહાવે. ૐ હર હર હર૦

ગુષ્ણેશ્વર ગુણગ્રામા એકાદશ જ્યોતિ, શિવ એકાદશ જ્યોતિ;
દ્વાદશ ત્ર્યંબકનાથં, (૨) ગુરૂ સુખ લ્યો શોધી. ૐ હર હર હર૦

આરતિ દ્વાદશલિંગં જે કોઇ ગાશે, શિવ જે ભાવે ગાશે;
ભણે **શિવાનંદ** સ્વામિ, (૨) સુખ સંપત થાશે, કૈલાશે જાશે. ૐહર૦

२८४. सद्गुरुनुं निराजन.

જય સદ્ગુરૂ સ્વામિ, જય સદ્ગુરૂ સ્વામિ.
ઘટ ઘટ પૂરણ પોતે, (૨) સર્વાંતર્યામિ. જય સદ્ગુરૂ સ્વામિ૦
દયાસિંધુ સુખરૂપ, અનહદ ઉપકારી; (૨) ગુરૂ૦
શું ઉપમા હું અરપું, (૨) જાય મતિ હારી. જય૦

જન્મમરણુ જલ પૂરણ, સુખ દુખ મચ્છ રહ્યા; (૨) ગુરૂ૦
એવા ભવથી તાર્યો, (૨) ગુણ નવ જાય કહ્યા. જય૦
હવે થયો કૃતકૃત્ય, નિમગ્ન આત્મપદે; (૨) ગુરૂ૦
સ્વપ્ન તુલ્ય જગ જાણું, (૨) બ્રહ્માનંદ મળે. જય૦
વેદ ગુરૂ ઇશ્વર, ને પુનઃ પુનઃ પ્રણમું; (૨) ગુરૂ૦
આયુ લગી અનુચર થઇ, (૨) તવ ચરણે વિરમું. જય૦
એ કરવું છે શકય, અન્ય અશકય ખરૂં; (૨) ગુરૂ૦
આત્મજ્ઞાન તુલ્યે શું, (૨) પ્રત્યુપકાર કરૂં. જય૦
સમજી રહુંછું શાંત, આપ કૃપા બલથી, (૨) ગુરૂ૦
ડોસાને ઉગાર્યો, (૨) તાર્યો ભવ જલથી. જય૦

૨૮૫. श्री कृष्णनी आरति.

ઉતારો આરતિ શ્રી કૃષ્ણ ઘેર આવ્યા;
માતા યસોદા કુંવર કાંન ઘેર આવ્યા;
ઝીણે ઝીણે ચોખલીયે ને મોતીડે વધાવ્યારે. ઉતારો.

૨૮૬.

कर्पूर गौरं करुणावतारं संसारसारं भुजगेन्द्रहारं ।
सदा वसंतं हृदयारविंदे भवं भवानी सहितं नमामि ॥
मंगलं भगवान् विष्णुर्मंगलं गरुडध्वजः ।
मंगलं पुंडरीकाक्षो मंगलाय तनो हरिः ॥
सर्व मङ्गल माङ्गल्ये शिवे सर्वार्थ साधिके ।
शरण्ये त्र्यंबके गौरि नारायणि नमोस्तुते ॥

२८७. श्री रामचंद्रजीनी ध्यानसह स्तुति.

राग–हमीर–तेवरा.

श्री रामचंद्र कृपालु भज मन हरण भवभय दारुणं;
नव कंज लोचन कंज मुख कर कंज पद कंजारुणं.
कंदर्प अगणित अमित छबि नवनील नीरद सुन्दरं;
पटपीत मानहु तडित रुचि शुचि नौमि जनकसुतावरं.
शिर किरिट कुन्डल तिलक चारु उदार अंग विभूषणं;
आजानुभुज शरचापधर संग्रामजीत खर दूषणं.
भज दीनबंधु दिनेश दानव दलन दुष्ट निकंदनं;
रघुनंद आनंदकंद कोसलचंद दशरथ नंदनं.
इति वदति तुलसीदास शंकर शेष मुनि मन रंजनं;
मम हृदयकंज निवास कुरु कामादि खल दल गंजनं.

२८८.

ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्ति ।
द्वंद्वातीतं गगनसदृशं तत्त्वमस्यादि लक्ष्यम् ॥
एकं नित्यं विमलमचलं सर्वधी साक्षिभूतं ।
भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ॥

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरूर्देवो महेश्वरः ।
गुरुरेव परं ब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥
ध्यानमूलं गुरोर्मूर्तिः पूजामूलं गुरोः पदं ।
मंत्रमूलं गुरोर्वाक्यं मोक्षमूलं गुरोःकृपा ॥
अज्ञानतिमिरान्धस्य ज्ञानाजनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥
असितगिरि समं स्यात् कज्जलं सिंधुपात्रे ॥
सुर तरुवर शाखा लेखनी पत्र मुर्वी ॥
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं ।
तदपि तव गुणानामीश पारं न याति ॥

त्वमेव माता च पिता त्वमेव त्वमेव बंधुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्व मम देव देव ॥

कायेन वाचा मनसेंद्रियैर्वा बुद्ध्यात्मनावा प्रकृतेःस्वभावात् ।
करोमि यद्यत् सकलं परस्मै नारायणायेति समर्पयामि ॥

कर चरणकृतं वाक्कायजं कर्मजं वा श्रवण नयनजं वा मानसं वा पराधं ।
विहितमविहितं वा सर्वमेतत्क्षमस्व जयजय करुणाब्धे श्रीमहादेव शंभो ॥

अच्युतं केशवं रामनारायणं कृष्ण दामोदरं वासुदेवं हरिं ।
श्रीधरं माधवं गोपिका वल्लभं जानकी नायकं रामचंद्रं भजे ॥

अच्युतं शाश्वतं निष्प्रपंचात्मकं । निर्गुणं निष्कलं निर्मलं व्यापकम् ॥
निष्क्रियं सच्चिदानन्दरूपोऽस्म्यहं । चाद्वयं केवलं शुद्धदेवं भजे ॥

हरे राम हरे राम, राम राम हरे हरे ।
हरे कृष्ण हरे कृष्ण, कृष्ण कृष्ण हरे हरे ॥

ॐ शांतिः शांतिः शांतिः

श्री सद्गुरुदेवकी जय. हर हर महादेव.

વિષય અનુક્રમણિકાઃ—

(સૂચના-જ્યાં ભજન નંબર નથી અગર બેવડાયા છે, તેને માટે પાન નંબર, ભજન નંબરની નીચે લખ્યો છે, જેમ કે ૧૦/૨૫-૪૦/૪૪ વિગેરે.)

હીતનાં વચનો.

૧ કહેલું હીત જે સાભળતો નથી તેને બેહેરા સરખો જાણવો.

૨ જે ક્રોધને સ્વાધીન થાય છે તેને આંધળા સરખો જાણવો.

૩ જે સારુ બોલી જાણતો નથી તેને મુગા સરખો જાણવો.

૪ જે સારૂ માઠું સમજતો નથી તેને પશુ સરખો જાણવો.

૫ જેને હાથે પરોપકાર ઘણા થાય છે, તેને મોટો જાણવો

૬ જુવાની ધનને આયુષ્યના ભરોસે જે રહેતો નથી, તેને સાવધ જાણવો

૭ જે સંકટથી બીહીતો નથી, તેને ધીરજવાન જાણવો.

૮ જેનું મન સ્થિર તે સુખિ

૯ કોઇ આપણી સ્તુતિ કરે તે ઉપર ભુલવું નહી. કેમકે પોતાના કામ સારૂ લોક જુઠું બોલે છે.

૧૦ આપણી પાછલ કોઇ આપણી નિંદા કરે તે સાંભળીને લડવા જવું નહીં. પીઠ પાછળ હલકા લોક માઠું બોલે છે.

૧૧ કોઇ ગરીબને જોઇને તેનો અનાદર કરવો નહી કેમકે કદાચિત કોઇ વેળા આપણી પણ એવી દશા થશે.

૧૨ કોઇ સાથે વેર બાધવું નહી

૧૩ આપણી પાસે કંઇ હોય તો કોઇક કરવા સરે આવે.

૧૪ સારા લોકની શિખામણ કડવી લાગે પણ તે હિતકારક હોય છે

૧૫ આપણી છાની વાત ઘણું કરીને કોઇનો વિશ્વાસ રાખીને કહેવી નહિ

૧૬ આપણી પેદાશ ને ખર્ચ માંડતાં રહેવુ, તેને કરીને માણસ સાવધ રહે.

૧૭ વહેવારની વાતે શરમ રાખવી નહીં.

૧૮ જુગતીની વાત નાના પાસેથી પણ લેવી.

૧૯ ઘરમેળે કજીયા પતે ત્યાં સુધી સરકાર જવાની વાતમાં પડવું નહિ

૨૦ મુએલા માણસનું સર્વથા ભુંડુ બોલવુ નહિં.

૨૧ કોઇની છાની વાત ઉઘાડી કરવી નહિં.

૨૨ મેવો મીઠાઇ ખાવાની જીભને ટેવ પાડવી નહિં.

૨૩ બીજાનો કજીયો વચાતો લેવો નહિં.

૨૪ એક કામ પુરૂ થયા પછી બીજા કામમાં હાથ ઘાલવો.